# કિશોરકથાઓ

પ્રથમ ખંડ

ગિજુભાઈ

બુદ્ધિવર્ધક પુસ્તકાલય
વિઠ્ઠલભાઈ પટેલ રસ્તો, મુંબઈ ૪.

શ્રી ફાર્બસ ગુજરાતી સભા
મુંબઈ ૪.

આર. આર. શેઠની કંપની
પ્રિન્સેસ સ્ટ્રીટ : મુંબઈ

આ કિંમત રદ કરી છે.

જાન્યુ૦ છ આના ૧૯૪૧

આર. આર. શેઠની કં.

પ્રકાશક :
ભુરાલાલ ર. શેઠ
આર. આર. શેઠની કં.
પ્રિન્સેસ સ્ટ્રીટ : મુંબઈ : ૨

બીજી આવૃત્તિ : તૃતીય મુદ્રણ
૨૧૦૦ નકલ : : જાન્યુ૦ ૧૯૩૬
બીજી આવૃત્તિ : ચતુર્થ મુદ્રણ
૨૨૫૦ નકલ : : જાન્યુ૦ ૧૯૪૧
કુલ નકલ ૯૫૫૦

મુદ્રક :
આનંદપ્રિય આ. પંડીત
લોકસેવા પ્રિન્ટીંગ પ્રેસ
દાંડિયા બજાર : વડોદરા
૧૫ : જાન્યુઆરી : ૧૯૪૧

પ્રિય કિશોરો !

વાર્તાઓ વાંચવી કોને નથી ગમતી ? તમને પણ વાર્તાઓ ગમે છે એ હું જાણું છું ને તેથી જ આ સંગ્રહ તમને આપું છું.

જો તમે કહેશો કે એ તમને બહુ ગમ્યો તો મારે બીજો સંગ્રહ આપવો જ એવી હું બોલી કરૂં છું.

ગિજુભાઈ.

૨૫।૩।૭૪
૨૨૯૯૧

# પ્રયોજન

[ બીજી આવૃત્તિ વખતે ]

આ વાર્તાઓ લખવાનો મૂળ હેતુ બાલમંદિરનાં બાળકોને વાર્તાનું વાચન આપવાનો હતો. જે બાલમંદિરનાં બાળકોને મળ્યું તે જ ગુજરાતનાં બધાં બાળકોને મળે એ વિચારથી આને પ્રગટ કરવાની જરૂર લાગી છે. બાળકોના હાથમાં આ વાર્તાઓ મુકાશે તો મારો પ્રયત્ન સફળ થશે.

આ વખતે કિશોરકથાઓને બે ભાગમાં વહેંચી છે; એટલે ગોઠવણમાં થોડોએક ફેરફાર દેખાશે. વળી થોડીએક નવી વાર્તાઓ ઉમેરેલી છે. આ સઘળી વાર્તાઓ મેં નવી બનાવેલી નથી, તેમ તે કેવળ ભાષાંતર પણ નથી. અંગ્રેજી ભાષામાં લખાયેલી વાર્તાઓ વાંચ્યા પછી એને જરાતરા વસ્તુની અને ખાસ કરીને રંગ પૂરવાની સારી એવી છૂટથી ગુજરાતીમાં મૂકી છે.

આ વાર્તાઓ કાઠિયાવાડી ઢબે લખાઈ છે. એની પાછળ પ્રાંતિક અસ્મિતા નથી પરંતુ ભાષાસમૃદ્ધિનો અભિલાષ છે એટલું જણાવવું બસ થશે.

ગિજુભાઈ.

## વાર્તાઓનો ક્રમ


શ્વાનમંદિર . . . . . . ૨

વણઝારા તળાવ . . . . . ૬

શીંગડાં . . . . . . . ૧૦

બુલબુલ અને કમળા . . . . ૨૦

બાર હાથનું નાક . . . . ૨૮

બે ચોર . . . . . . . ૩૮

જટો . . . . . . . ૫૨

નાગકુમાર . . . . . . ૬૨

સાગરની સુંદરી . . . . . ૭૦

તારિકા . . . . . . . ૭૭

દિવ્યપ્રભા . . . . . . ૮૬

પંડિત રાજા . . . . . . ૯૮

અંગારમણિ . . . . . . ૧૦૬

# કિશોરકથાઓ

પ્રથમ ખંડ

卐

# શ્વાનમંદિર

એક છે મંદિર. એનું નામ શ્વાનમંદિર. શ્વાન એમાં દેવ છે. શ્વાનની એમાં પૂજા થાય. શ્વાનની સૌ આરતી કરે. શ્વાનની તો માનતા થાય.

કોઈ કહેશે એવું તે હોય. ? દેવ ઈંદ્ર હોય, દેવ વરુણ હોય, દેવ માતા હોય, દેવ મેલડી હોય; ક્યાંઈ શ્વાન દેવ ભાળ્યા છે ?

પણ કેમ કરીએ ? શ્વાન દેવ સાચા દેવ. એની એક વાર્તા છે. વણજારાએ કહી છે. હું તમને કહું છું.

એક હતો વણજારો. એને એક કૂતરો. જીવ જેવો વહાલો. જ્યાં જાય ત્યાં સાથે જાય. ભાણામાં ભેળું ખાય: પથારીમાં સાથે સૂએ.

કુતરાના એવા ગુણ ! દિવસ આખો ઢોર હાંકે; રાત આખી ચોકી કરે. કૂતરો હોય ત્યાં એક ચકલું ય ન ફરકે.

વણજારાની પોઠ ચાલી. દેશપરદેશ ફરી વળ્યો. રળ્યું-ખપ્યું ઘેર મોકલ્યું.

વરસાદના દિવસો આવ્યા. વણજારો પાછો ફર્યો. એક કૂતરો અને એક વણજારો.

ધનમાલ આગળ ગયાં'તાં. વણજારાની ખરચી ખૂટી. એ કહેઃ "આ જગાસરમાં જાઉં ને કંઠી વેચું."

મારવાડી કહેઃ "તમારી કંઠી મેં ન લેવાય. મારે તમારે જૂનો નાતો. જે જોઇએ તે એમ ને એમ લઈ જાઓ. આ બધું તમારૂં જ છે ને ?"

વણજારો વટવાળો. એ કહેઃ "કાંઇ નહિ. આ એક કૂતરો રાખો. બાનામાં એ ભલે રહ્યો. પૈસા લાવે એની સાથે એને પાછો મોકલજો."

વણજારે રજા લીધી; કૂતરો એની પાસે આવ્યો. પીઠ થાબડી વણજારે કહેઃ "બેટા! સાચવીને રહેજે. જોજે, પાછો આવતો. મારૂં નાક ન કપાય."

કૂતરે ગેલ કર્યો.

વણજારાની આંખે આંસુઃ કૂતરાની આંખે પાણી. વહાલા કૂતરાથી છૂટા કેમ પડાય? વહાલા શેઠથી છૂટા કેમ પડાય?

પણ કાંઈ ચાલે છે?

વણજારો ગયો.

કૂતરો તો સૌને વહાલો. મારવાડીને ય વહાલો.

તે જ રાતે ચોર આવ્યા. દુકાન ભાંગી ને માલ ઉપાડ્યો. પણ કૂતરો કાંઈ જવા દે? ભસ્ ભસ્ ઘર જગાડ્યું, શેરી જગાડી, આખું ગામ જગાડ્યું. ચોર

નાસીને ક્યાં જાય ?

મારવાડી કહેઃ "સાબાશ, તને ને તારા શેઠને ! તેં મારૂં બહુ બચાવ્યું. જા, તને છૂટો કરૂં છું. શેઠનું દેવું માફ કરૂં છું. લે આ ચિઠ્ઠી; આપજે તારા શેઠને."

કૂતરો ચાલી નીકળ્યો. ગળે ચિઠ્ઠી બાંધી છે. એમાં એમ લખ્યું છેઃ "ધન્ય છે શેઠને ! ધન્ય છે કૂતરાને."

પોઠો પડી છે. ગાદીતકિયા નાખ્યા છે. વડો વણજારો બેઠો છે. કૂતરાને સંભારે છે. કાસદિયો મોકલે છે. કહે છેઃ "મારવાડીને ધન આપજે; કૂતરાને પાછો લાવજે."

ત્યાં તો કૂતરો દેખાયો. ગેલ કરતો કરતો આવે છે; પૂંછડી હલાવે છે; શ્વાસ સમાતો નથી; હરખનો તો પાર નથી.

વણજારે ચીસ પાડીઃ "નિમકહરામ કૂતરા ! તેં મારૂં નાક કપાવ્યું. તેં તારી જાત લજવી. એક દિવસ પણ ન રહી શક્યો ?"

પાસે એક લાકડું હતું. વણજારાનો ક્રોધ માય નહિ. એક જ ઘા ને કૂતરો હેઠે !

મોઢું ફાટ્યું રહ્યું, પગ તડફડ્યા; જીભ બહાર આવી. કૂતરાની આંખે આંસુ ટપક્યાં !

શેઠ કહેઃ "નિમકહરામ પ્રાણી ! નાલાયક દોસ્ત !"

કૂતરો ઢસરડાયો. શેઠને ખોળે પડ્યો. ગુસ્સો કરી શેઠ કહેઃ "દૂર ખસ, બેવફા !"

કૂતરાનો છેલ્લો પ્રાણ, છેલ્લી દૃષ્ટિ; રામરામ !

"પણ આ શું ? કૂતરાને ગળે આ શું ?"

ચિઠ્ઠી છોડી લીધી.

એમ વંચાય ? આંખમાં શ્રાવણ અને ભાદરવો રેલ્યો. વણજારો કહે: "હાય હાય, ભૂંડું થયું ! કૂતરા કૂતરા ! જવાબ દે. બોલ, એક વાર બોલ; એક જ વાર !"

પછી વણજારે મંદિર બાંધ્યું. કૂતરા જેવો કૂતરો કરાવ્યો. શિલાલેખમાં વાત લખી છે:

"નિમકહલાલ કૂતરો,
નિમકહરામ શેઠ."

# વણજારા તળાવ

એક છે તળાવ. એનું નામ વણજારા તળાવ.
એવું નામ કેમ હશે? વણજારે એને બાંધ્યું હશે? વણજારે એને ખોદ્યું હશે? વણજારો કોઈ મિસ્ત્રી હશે? વણજારો કોઈ રાજા હશે?

એની એક કથા છે. જીવનદાનની ને સ્વાર્પણની: મરી જઈને અમર થવાની.

અગર નામે ગામ છે. અગર એટલે મીઠું. ખારૂં ખારૂં ઊસ. આખી સીમ ખારી ખારી. ખેતર બધાં ખારાં ખારાં. બધે ખારો ખારો! પાણીનો દુકાળ. ભર ચોમસે ધૂળ ઊડે. શાપ દેનારો કહેઃ "અગરમાં અવતાર હોજો."

એક ફકીર આવ્યો. ખુદાનો એ પ્યારો છે; દયાળુ ને ભલો છે. લોકો કહેઃ "સાંઈ મહારાજ! એક દુઃખ મટાડો. પાણી વિના મરી જઈએ છીએ. ખુદા તમારૂં ભલું કરશે. તમે ખુદાના બંદા છો."

સાંઈ મહારાજ બંદગી કરે છે. ખુદાતાલાને પોકારે છેઃ પરવરદિગારને બોલાવે છેઃ "યા અલ્લા, યા રહીમ!

રહેમ કર; રહેમ કર!”

આકાશે એક ગેબી અવાજ થયો:

“ધરતી ભોગ માગે છે. એક દીકરાનો ને
એક દીકરીનો. કોડીલાં ને લાડકાં; માનાં
મોંઘાં ને બાપનાં વહાલાં; રૂપ અને ગુણમાં
બત્રીશલક્ષણાં: એક જુઓ ને એક ભૂલો.”

ગામ બધું હલક્યું છે. કોની હામ ચાલે કે દીકરો-દીકરી વધેરે? જીવનદાન કાંઈ સહેલાં છે? મરીને જીવતાં કોઈકને આવડે.

વાણિયણ કહે: “બાઈ! ખારૂં પાણી તો ખારૂં પાણી કાંઈ દીકરોદીકરી મળે?”

બ્રાહ્મણી કહે: “અરધાં તરસ્યાં મરશું તો ય શું? કાંઈ રતન જેવી દીકરી અપાય?”

કણબણ કહે: “બે ગાઉથી પાણી લાવીશ. દીકરા-દીકરી ક્યાં રેઢાં પડ્યાં છે?”

રાજા કહે: “મને કુંવર વહાલો.”

રાણી કહે: “મને કુંવરી વહાલી.”

રાંક કહે: “રાંકનાં તો ય રતન! ને દીકરા તો દેવ-ને ય દોહ્યલા.”

કોઈ કહે નહિ કે હું દીકરો આપું; કોઈ બોલે નહિ કે હું દીકરી આપું.

ફકીર તો ગયો. રોજ વાત ચાલે છે: “કોઈ દીકરા-

દીકરી આપે તો ગામને પાદર તળાવ થાય; અઢળક પાણી ભરાય. નહાવા થાય, ધોવા થાય, પાણીની બહોંતાળ થાય; લીલા ને લહેર થાય."

વણજારાની પોઠ પડી છે.

"પાણી પાણી!"

પણ પાણી ક્યાં?

"ભાઈ! ક્યાંઈ પાણી બતાવશો?"

"આ ગામ નપાણિયું. અહીં પાણી કેવાં?"

વાત બધી સાંભળી છે. દિલ એનું દાઝ્યું છે હૈયે હોળી સળગી છે. અરરર! આ ગામને આટલું દુઃખ? લાખ વાવ ગળાવી, લાખ કૂવા ગળાવ્યા. જ્યાં જાઉં ત્યાં વાવ ગળાવું, તળાવ ખોદાવું, કૂવા ખોદાવું, નવાણે નવાણે નીર લાવું. મારૂં નામ કલો વણજારો. આ ગામ પાણી વિનાનું રહે?"

દીકરોદીકરી નજરે આવ્યાં. બત્રીશલક્ષણાં તો આ જ શોભે ને? જેવાં માગ્યાં એવાં આપું: રૂડાં ને રૂપાળાં. એકનાં એકવીશ થશે. એની મારે શી ફિકર? ધણી જેવડો ધણી છે ને? લેશે ય એ, ને દેશે ય એ.

કુંવરકુંવરી શણગાર્યાં છે. કંકુવર્ણાં કર્યાં છે. ઢોલ-તાસાં વાગે છે ને સરણાઈ સૂર ગાજે છે. ગાજતે વાજતે ગયાં છે. ધરતી માતા પૂજી છે: "હે માતા! હે દેવી! પાતાળ પાણી કાઢજે. અમૃતજળ આપજે. લે આ દીકરો; લે આ દીકરી. તારાં જ છે ને તને જ આપું છું. સાચવજે

ને સંભાળજે."

પણ બાપ છે ને? આંખે આંસુ સરે છે; હાથપગ ધ્રૂજે છે; પણ છાતી કઠણ છે.

તેજી તલવાર અદ્ધર ચળકી: નીચે લોહીની નીક ચાલી. સાથે મીઠા જળની નીક વહેવા માંડી. અમૃતથી મીઠાં. મીઠાં તે કાંઈ મીઠાં!

"વાહવાહ, વાહવાહ! ક્લો વણજારો વાહ! ધન્ય એનાં માતપિતાને! ધન્ય એના કુળને! ધન્ય એની નાતજાત! ધન્ય છે, ધન્ય છે, ધન્ય છે!"

કાંઠે દેવળ છે. પથ્થરની બે મૂર્તિ છે. એક છે ભાઈની, એક છે બેનની.

લોકો કહે છે: "ભાઈબેન જીવે છે. ભાઈ ઘોડે ફરે છે; બેન દડે રમે છે."

નાનાં છોકરાં કહે છે: "ખરી વાત! ખરી વાત! અમારાં એ ભાઈબંધ છે."

# શીંગડાં

ચીનમાં એક શાહુકાર રહે. જેટલો ધનવાન એટલો ઉદાર. એને બારણે આવેલું કોઈ પાછું ન જાય. જેને જે જોઈએ તે મળે.

માગણનો પાર નહિ. એક જાય ને બીજો આવે. ઊગ્યાથી તે આથમ્યા સુધી શેઠ આપ્યા જ કરે. કોઈને શાલ, કોઈને દુશાલા; કોઈને ધન તો કોઈને ધાન્ય.

સૌ કહેતા જાય: "હે ભગવાન! આ શેઠનું ભલું કરજે."

શેઠની તો ભારે નામના નીકળી. રાજા સુધી એને માન. કચેરીમાં એને પાન. રાજા ને પ્રજા સહુનો માનીતો અને મોંઘો.

પણ બધા દિવસ કંઈ સરખા છે? દસકો મોળો ને દસકો સારો. શેઠને વેપારમાં ખોટ ગઈ. વાણોતરો ખાઈ ગયા. પરદેશમાં દેવાળાં નીકળ્યાં. શેઠ તો હાથેપગે થઈ રહ્યા. ઘરબાર, વાડીવજીફો, બાઈડીછોકરાં બધું ધનોત-

પનોત થઈ ગયું.

શેઠે વિચાર કર્યો: "કમોતે કાંઈ મરાય છે? આપઘાત કરું તો સાતે જન્મારા આવા ને આવા આવે. હિંદુસ્તાન જેવો દેશ છે. ચાલ ને ત્યાં જાઉં? બે હાથ વચ્ચે પેટ કંઈ ભૂખ્યું રહેશે?"

ભગવાનનું નામ લીધું; દેવનું પૂજન કર્યું. શેઠ તો વહાણે ચડ્યો.

દરિયે વહાણ ચાલી નીકળ્યાં. કોઈ લંકા જાય છે, કોઈ જાવે જાય છે, કોઈ હિંદુસ્તાન જાય છે. એમ બધા ભેગા થયા છે.

વહાણ ચાલ્યું જાય છે. દિવસ પછી રાત ને રાત પછી દિવસ વહ્યાં જાય છે. જમીન આજ દેખાશે, કાલ દેખાશે, એમ સૌ વાટ જુએ છે. પણ હજી તો મધદરિયો છે.

મધદરિયાનાં કાળાં પાણી. પહાડ પહાડ જેવડાં તો મોજાં. ઘડીક વહાણ ઊંચું જાય ને ઘડીક વળી નીચું જાય. "એ પડયું, એ ડૂબ્યા! એ ભગવાન, એ ખુદા, એ અલ્લા!"

મધરાત થઈ છે. વરસાદ કહે મારું કામ. ઝડઝપટ ને વાત્રીજળી. કોના ભાર છે કે સુકાન ઝાલ્યું રહે? ડોલકાઠી તૂટતૂટ: સઢનાં તો ચીંથરેચીંથરા. કોઈ કહે નહિ કે આમાંથી ઊગરાય.

ધડ કરતો ધડાકો. કોઈક આમ ઊડયા, કોઈક તેમ

ઊડ્યા; કોઈક વળી ડૂબી મૂઆ. વહાણના તો ચૂરેચૂરા. ખોળ્યો કટકો ય ન જડે ને ?

કાળી અંધારી રાત, ને કાળાં કાળા પાણી. એક લાકડાનો કટકો છે; આમ જાય છે ને તેમ જાય છે. શેઠની એ જીવાદોરી છે.

દિવસો ગયા ને રાતો ગઈ. ભૂખતરસ વેઠી વાણિયો તો તર્યે જાય છે.

સાતમો દિવસ ઊગે છે; સાતમો સૂરજ દેખાય છે. વાણિયાના જીવમાં જીવ છે. "હાશ, ઊગર્યા તો ખરા!" ધરતી માતાને પગે લાગ્યો; ભલા ભગવાનનો પાડ માન્યો.

પણ ભૂખ કહે મારૂં કામ. સાત દિવસના કડાકા! પાસે એક ગામડું હતું. ઘણી ભીખ માગી પણ કોઈ ચપટી લોટ આપે તો કે ?

વાણિયો તો કંટાળ્યો છે. ગામ બહાર ગયો છે. આંખે આંસુ પડે છે. "હે ભગવાન! ભૂખે મારવો'તો તો દરિયે જ મારવો'તો ને ?"

મહેલ મહેલાત યાદ આવ્યાં. બાયડીછોકરાં સાંભર્યાં. ક્યાં એ ખાનપાન ને ક્યાં આ સાત દિવસના ઉપવાસ? શેઠની આંખે આંસુ પડે પણ કોણ લૂછે ? પણ સૌનો બેલી મારો વા'લો છે ને ? વાણિયાની વા'રે લીધી છે. દેવ થઈને આવ્યા છે.

વાણિયાને માથે હાથ મૂક્યો: "માગ માગ, વાણિયા! જે માગે તે આપું. રાજ જોઈએ તો રાજ માગ ને પાટ

જોઈએ તો પાટ માગ. જે જોઈએ તે આપું."

વાણિયો કહેઃ "મહારાજ ! ભૂખ લાગી છે. પહેલાં ભૂખ મટાડો."

દેવે ડાબડો ઉડાડયો છે. ત્યાં તો ભાતભાતનાં ખાવાનાં! ગાંઠિયા, પેંડા ને જલેબીઃ બત્રીશ ભોજન ને તેત્રીશ શાક.

વાણિયે તો ધરાઈ ધરાઈને ખાધું. "હોઈયાં...."

દેવ કહેઃ "વાણિયા ! તારૂં પુણ્ય નાનું નથી. પ્રભુની એક પેઢી છે. સોનાનાં ત્યાં ચોપડા છે. એમાં તારૂં નામું છે. મોતીએ મોતીએ લખ્યું છે. સ્વર્ગ વેચાય પણ તારૂં દેવું ન અપાય, એવું તારૂં દાન છે."

દેવ તો પ્રસન્ન થયા છે. વાણિયાને કહે છેઃ "લે આ એક ટોપી; લે આ એક ધોકો; આ એક નાની ટોપલી ને આ એક ઝભો. ટોપી ઓઢવાથી કોઈ દેખશે નહિ; ધોકો તારૂં રક્ષણ કરશે; જે જોઈએ તે ટોપલી આપશે– હીરા, માણેક, મોતી; ઝભો પહેર ને ઊડ; જ્યાં જવું હોય ત્યાં જા."

દેવને વાણિયો પગે પડયો. દેવે માથે હાથ મૂકયો. દેવ તો ગયા.

વાણિયો કહેઃ "લાવ પેલા ગામડિયાઓને જરાક સમજણ તો પાડું ?" માથે ટોપી ઓઢી, ડિલે ઝભો પહેર્યો ને કહેઃ "જાજે ઓલ્યા ગામડામાં."

કોણ એને ભાળે ?

જમવાનો વખત થયો. વાણિયો તો ઘરમાં જાય ને થાળીમાંથી ખાવા માંડે. માથે ટોપી એટલે દેખાય ક્યાંથી ? પણ થાળીમાંથી તો રોટલા જાય ! કોઈ કહે: "ઘરમાં ભૂત છે." કોઈ કહે: "ઘરમાં પ્રેત છે." કોઈ કહે: "પિતૃ." કોઈ કહે: "માનતા કરો, બાધા રાખો; આખડી રાખો; આ તો દેવ કોપ્યા."

ઘરે ઘરે વાતો ચાલી. વાણિયે તો ગામ આખાને મૂંઝવ્યું. પછી ટોપી ઝભો કાઢી નાખ્યાં ને કહે: "એ તો હું છું. આ ટોપીઝભાના પ્રતાપ છે. ભલું થયું તે તમે મને ખાવાનું ન આપ્યું."

ગામ આખું પગે પડ્યું. વાણિયાની માફી માગી.

વાણિયે તો ઝભો પહેર્યો ને કહે: "ઊડજે, ચીન દેશમાં." પેઢી પાછી ચાલુ થઈ. એની એ મહેલાતો ને એના એ મહેલો. સવારથી સાંજ સુધી શેઠ દાન આપે છે; ખાય પીએ ને મજા કરે છે.

: ૨ :

શેઠને ચાર દીકરા છે. ભણેલા, ગણેલા, રૂપાળા ને ડાહ્યા. વર્ષો વીતી ગયાં છે. શેઠ મરવા સૂતા છે. ચારે દીકરાને બોલાવીને કહે: "લ્યો ભાઈ! આ વહેંચી લ્યો. આ મારું ધન ને આ મારો ખજાનો. દેવની આ પ્રસાદી છે. એક લે ટોપી, એક લે ઝભો, એક લે ઘોકો ને એક લે ટોપલી."

મોટાએ ઝબ્બો લીધો; બીજાએ ટોપી લીધી; ત્રીજાએ ધોકો લીધો ને ચોથો કહે: "આ ટોપલી મારે ઠીક છે."

ટોપલીમાંથી ધાર્યું ધન નીકળે. ધનના તો ઢગલા થયા. નાનો છોકરો ફાટયો ફરે. તે કહે: "આટલું મારે ધન; આટલા મારે હીરા, મોતી ને માણેક. એક શું, એક સાટે પાંચ ચીનનાં રાજ ખરીદું."

ચીનની કુંવરીને પરણવાનો મનસૂબો કર્યો. ટોપલી લઈને ચાલ્યો. હીરા, માણેક ને મોતી: કંઈ કંઈ રત્નો બાદશાને બતાવ્યાં.

બાદશાહ કહે: "દીકરી, દીકરી! આ હીરા જો, માણેક જો, મોતી જો. જે જોઇએ તે સુખેથી લે."

બાદશાહ તો કચેરીમાં ગયો. કુંવરી હીરા મૂલવે છે–એક એકથી ચડિયાતો: એક એકથી સુંદર.

કુંવરી કહે: "શેઠજી શેઠજી! મૂલ કરો."

નાનો શેઠ કહે: "રૂપ તમારાં એનાં મૂલ: ગુણ તમારા એનાં મૂલ. આ હીરા, આ માણેક, આ મોતી બધું તમારૂં જ છે ને? ઘરે આવો ને ઘર સુખી કરો."

કુંવરીને તો ઝાંઝ ચડી. "છે કોઈ ચાકર? છે કોઈ નોકર? મારો આ શેઠને, ને કાઢો મહેલ બહાર."

શેઠને તો માર્યો છે. ટોપલી લઈ લીધી છે.

નાનો શેઠ કહે: "હવે શું કરૂં? માર ખાધા ને ટોપલી યે ખોઈ."

ઘરે જઈને ભાઈઓને વાત કરી.

"લઈ જા આ ઝભ્ભો." મોટાએ કહ્યું.

વચલે એને ટોપી આપી; ત્રીજે એને ઘોડો આપ્યો.

ભાઈ તો ચાલ્યા. ધાર્યું લાવને ઝભ્ભો પહેરીને ઊડતો જ જાઉં સીધો કુંવરીના મહેલમાં! આ ઘોડો મારીશ કે ટોપલી કાઢી દેશે, ને કહેશે ચાલ તને પરણું.

ઊડતા ઊડતા મહેલે આવ્યા. પણ ભાઈએ એક ભૂલ કરેલી: ટોપી પહેરેલી નહિ. સિપાઈઓ જોઈ ગયા. કહે: "એ આવ્યો પેલો વાણિયો."

કુંવરી કહે: "લાવો એને પકડીને."

ટોપી ને ઝભ્ભો ને ઘોડો બધું ય ગયું. બે તમાચા આમ ખાધા, બે તમાચા તેમ ખાધા; ધકેલ્યા મહેલ બહાર.

નાનો શેઠ તો મુંઝાયો. વિચાર્યું: "ઘેર જાઉં તો ભાઈઓ વઢે. ગામમાં જાઉં તો લોકો હસે. ચાલ ને કોઈ જંગલમાં જાઉં ને મરી જ જાઉં!"

અઘોર જેવું જંગલ. જંગી મોટો વડ. શેઠ તો બેઠા: ખાવું ય હરામ ને પીવું ય હરામ. પણ એ કેટલા દિવસ ચાલે! ભાઈને તો ભૂખ લાગી. આંખ સામે કેળો દેખી. કેળે કેળે લૂમો દીઠી. દાઢ ડળકી ને મન ચળ્યું.

એક ખાધું, બે ખાધાં, ત્રણ ખાધાં. કેળાં કંઈ મીઠાં! પણ ત્યાં તો માથામાં કંઈક ચળ આવી. શેઠ કહે: "કંઈક ખજવાળ આવતી લાગે છે."

ચાર ખાધાં, પાંચ ખાધાં, છ ખાધાં, પંદર ખાધાં, પચીશ કેળાં ખાધાં.

માથામાં તો કંઈક લાકડીઓ જેવું થયું !

" હશે. એ તો કંઈ ઝાડબાડની ડાળ ભરાઈ હશે. "

ભાઈ તો કેળાં ખાતાં જાય ને બીજી બાજુ માથે શીંગડાં મોટાં થતાં જાય.

શીંગડાં તો ઝાડે અડ્યાં, ડાળે અડ્યાં. ઊઠે ત્યાં તો શેઠ હલે કે ચલે ! શેઠ કહે: " ઓય માળું ! આ તો માર્યા. કેળાં ખાતાં શીંગડાં થયાં. બકરૂં કાઢતાં આ તો ઊંટ પેઠું ! લાવ ને ત્યારે કાચાં કેળાં ખાઉં ? "

શીંગડાં ઝાડે ભરાતાં જાય છે ને કાચાં કેળાં શોધે છે. એક કેળ હતી. કાચી એની લૂમો હતી. લૂમે કેળાંનો પાર નહોતો. શેઠે કાચાં કેળાં ખાધાં.

એક ખાધું, બે ખાધાં, ત્રણ ખાધાં. શીંગડાં તો ટૂંકાં થવા માંડ્યાં. એમ સાવ મટી ગયાં.

નાનો શેઠ હરખાયો: " આ ઠીક છે. હરકત નહિ. ટોપી મળશે, ઝભો મળશે, હાથથી ગયેલો ધોકો મળશે ને ટોપલી યે મળશે. કુંવરીને તો લીધે જ છૂટકો. "

નાને શેઠે પાકાં કેળાં લીધાં ને ભરબજારે નીકળ્યો. " લેવાં છે કોઈને પાકાં કેળાં ? લેવાં છે કોઈને પાકાં કેળાં ? " સાદ પાડીને વેચે છે.

કુંવરી કહે: " આજે કેળાં ? ક્યાંથી ? બાનડી, બાનડી ! બોલાવ કેળાંવાળાને. "

" કેળાંવાળા, કેળાંવાળા ! એક લૂમનું શું થાય ? "

" એનું તે કાંઈ મૂલ હોય ? આ તમારાં જ છે ને ?

ભાવે તેટલાં ખાવ."

પાકાં કેળાંની લૂમ આપી નાનો શેઠ રસ્તે પડયો.

દાસી કહેઃ "કેળાં બહુ મીઠાં."

કુંવરી કહેઃ "શાં મીઠાં આ કેળાં!"

માથે ચળ આવે એની કોને ખબર પડે? કેળાં તો ખૂટવા આવ્યાં. શીંગડાં તો છાપરે અડ્યાં. જઈને મોભે ભરાયાં. દાસીનાં ભરાયાં જાળીમાં.

કેળાં ખાઈને હાથ તો ધોવા જ જોઈએ ને? પણ ઊઠે ક્યાંથી?

કુંવરી કહેઃ "ઓયવોય! આ તો માથે શીંગડાં ઊગ્યાં!"

દાસી કહેઃ "બા! મારે ય માથે શીંગડાં."

વૈદ બોલાવ્યા, દાક્તર બોલાવ્યા, મોટા મોટા હકીમ બોલાવ્યા; કોના ભાર કે શીંગડાં મટાડે? લુહાર કાપે તો ય શું ને સુતાર કાપે તો ય શું?

કુંવરી ને દાસી ચોંટયાં તે ચોંટ્યાં. ખાય પણ ત્યાં ને પીએ પણ ત્યાં.

રાજાએ ઢંઢેરો પિટાવ્યો: "જે કોઈ મારી આ કુંવરીનાં શીંગડાં મટાડે એને અરધું મારું રાજ આપું, અરધું મારું પાટ આપું, ને એકની એક કુંવરી પરણાવું."

નાનો શેઠ તો હકીમ બન્યો છે. ધોળી દાઢી રહી ગઈ છે. લાંબો ઝભ્ભો શોભે છે.

રાજાને કહેઃ "બાજુએ ખસો." પ્રધાનને કહેઃ

"બહાર જાવ. બારીબારણાં બંધ કરો. હું ને આ કુંવરી ને આ દાસી એટલાં આ ઓરડામાં રહીશું. આ દવા તો હકીમની છે."

બારણાં બધાં બંધ થયાં. શેઠ કહે: "કેમ કુંવરી! ઓળખે છે? આ હું નાનો શેઠ છું. એનું બધું કામ છે. કહે તો મટાડું ને કહે તો રહેવા દઉં. કબૂલ હોય તો કહી દે."

કુંવરી કહે: "કબૂલ છે, કબૂલ છે, કબૂલ છે."

કાચાં કેળાં ખાધાં છે; શીંગડાં ટૂંકાં થયાં છે. પછી તો શીંગડાં સાવ મટી ગયાં છે.

અરધી ગાદીએ રાજા બેસે; અરધી ગાદીએ શેઠ બેસે.

કુંવરી શેઠ રમે છે, જમે છે, ખાય છે, પીએ છે ને મોજ કરે છે.

૨૨૨૯૧

# બુલબુલ અને કમળા

એક મોટું જંગલ હતું. એમાં એક ઊંચો ઊંચો કિલ્લો હતો. કિલ્લામાં એક સુંદર મહેલ હતો. મહેલમાં એક છોકરી રહે. એનું નામ કમળા. કમળ જેવી જ એની રૂપાળી આંખો.

કમળાને ગાવાનું મન તો ઘણું ય થાય પણ ગાતાં ન આવડે. આકાશમાં ઊડવાનું તો એને બહુ જ ગમે પણ પાંખો વિના એ શી રીતે ઊડે ?

રોજ સાંજે કમળા એ કિલ્લાની બારીએ બેસે ને બુલબુલની રાહ જુએ. ચાંદો ઊગે એટલે બુલબુલ આવે. કિલ્લાને કાંગરે બેસે ને ચાંદનીનું ગીત ગાય.

કમળા એની સામે જોયા જ કરે, ને એનું મીઠું મીઠું ગીત સાંભળ્યા જ કરે. સાંભળવામાં કમળા ખાવું ય ભૂલી જાય ને પીવું ય ભૂલી જાય, પણ પછી ઊંઘ આવે એટલે આંખોનાં પોપચાં બિડાય ને કમળાને જઈને પથારીમાં પડવું પડે.

કમળા રોજ બુલબુલનું ગીત સાંભળે ને લાંબા લાંબા ને ઊના ઊના નિસાસા મૂકે. મનમાં ને મનમાં કહે: “ અરે ભગવાન ! તેં મને બુલબુલ જેવું સુંદર ગીત ગાતાં કેમ ન શીખવ્યું ? હે ભગવાન ! તેં મને બુલબુલના પીંછાં જેવાં સુંદર પીંછાં આપ્યાં હોત તો કેવું સારૂં થાત ? હે પ્રભુ ! મને પાંખો આપી હોત તો કેવી મઝા આવત ? હું તો દિવસ ને રાત ઊડ્યા જ કરત. ઝાડ ઉપર બેસવા પણ ઊતરત નહિ.”

પૂનમની રાત હતી. ચાંદનીનું ગીત ગાતું ગાતું બુલબુલ આવ્યું ને કમળાની પાસે જ બેઠું. એનું ગીત એવું તો મીઠું હતું કે બસ !

પણ કમળાનું હૈયું તો બળવા લાગ્યું. એણે એક લાંબો નિસાસો મૂક્યો. બુલબુલે તે સાંભળ્યો. બુલબુલ વિચારમાં પડી ગયું. એનું ગીત બંધ પડી ગયું. ધીમેથી એણે કમળાને પૂછ્યું: “ બેન ! આમ નિસાસા કેમ નાખે છે ? આજ આમ બેચેન કેમ છે, બાપુ ? ”

કમળા કહે: “ બાપુ ! મારૂં દુઃખ કહ્યું જાય એમ નથી. મારૂં દુઃખ કાંઈ જેવું તેવું નથી. મારા જેવું દુઃખ કોઈને નહિ હોય.”

બુલબુલ કહે: “ બાપુ ! એવું તે કેવું દુઃખ છે ? એક વાર તું મને કહે તો ખરી. હું તારૂં દુઃખ મટાડવા જરૂર મહેનત કરીશ.”

કમળા કહે: “ ભાઈ ! જોને, મને તારા જેવું ગાતા

નથી આવડતું. મારા ગળામાંથી એકે ય ગીત નથી નીકળતું. આકાશમાં ઊડવાની મને ઘણી હોંશ થાય છે, પણ શું કરૂં? મારે પાંખો નથી. આ હાથ ને આ પગ કરતાં મને પાંખો આપી હોત તો હું કેટલી બધી સુખી થઈ જાત! અને આ તારાં રંગબેરંગી ને સુંદર પીંછા મને બહુ જ ગમે છે. મારા આ સોનેરી વાળના ગુચ્છા એની આગળ કશા ય હિસાબમાં નથી."

બુલબુલ કહે: "પણ બેન! એમાં આટલી બધી દિલગીર શા માટે થાય છે? અમે પક્ષી એટલે અમને પાંખો હોય જ ના? સુંદર પીંછાં તો અમારી શોભા છે. પરમેશ્વરે અમને પક્ષી બનાવીને આટલું એક સુંદર ગળું ન આપ્યું હોત તો અમારૂં દુઃખ કેટલું બધું વધી પડત તેનો ખ્યાલ તને ક્યાંથી આવે?"

કમળા કહે: "પણ ભાઈ! મને તો પક્ષી થવું બહુ ગમે છે. મારે તો આ માણસનું શરીર નથી જોઈતું. જે શરીરથી ઊડાય નહિ, જે ગળામાંથી બુલબુલ જેવું ગીત ન નીકળે ને જે ડિલે રંગબેરંગી પાંછાં ન હોય તે શરીર તે કોને ગમે?"

બુલબુલ કહે: "ત્યારે શું તારે પક્ષી થવું છે?"

કમળા કહે: "હા ભાઈ! એમ જ છે. પંખી થાઉં તો ચાંદા ને સુરજ સુધી ઊડી ઊડીને જાઉં. આખું આકાશ તો આંખના પલકારામાં ફરી આવું. એકેએક તારાનું ઘર જોઈને પાછી વળું. મોટા મોટા પર્વતની ટોચે જઈને

બેસું, ને ત્યાંથી ધરતીને નિહાળું. મોટી મોટી નદીઓ જમીન ઉપર દોડે ને હું પાણીના પ્રવાહ સાથે હવામાં દોડું. માછલાં નદીમાં નાહ્યા કરે તો હું હવામાં જ નાહ્યા કરૂં. ને ગીતો ગાવાની તો વાત જ શી કરૂં ? મારૂં ગળું દુખી જાય તો પણ હું ગાયા જ કરૂં: તું તો બાપુ ! રાતે જ ગાય છે; હું તો દિવસ ને રાત જંપીને બેસું જ નહિ. મારૂં દિલરૂબા તો વાગ્યા જ કરે. ચાંદનીનું ગીત આખી રાત ગાઉં; સૂરજના તેજનું ગીત લલકારૂં; વાદળનું ને પવનનું ગીત ગાયા કરૂં. ને મારાં રંગબેરંગી પીંછાંનું હું શું કરૂં, કહું ? મારા જેવાં પીંછાં વિનાનાં નાનાં બાળકોના હાથમાં એક એક પીંછું મૂકી આવું, ને તેમને રાજી રાજી કરી દઉં. બાપુ ! કાંઈ રસ્તો હોય તો મહેરબાની કરીને બતાવ કે હું તારા જેવી જ બની જાઉં."

બુલબુલ કહે: "ઠીક બેન ! ત્યારે જો તારે બુલબુલ થવું હોય તો હું કહું એમ કર. અહીંથી દૂર દૂર એક ટેકરી છે. એમાં એક ગુફા છે. એમાં એક ઘરડા જાદુગર રહે છે. એની પાસે જજે, એ ઘણા ભલા છે. એને છોકરાં ગમે છે. એને માણસમાંથી પક્ષીઓ અને પક્ષીઓમાંથી માણસો બનાવતાં આવડે છે. જઈને પગે પડજે અને કહેજે કે 'બાવાજી બાવાજી ! મને બુલબુલ બનાવો. હું તમને જે માગશો તે આપીશ."

કમળા તો ખુશીખુશી થઈ ગઈ. તે કહે: "ક્યારે સવાર પડે ને બાવાજી પાસે જાઉં, ને બુલબુલ પક્ષી

બની જાઉં ! " વિચારમાં ને વિચારમાં અરધી રાત સુધી તેને ઊંઘ જ ન આવી; મળસ્કે ઊંઘ આવી. પણ તેમાં તો કમળાને બુલબુલનાં જ સ્વપ્નાં આવ્યાં. સ્વપ્નાંમાં પોતે બુલબુલ બની ગઈ ને આકાશમાં ઊડવા લાગી. તારાના ને સૂરજચાંદાના દેશમાં જઈ આવી, ને પવનની સાથે રમતો રમી આવી.

સવાર પડી. સૂરજ ભગવાન ઊગ્યા. દુનિયા સોનાની થઈ ગઈ. કમળા ઊઠી. ઝટપટ નાહી ધોઈ લીધું. દૂધ જેવી ધોળી ઘાઘરી ને ફૂલ જેવું હળવું પોલકું પહેર્યું. ગળામાં પોતાની વહાલી મોતીની માળા પહેરી. એકલી એકલી જંગલમાં ચાલી. રસ્તામાં ખાડાટેકરા આવે અને પડી જાય, પણ વળી પાછી ઊભી થાય ને ચાલવા માંડે. જાળાં ઝાંખરાંમાં ઘાઘરી ભરાય ને ફાટી જાય, પણ જરા ય રડે નહિ. એક વાર તો નદીમાં લપસી પડી. પણ પાછી ઊભી થઈને ઘાઘરી સૂકવીને આગળ ચાલી.

એમ કરતાં કરતાં કમળા ગુફા પાસે આવી. તડકો થઈ ગયો હતો. સૂરજ ભગવાન આકાશ વચ્ચોવચ આવ્યા હતા. કમળાને ખૂબ ભૂખ લાગી હતી, પણ ગુફા પાસે આવી એટલે થાક તડકો ને ભૂખ બધાં ય ઊડી ગયાં; ગુફા જોઈને તે તો રાજીનારેડ થઈ ગઈ.

ગુફાના મોં આડી એક મોટી શિલા હતી. કમળાએ હળવેથી તેને કોરે કરી. અંદર જુએ છે તો એક મોટું ભોંયરું. એમાં એક ઝાંખો દીવો બળે. કમળા તો અંદર

ચાલી. જરા યે બીતી ન હતી. તેની છાતી થડકી નહિ ને પગ પણ ઢીલા થયા નહિ.

જરાક ઊંડે ગઈ ત્યાં બે દીવા બળે. દીવા પાસે પેલો જાદુગર બેઠેલો. ધોળી ધોળી રૂ જેવી એની દાઢી. આંખ ઉપર જૂનાં ને ભાંગેલાં ચશ્માં પહેર્યાં હતાં. એક ચશ્માની દાંડલી તૂટી ગઈ હતી, તેને બદલે દોરો બાંધ્યો હતો. હાથમાં પીળા પારાની માળા હતી ને ડાબે પડખે પીંછાંનો મોટો ઢગલો પડ્યો હતો. એ પીંછાં બુલબુલનાં હતાં.

કમળાને જોઈને બાવાજી કહે: "કોણ એ અત્યારે મારી એકાંત ગુફામાં ?"

કમળા કહે: "બાવાજી ! એ તો હું છું. તમારી દીકરી કમળા."

કમળા બાવાજીને પગે લાગી. બાવાજીએ આશીર્વાદ આપ્યો: "બેટા ! તારું ભલું થશે."

પછી કમળાએ બાવાજીને કહ્યું: "બાવાજી ! મારે બુલબુલ થવું છે. મારે આકાશમાં ઊડવું છે ને મીઠાં મીઠાં ગીતો ગાવાં છે."

બાવાજી કહે: "હેં હેં, કમળા ! માણસ મટીને તારે પક્ષી થવું છે ? એ તે તને શું સૂઝયું ? એમાં તે શો લાભ છે ?"

કમળા કહે: "બાવાજી ! મારે તો બુલબુલ થવું જ છે. મને ગાવું ને ઊડવું બહુ ગમે છે. હવે તો હું કિલ્લામાં ને મહેલમાં બેસીને થાકી ગઈ છું. મારે તો

હવે આવડા મોટા આકાશમાં ઊડ્યા જ કરવું છે.”

બાવાજી કહે: “ ઠીક ત્યારે. મને તારી આ મોતીની માળા આપી દેજે. રોજ એક એક મોતી લાવજે ને તેને બદલે આમાંથી એક એક પીછું લઈ જજે. બધાં ય મોતી આપી દઈશ ત્યારે હું તને બુલબુલ બનાવી દઈશ.”

કમળા વિચારમાં પડી ગઈ.

બાવાજી કહે: “ એમ મોતીનો લોભ કરીશ તો બુલબુલ નહિ બનાય.”

કમળા કહે: “ બાવાજી ! મોતીનો રંગ તો મને ગમે છે, પણ તેથી ય વધારે વહાલાં મને બુલબુલનાં પીંછાં લાગે છે. મારે હવે મોતીનું કામ નથી.”

કમળા ઘેર આવી. એના હૈયામાં હરખ તો માય નહિ. હવે તે બુલબુલ થવાની હતી.

પછી તો રોજ કમળા બાવાજીની ગુફાએ જાય; એક મોતી બાવાજીને આપે અને એક પીંછું લઈ આવે. એમ કરતાં કરતાં છેલ્લો દિવસ આવ્યો.

કમળા બાવાજી પાસે પીંછાંનો ઢગલો લઈને ચાલી. મનમાં ને મનમાં બોલતી જાય: “ હાશ, આજે તો હવે બુલબુલ થવાશે !”

કમળા બાવાજી પાસે પહોંચી.

બાવાજી કહે: “ કેમ, શો વિચાર છે ? પક્ષી થઇ જવું છે ?”

કમળા કહે: “ હા જી, મારે તો પક્ષી થવું જ છે.”

બાવાજીએ કમળાને કહ્યું: "ધ્યાન ધર."

કમળા ધ્યાન ધરવા બેઠી. ત્યાં તો બાવાજીએ પીંછાંનો ઢગલો કમળાના માથા ઉપર નાખ્યો ને પછી "એક, બે ને ત્રણ." ત્યાં તો કમળામાંથી એક પક્ષી બની ગયું. એ પક્ષી બુલબુલ ન હતું; એ તો હતું ચંડોળ.

બાવાજી કહેઃ "કમળા! મેં તને ચંડોળ બનાવ્યું છે. બુલબુલ તો રાતે જ ગાય ને ચંડોળ તો દિવસે ય ગાય ને રાતે ય ગાય. બુલબુલનો રાગ મીઠો છે, પણ ચંડોળનો રાગ તેથી ય મીઠો છે. બુલબુલનાં પીંછાં સુંદર છે પણ ચંડોળનાં પીંછાં એથી ય સુંદર છે. તું મને બહુ ગમે છે, તેથી મેં તને ચંડોળ બનાવી છે."

ઊડતું ઊડતું ચંડોળ બુલબુલ પાસે આવ્યું. બુલબુલ દોડીને કમળાને ભેટયું ને કહેઃ "આવ આવ, મારી વાહાલી બેન કમળા!"

કમળા કહેઃ "છટ! અરે, હું તે હવે કમળા ક્યાં છું? જો તો ખરું, હું તો હવે સુંદર ચંડોળ બની ગઈ છું."

ચંડોળ દિવસે ગાય ને રાતે ઊંઘે; ને બુલબુલ રાતે ગાય ને દિવસે ઊંઘે. પણ સવાર સાંજ બંને ભેગાં થાય ને મીઠીમીઠી વાતો કરે. રોજ બંને પક્ષીઓ ભેગાં થાય ને કિલ્લાની બારીએ ને કાંગરે બેસે ને ગીતો ગાય.

તમારે એને જોવાં હોય તો કમળાના કિલ્લા પાસે જવું ને બારી સામે જોવું.

---

# બાર હાથનું નાક

ઘરડો માણસ મરવા સૂતો. ત્રણે દીકરાને બોલાવ્યા ને કહ્યું: “ભાઈઓ! હવે મારું મોત નજીક આવ્યું છે. તમારે હવે ઘરનો કારભાર ચલાવવાનો છે. મારી પાસે બીજું તો કાંઈ નથી, પણ આ ખાટલા નીચે આ એક પેટી છે; એમાં કાંઈક રાખ્યું છે તે તમે વહેંચી લ્યો. સાચવીને વાપરશો તો તમે કદી દુઃખી નહિ થાઓ.”

ભાઈઓએ તો ખાટલા હેઠળથી પેટી કાઢી. ઉઘાડીને જુએ તો અંદર એક ફાટલીતૂટલી ટોપી છે, એક સડેલી ચામડાની કોથળી છે ને એક બળદનું શીંગડું છે. જોઈને ત્રણે ભાઈઓ હસી પડ્યા.

ડોસા કહે: “દીકરાઓ! એમાં હસવા જેવું નથી. એ જ ખરું ધન છે. આ કોથળી દેખાય છે તો સડેલી પણ એમાં જ્યારે હાથ નાખશો ત્યારે એમાંથી સોનામોહોરો નીકળશે; પણ કદી ઊંધી ન વાળતા. આ ટોપી એવી છે કે જે એ માથે ઓઢે તે અદૃશ્ય થઈ જાય; ને આ

શીંગડામાં એવો ગુણ છે કે એ વગાડતાંવેંત એક રાક્ષસ દેખાવ દે ને જેમ હુકમ આપો તેમ કરે. ”

ડોસાએ ત્રણે ભાઈને એકએક ચીજ આપી; મોટાને શીંગડું આપ્યું, વચલાને ટોપી આપી ને નાનાને કોથળી આપી. આમ કરી ડોસો તો મરી ગયો.

ડોસાનું કારજ પૂરૂં થયું. પછી એક દિવસ નાનો ભાઈ મુસાફરીએ નીકળ્યો.

ચાલતાં ચાલતાં રાજનગરમાં આવ્યો. બપોર થયા હતા. સારી પેઠે ભૂખ લાગેલી. રાણીના મહેલની પાસે જ એક રેંકડીવાળો દાળમશાલી વેચતો હતો. નાનાભાઈએ કોથળીમાં હાથ નાખ્યો ને ઝટ દઈને સોનામહોરની મૂઠી કાઢી. સોનામહોરની મૂઠી આપી પાશેર દાળમશાલી લીધી. રેંકડીવાળો તો છક થઈ ગયો! છોકરો દેખાવે તો ભિખારીહાલ છે ને આ પૈસા ક્યાંથી? ઝરૂખામાં બેઠેલી રાણીએ આ બધું જોયું. તેને ભારે કૌતુક થયું. માણસોને મોકલ્યા ને છોકરાને ઉપર તેડાવ્યો.

રાણી કહેઃ “ અલ્યા છોકરા! તારી પાસે આટલી બધી સોનામહોરો ક્યાંથી? તું તો સાવ ભિખારીવેશે દેખાય છે ને? ”

છોકરો કહેઃ “ મારી પાસે આ કોથળી છે. મરતી વખતે મારા બાપુએ મને આપી છે. એમાં હાથ નાખું ત્યારે મૂઠી ભરીને સોનામહોરો નીકળે છે. જ્યારે હાથ નાખો ત્યારે એમ જ થાય. ”

રાણી કહે: “ લે રાખ, ગાંડો થા મા. એવું તે ક્યાંઈ સાચેસાચ થોડું બનતું હશે ? ”

રાણીની દાનત બગડેલી. મનમાં થયું કે આની પાસેથી કોથળી પડાવી લઉં.

છોકરો જરા ભોળો હતો. તે કહે: “ લ્યો ત્યારે તમે જ ખાતરી કરો. જુઓ જોઈએ, હાથ નાખવાથી સોનામહોર જડે છે કે નહિ ? ”

રાણીએ કોથળી હાથમાં લઈ લીધી ને તુરત જ માણસોને બોલાવી ધક્કા મરાવી છોકરાને કાઢી મકયો.

છોકરો રડતો રડતો ભાઈઓ પાસે આવ્યો. ભાઈ પાસેથી ટોપી લીધી. ટોપી ઓઢીને મહેલમાં દાખલ થઈ ગયો. રાણી જમતી હતી. ભાઈને તો કોઈ દેખે એમ હતું નહિ, એટલે હળવેક દઈ રાણીની પાસે બેસી ગયો ને રાણીની થાળીમાંથી ખાવા લાગ્યો.

રાણી કહે: “ અરે ! આ કોણ લઈ જાય છે ? કોઈનો હાથ તો દેખાતો નથી; કોઈ અહીં બેઠું પણ નથી; કોઈ આવ્યું પણ નથી. ”

એક થાળી ઉડાવી ગયો. રાણીએ બીજી થાળી મગાવી. બીજીમાંથી પણ ઊપડવા માડયું. રાણી મંઝાઈ.

એટલામાં નાનો ભાઈ બોલ્યો: “ કેમ કોથળી પાછી દેવી છે કે નહિ ? એમ કોથળી કાંઈ બાપનો માલ નથી. તે રાખી લીધી છે. ”

રાણી કહેઃ "પણ કોથળી આપવી કોને? કોઈ દેખાતું યે નથી ને?"

નાના ભાઈએ ટોપી ઉતારી લીધી એટલે પાછો રાણી આગળ દેખાયો.

રાણીએ લુચ્ચાઈ આદરી. તે બોલી: "એલા, આ તો નવાઈ જેવું! તારી પાસે વળી એવું તે શું છે કે એકાએક દેખાતો જ નથી?"

નાનો ભાઈ કહેઃ "એ તો મારી પાસે એક ટોપી છે. એ ઓઢું એટલે ન દેખાઉં. માથેથી ઉતારી દઉં એટલે દેખાઉં."

રાણી કહેઃ "હવે રાખ! એવું તે ક્યાંઈ બનતું હશે? ઠીક ટાઢા પહોરની તોપ મારે છે. એવી વાતો તો જૂના જમાનાની હતી; તે તો હવે ગઈ."

નાનો ભાઈ કહેઃ "એમ....! લ્યો ત્યારે આ ટોપી ઓઢી જુઓ એટલે બધી ખબર પડે."

નાના ભાઈએ ટોપી રાણીના હાથમાં આપી. પણ ત્યાં તો રાણીએ તે ઓઢી લીધી ને અદૃશ્ય થઈ જઈને નોકરોને હુકમ કર્યો: "મારો આ લુચ્ચા છોકરાને. મારીને કાઢી મૂકો."

નાનો ભાઈ બિચારો શું કરે? માર ખાઈને મહેલ બહાર આવ્યો.

પાછો ભાઈઓ પાસે ગયો. શીંગડું લીધું અને જોરથી વગાડ્યું. ત્યાં તો એક રાક્ષસ દેખાયો. મોટો જંગી.

રાક્ષસ કહે: "બોલ, શું કામ છે?"

નાનો કહે: "એક મોટું લશ્કર લાવ. આ રાજાના કિલ્લાની ફરતું ગોઠવી દે. મોટી મોટી તોપો રાજમહેલની સામે જ ગોઠવજે."

ઘડીકમાં તો લશ્કર ગોઠવાઈ ગયું. હાથી, ઘોડા ને ઊંટનો પાર નહિ. નોબતનિશાન ગડગડ્યાં. તોપો બંદૂકો ફૂટવા લાગી. તલવારો ચમકવા લાગી. ભાલાઓ ઝબકવા લાગ્યા.

રાણી સમજી ગઈ કે આ બધાં કામ પેલા છોકરાનાં છે. તેણે તરત જ છોકરાને બોલાવ્યો. છોકરો તો લશ્કરનો અમલદાર થઈને ફરતો હતો.

છોકરો આવ્યો એટલે રાણીએ કહ્યું: "અલ્યા, આ લશ્કર પાછું લઈ જા."

છોકરો કહે: "ટોપી અને કોથળી આપી દ્યો. પછી બીજી વાત."

રાણી બહુ લુચ્ચી હતી. તે કહે: "હં, એ બરાબર વાત છે. પણ પહેલાં તો એ કહે કે આટલું બધું લશ્કર તું લાવ્યો ક્યાંથી? તું તે કોઈ જાદુગરબાદુગર છે?"

છોકરો કહે: "હા, છે તો એવું જ. આ શીંગડાંમાં બધી ખૂબી છે. એને વગાડું એટલે એક રાક્ષસ માગું તે કરી આપે છે."

રાણીએ પાછી લુચ્ચાઈ આદરી. "જા જા, ક્યાંઈ એવું તે બનતું હશે? એમ બનાવા કોને આવ્યો છે?"

છોકરો કહેઃ "બનાવે શું ? ખાતરી કરવી હોય તો કરી જુઓ. લ્યો આ શીંગડું."

છોકરાએ તો ભોળા ભાવે રાણીને શીંગડું આપ્યું. રાણીએ દૂર બેસી જોરથી શીંગડું વગાડયું ત્યાં તો રાક્ષસ હાજર થયો. રાક્ષસ કહેઃ "બોલો, શો હુકમ છે?"

રાણી કહેઃ "બે મજબૂત માણસોને બોલાવી કહી દો કે આ છોકરાને મારીને કાઢી મૂકે, અને આ લશ્કરને પાછું કાઢે."

ત્યાં તો જેવો હુકમ કર્યો હતો તેમ થયું. લશ્કર ચાલ્યું ગયું ને છોકરો મહેલની બહાર જઈ પડયો. એને ઘણું લાગ્યું. હવે કરવું શું? ભાઈ પાસે જાય તો ભાઈ વઢે. બધું ગુમાવી બેઠો હતો. જઈને મોઢું શું બતાવે?

નાનો ભાઈ તો જંગલ ભણી ચાલ્યો. રાત પડી ગઈ. પેટમાં ભૂખ લાગી. ખાવું ક્યાંથી? રખડતાં રખડતાં એક અંજીરનું ઝાડ નજરે પડયું. ખાસાં મજાનાં પાકાં અંજીરો મળ્યાં. ભૂખે મરતો હતો તે અંજીરો ગટગટ ખાવા લાગ્યો. થોડાંક ખાધાં ત્યાં તો નાકમાં સળવળાટ થવા લાગ્યો. "અરે, આ શું? છીંક આવે છે? ના ના? આ તો નાક વધતું લાગે છે. અરે, આ તો લાંબું થતું ચાલ્યું!"

એક આંગળ, બે આંગળ, એક વેંત, બે વેંત, એક હાથ, બે હાથ, આઠ હાથ નાક લાંબું થઈ ગયું! નાનો ભાઈ ગભરાયો ને હસવા માંડ્યોઃ "આ તે થયું શું?" નાકને હલાવીને ખેંચે તો માથામાં સડાકો આવે. "હવે

તે કરવું શું ?"

નાનો ભાઈ તો આગળ ચાલવા માંડયો. પણ નાક જ્યાં ત્યાં ભટકાય. અંધારામાં ઝાડ સાથે અથડાય ને વેલામાં ગૂંચવાય. છોકરો મૂંઝાયો. થાકીને બેઠો. પાસે જ એક બોરડી હતી. હાથ લાંબો કરીને એ તો મીઠાં મીઠાં બોરાં લઈને ખાવા માંડયો.

"અરે, આ તો નવાઈ જેવું લાગે છે! નાકનો ભાર હળવો લાગે છે." બોર વધારે ખાધાં; નાક ટૂંકું થતું હતું. જરા વધારે ખાધાં; નાક બે હાથ જ રહ્યું. પછી તો નાક સાવ હતું એવું થઈ રહ્યું. નાનો ભાઈ કહે: "હાશ !"

પણ ત્યાં તો તેના મનમાં કંઈક સૂઝી ગયું. તે કહે: "હં....! આ યુક્તિ સરસ છે."

પાછો અંજીરનાં ઝાડ પાસે ગયો. ઘણાં બધાં અંજીર લીધાં. ફળ વેચવાવાળાનો વેશ લીધો ને "લેવાં છે કોઈને અંજીર ?" "લેવાં છે કોઇને અંજીર ?" એમ બોલતો બોલતો બજારે બજારે ને શેરીએ શેરીએ અંજીર વેચવા નીકળ્યો. વેચતાં વેચતાં રાણીના મહેલ પાસેથી નીકળ્યો. રાણીને અંજીર ખાવાનું મન થયું. તેણે અંજીરવાળાને ઉપર બોલાવ્યો ને ઘણાં બધાં અંજીર વેચાતાં લીધાં.

અંજીરવાળો ચાલ્યો ગયો. રાણી અને દાસી અંજીર ખાવા બેઠી. "વાહ, કેવાં મીઠાં અંજીર ! બહુ મીઠાં, બહુ મીઠાં !" પણ ત્યાં તો નાકમાં સળવળાટ થવા લાગ્યો. "એલી, મારા નાકમાં કંઇક ખૂંચે છે. જો તો ખરી ?"

"ખૂંચે શું કપાળ ? કદાચ જરા સળેખમબળેખમ થવાનું હશે."

"ના રે દેખતી નથી ? જો, આ તો નાક મોટું થતું જાય છે."

"એલા હા મારું ય નાક વધ્યું છે !"

રાણી કહેઃ અરે, મારૂં નાક તો મોટું થતું જાય છે."

આ તે શું ? બધાં વિચારમાં પડ્યાં. નાક તો વધવા માંડ્યાં. એક અંજીર ખાધું હતું એનું નાક એક હાથ વધ્યું હતું; બે ખાધાં હતાં એનાં બે હાથ, ને ત્રણ ખાધાં હતાં એનાં ત્રણ હાથ નાક વધ્યાં હતાં.

રાણીએ તો બાર અંજીરો ખાધાં હતાં એટલે એનું નાક તો બાર હાથ લાંબું વધ્યું !

હવે કરવું શું ? નાકની તો પીડા થઈ. મોટાં મોટાં લાંબાં લાંબાં નાક લઈને જવું ય ક્યાં ? જ્યાં જાય ત્યાં તો નાક સાથેનાં સાથે. આમ ચાલે તો આમ ભટકાય ને તેમ ચાલે તો તેમ ભટકાય. સામેથી કોઈ આવતું હોય તેને ભાલા જેમ લાગે !

રાજા રાણી સૌ મૂંઝાયાં. રાજાએ ઢંઢેરો પિટાવ્યોઃ "કોઈ નાકનો વૈદ હકીમ હોય તો રાજાને દરબાર આવે. જે નાક મટાડશે તેને રાજા અરધું રાજ, અરધું પાટ ને પોતાની દીકરી પરણાવશે.

ઘણા વૈદ હકીમો આવ્યા, પણ કોઈની કારી ફાવી નહિ. નાકને કાપ્યાં કપાય નહિ, તોડ્યાં તોડાય નહિ,

વાળ્યાં વળાય નહિ.

રાજા થાકયો; રાણી કાયર કાયર થઈ ગઈ.

નાના ભાઇએ વિચાર કર્યો: " હવે જવા દે. "

બોરની છાબડી ભરી. ઉપર રૂમલ ઢાંકયો. ચુનાની હકીમનો વેશ લીધો ને દરવાજે આવીને વરદી આપી અંદર દાખલ થયો. રાણી એને શી રીતે ઓળખે ?

નાના ભાઈએ રાજાને પૂછ્યું: " શરતો મંજૂર છે ? "

રાજાએ હા કહી.

દાસીઓને બોર ખવરાવવા માડયાં. નાક ટૂંકાં થવા લાગ્યાં. એકનું નાક સરખું થયું, બીજીનું નાક સરખું થયું, ત્રીજીનું સરખું થયું. બધી દાસીઓનાં નાક સરખા થયાં; હતાં તેવાં થઈ ગયાં.

પછી રાણીનો વારો આવ્યો. રાણીનું નાક તો મોટું જબરૂં બાર હાથનું નાક હતું.

હકીમ કહે: " તમે રાણી કહેવાઓ. તમને ખાસ દવા આપવી જોઇએ. આંવડા મોટા નાક માટે તો ખાસ આપવી જોઇએ. અને એ તો એકાંતમાં જ થઈ શકશે. "

રાણી શું કરે ? એક ઓરડામાં હકીમની સાથે ગઈ.

હકીમે પછી ખોટી દાઢી કાઢી નાખી, માથાની ટોપી ફેંકી દીધી ને કહ્યું: " કેમ ? હવે પેલી ટોપી, કોથળી ને શીંગડું પછાં આપવાં છે કે આ બાર હાથનું નાક લઈને ફરવું છે ? "

રાણીએ ઘણી માફી માગી, આજીજી કરી ને બધું

પાછું આપી દીધું.

પછી રાણીને બોર ખવરાવવા માંડયાં. ત્યાં તો નાક ટૂંકું થવા લાગ્યું. એક હાથ ઘટયું, બે હાથ ઘટયું, ત્રણ હાથ ઘટયું; એમ કરતાં સાવ પહેલાં હતું એવું થઈ ગયું. રાણીએ છુટકારાનો દમ ખેંચ્યો.

પછી રાજાએ નાના ભાઈને અરધું રાજપાટ આપ્યું ને પોતાની કુંવરી પરણાવી.

સૌએ ખાધું પીધું ને રાજ કર્યું.

# બે ચોર

બે હતા ચોર. ઘણા દિવસ ચોરી કરી. ખાધું પીધું ને મોજ કરી. એક દિવસ એમને થયું: "હવે આપણે ભજન કરીએ. રામનામ લઈએ ને કાયાનું કલ્યાણ કરીએ."

ચોરે તો ચોરી છોડી દીધી ને પ્રભુભજનમાં પડ્યા.

પણ નામીચા ચોર, એટલે ચોરી થાય તો એમને માથે આવે. કહેવાય કે એના વિના બીજા કોઈના ઘા નહિ. બિચારાઓને નાહક કનડે ને ભજન કરવા ન દે.

ચોરોએ વિચાર કર્યો: "આના કરતાં તો પરગામ જઈએ ને મજૂરી કરી પેટ ભરીએ."

બંને જણા ચાલ્યા. એક ગામ આવ્યું. ત્યાં એક શેઠને ઘેર નોકર રહ્યા. એક જણ ગોવાળ થયો અને બીજો માળી થઈને રહ્યો.

શેઠ કહે: "જુઓ ભાઈ! કામમાં તો કંઈ છે નહિ, પણ તમે કાંઈક નોકરી માગો છો તે આપું છું. એક પાંચ ડોલ નાખશો ત્યાં આ આખો બાગ ધરાઈ જશે.

એમાં ય એક ચંપાનું ઝાડ છે એને જ સાચવજો ને ? પૂરું એક ડોલ પાણી યે નહિ માગે. ને આ ગાય તો એવી સોજી છે કે નિરાંતે જઈને સીમમાં સૂઈ રહેજો. એની મેળે ચરીને પાછી આવશે. પાણી યે પાવું નહિ પડે."

વળતો દિવસ થયો. સવાર પડી એટલે મોટો ચોર ગાય લઈને સીમમાં ગયો ને નાનો ચોર બાગમાં ગયો.

નાનો ચોર કહે: "પાંચ બાલદી શા હિસાબમાં ? પાંચ નહિ ને પચાસ કાઢું. અરધા કલાકનું કામ છે. પછી ક્યાં કામ છે ? ખાશું પીશું ને ફરશું. ચાલને આ ચંપાને જ પેલો ધરવું ?"

એક ડોલ કાઢી ચંપાના ક્યારામાં રેડી. પણ "અરે, પાણી ક્યાં ગયું ? કાંઈ નહિ. એ પાંચ દિવસનો તરસ્યો હશે તે પી ગયો લાગે છે."

બીજી કાઢી ને બીજી નાખી પણ ક્યારો તો કોરો ને કોરો."

ચોર કહે: "માળું, આ તો બહુ દિવસનો તરસ્યો લાગે છે. કાંઈ નહિ; એક દિવસની મહેનત છે. પછી તો એક ડોલ નાખશું એટલે પત્યું."

ત્રીજી ડોલ કાઢી; ચોથી ડોલ કાઢી. પણ ચંપાનો ક્યારો તો એવો ને એવો ! સરરરર કરતું પાણી કોણ જાણે ક્યાં યે ચાલ્યું જાય. પાંચ કાઢી, પચીસ કાઢી, પણ પત્તો જ લાગે નહિ.

ચોર કહે: "અરે, આ તે કાંઈ ઝાડ છે કે જન ?

આ તો થાકયા. શેઠ તો કહેતા હતા કે ચંપો તો એક બાલદીમાં ધરાશે, પણ આ તો કાંઈ પાર જ નથી! પચાસ પોણોસો બાલદી તો કયારની યે થઈ ગઈ. ચાલ થોડીક વધારે નાખું. શેઠ પૂછશે તો જવાબ શો દઈશ ?"

વળી બાલદી ઉપાડીને પાવા માંડયું. પણ ત્યાં કયાં પત્તો લાગે એમ હતો ?

ભાઈ તો થાકયા. કહે: "માર્યા ! પાણી પાયા વિના ખાવાય શું જવું? ચાલ, બે ઘડી સૂઈ જાઉં. ડિલ આખું ભરાઈ ગયું છે."

ચોર તો કયારા પાસે સૂતો. બિચારો થાક્યો પાક્યો ઘડી વારમાં સૂઈ ગયો. સાંજ પડી; અંધારૂં થયું. ત્યાં મોટો ચોર આવ્યો. તે કહે: "કેમ ભાઈ! ઊંઘ આવી ગઈ?" નાનો ચોર કહે: "બીજું શું કામ હોય ? ઊંઘવાનું જ હોય ને ?"

બંને ચોર વાળુ કરીને સૂતા.

મોટો ચોર નાનાને કહે: "કેમ ભાઈ! તારૂં કામ ઠીક છે ને? મારા પર તો શેઠ રાજીરાજી લાગે છે. ગાય તો એવી સોજી છે કે વાત કર મા. હું તો ઝાડ નીચે એ... દિવસ આખો સૂતો. ન એને ચરાવવી પડી કે ન પાણી પાવું પડયું. આ એની મેળે ચરીને પાછી આવી ને મને જગાડયો. કેમ ભાઈ! તારૂં કામ તો હળવું હતું ને ?"

નાનો કહે: "મારૂં કામ તો તારાથી યે હળવું હતું. આ બે બાલદી નાખવી પડી. ત્યાં તો બાગમાં પાણી પાણી

થઈ ગયું. નોકરી તો ઘણી સારી મળી છે."

મોટો કહેઃ "તારૂં કામેય હળવું ને મારૂં કામેય હળવું. પણ સીમમાં ભારે મજા પડે છે, હો! એ....ને આંબા નીચે સૂવું ને લીલી જારની વાસ લેવી ને મીઠો મીઠો વા વાય તે ખાવો."

નાનો કહેઃ "ત્યારે ભાઈ! કાલ સીમમાં હું જાઉં ને તું ઘેર રહે."

મોટો કહેઃ "ભલે ત્યારે, એમ. તું નાનો છે તે તને કાંઈ ના પડાય? પણ એક વાત ધ્યાનમાં રાખજે. સાથે ખાટલી લેતાં ભૂલીશ નહિ; આંબા નીચે ઢાળીને પડજે કે વહેલી પડે સાંજ."

બંને ચોરો મનમાં રાજી થતા ને એકબીજાને છેતરી શકયાની ગમ્મત લેતા લેતા સૂઈ ગયા.

સવાર પડી. નાનો ભાઈ તો ઝટઝટ ઊઠયો. ખીલેથી ગાય છોડી, ખાટલો લીધો ને સીમ ભણી ચાલી નીકળ્યો.

રસ્તામાં વિચાર કરતો જાયઃ "હાશ, આજે હવે થાક ઊતરશે. કાલે તો ભારે થઈ! પાણી કાઢી કાઢીને દમ નીકળી ગયો. પણ મોટા ભાઈની ભારે ગમ્મત થવી છે. એક દિવસ આંબા નીચે સૂવાની મજા લીધી પણ આજે જો કેવા હાલ થાય છે! સાંજે મળીશ ત્યારે મારવા દોડશે, પણ જે થાય તે ખરૂં. સાંજ સુધી તો મજા કરીએ!"

ભાઈ સીમમાં આવી પહોંચ્યા. રૂપાળો વડલો શોધી કાઢયો. કહેઃ "આ....ને ઘાટી સરસ છાયા છે. એવી

સરસ નીંદર લઉં કે બસ !"

ભાઈએ તો ગાયને છૂટી મૂકી, ખાટલો ઢાળ્યો ને હાશ કરીને સૂતો.

હળવેક લઈને ગાય આઘી ગઈ. ત્યાંથી જરાક આઘે ને ત્યાંથી જરાક આઘે ને ત્યાં તો રીડરીડ ને દેકારો.

"એ...મારો, પકડો !"

ગાય જાય ઊભે પૂંછડે ભાગી !

વાંસે પાંચ દસ ભરવાડ, બે ચાર કણબીઓ, એક બે કોળીઓ ને ગાય મોઢા આગળ.

ભાર છે કોઈના કે હાથ આવે? સમૂળગી વાડ ટપીને જાય ત્યાં ભરવાડનું યે શું ગજું ?

એ તો ભાઈ સીમમાં હેહો થઈ રહ્યું.

બધા કહે: "આજ એ ગાયને પકડે જ છૂટકો છે. એક વાર પકડ્યા પછી વાત છે. મારી મારીને ઓખરો કાઢી નાખીએ."

ભાઈ તો ઊંઘવાની તૈયારી કરતા હતા ત્યાં ચમક્યા: "મારૂં સાળું, સીમમાં હોહો શું થાય છે? કાંઈ વાઘ દીપડો આવ્યો હશે કે આગ થઈ છે, કે છે શું? આટલા બધા પડકારા શાના ?"

ઊભો થઈને જુએ ત્યાં તો મોઢા આગળ ગાય ને વાંસે માણસોની ધીંધ.

"જરૂર, આ તો મારી ગાય. બિચારી સોજી ગાયની વાંસે શું કામ પડ્યા હશે ?"

દડતો દોડતો જઈ માણસોની આડે પડયો ને કહે: "બાપુ! ગાયે તમારૂં શું બગાડયું છે? બિચારી સોજી ગાયને શું કામ તગડો છો?"

લોકો બધા ઊતરી પડયા: "આ જોને સોજી ગાય-વાળો? આ કાલની સીમમાં આવી છે તે મોલને કમોતે મારી નાખ્યા! ભાળતો નથી આ રજકો બધો ખાઈ ગઈ? આ શેરડી બધી ભાંગી નાખી? જારનો એકે સાંઠો સાજો નથી રહેવા દીધો! કોના ઘરનું આ ઢોર છે? રોજ નીત-નવા ચારવા આવે છે તે કોઈ ધણીધોરી છે કે નહિ?"

ભાઈબંધ પામી ગયા કે આ ગાય સોજી તો નથી જ! પણ કંઈક છે આમાં દગો. "માળું, મોટા ભાઈએ છેતર્યા!" એ તો એકદમ નરમ પડી ગયો. ભરવાડને કહે: માફ કરો; હમણાં ગાયને પકડી લઉં છું; હમણાં જ બાંધી દઉં છું."

ભાઈ તો ગાય: પાછળ ચાલ્યા. ગાય મોઢા આગળ ને ભાઈ વાંસે. એ હાથમાં પણ શી રીતે આવે? ગાય પણ નખેદની. મોટી ઊભો રહે તો ઊભી રહે, ચાલે તો ચાલે, ને મોટી દોડે તો ગાય પણ દોડે!

ભાઈએ વિચાર કર્યો: "આ તો મોત આવ્યું. આના કરતાં તો ઝાડ પાવાં સારાં. આ તો ગાયે જશે ને ખાટલો ય જશે. માટે ખાટલો તો લઈ લઉં. જોઊં છું, પકડાય તો ઠીક છે, નહિ તો નજરવેગે વાંસે વાંસે ફરૂં કે ખોવાઈ તો ન જાય!"

ભાઈ તો માથે ખાટલો, હાથમાં લાકડી ને ગાય વાંસે સીમ આખી ભટક્યા. છેવટે સાંજ પડી, ત્યાં તો ટપ દઈને ગાય પાસે આવીને ઊભી રહી. ભાઈ તો લઈને ઘર તરફ આવ્યા.

આ તરફ મોટા ભાઈ તો મોડા મોડા ઊઠ્યા. કાલનાં હાડકાં દુખતાં હતાં તે વહેલા ઊઠવાની સોં રહી નહોતી.

મનમાં કહેઃ "આજ ઠીક છે. એક બે ડોલ નાખશું એટલે પાણીં પવાઈ જશે. વહેલા ઊઠીને શું કરવું છે? ખરી ખબર તો ભાઈશાંબને પડશે, ગયા છે ભાઈ ખાટલો લઈને સૂવા તે! એ....ય લીલા ચાસટિયાનો લીલો વા આવશે ને જોજો ભાઈ સૂતા સૂતા સુખના સૈડકા લેશે! પણ સાંજ પડે ત્યારે થાય તે ખરૂં. મોટી હોળી જેવી થશે."

આસ્તેથી ભાઈએ બાગને પાણી પાવાનું શરૂ કર્યું. ધડધડ બે ચાર બાલદી ખેચી કાઢી ને ક્યારામાં નાખી. બીજી બે ચાર નાખી.

મોટા ભાઈ કહેઃ "આ તે બાલદી ખાલી આવે છે કે ભરેલી? માલીકોર કોઈ ભૂતબૂત બેઠું છે કે છે શું? આ આઠ બાલદી પાણી ક્યાં ગયું?" આમ જોયું તેમ જોયું પણ ઝાડ જેવું ઝાડ ને ક્યારા જેવો ક્યારો. "હશે, લાવ બે બાલદી વધારે નાખું." વળી બે પાંચ બીજી નાખી. પણ ક્યાં પત્તો લાગે એવું હતું? એ તો વિચારમાં પડ્યો ને કહેઃ "મારૂં સાળું, આમાં કંઈક કરામત છે. જે હોય તે ખરૂં પણ કાંઈ ક્યારો ભર્યો વિના છૂટકો

છે ? નહિતર શેઠ રોટલો ખાવા શાનો આપશે ? ”

ભાઈ તો કાઢવા માંડ્યા બાલદી ઉપર બાલદી. પચીસ, પચાસ, સો: પણ ક્યાં ટેકો બાઝે એમ હતો ? એ તો જેટલી નાખો એટલી હોઈયાં !

મનમાં કહે: “ જેવું કરીએ એવું પામીએ. નાના ભાઈને છેતરવા ગયા ત્યાં આપણે જ છેતરાયા ! પણ હવે બેયને સરખું થઈ રહ્યું. તેરી બી ચૂપ ને મેરી બી ચૂપ.”

આખરે થાકીને ભૂખ્યો ને ભૂખ્યો સૂઈ ગયો. સાંજ પડી. નાનો ભાઈ ગાય લઈને ઘેર આવ્યો; મોટો ભાઈ ઊંઘ લઈને ઊઠ્યો.

મોટો ભાઈ કહે: “ કાં ભાઈ ! ગાય કેવી ? ”

નાનો ભાઈ કહે: “ બે બાલદીથી વધારે પાણી નાખવું નહોતું પડયું ને ? ”

બેઉ ખૂબ હસ્યા. પછી વાળુ કરીને સૂતા.

સૂતાં સૂતાં બંનેએ વિચાર કર્યો: “ આના કરતાં ચોરી કરવી સારી. આવા પ્રમાણિક જીવનમાં તો મરી જઈશું. ” સવારે ઘેર જવાનો નિશ્ચય કરી બંને ભાઈઓ ઊંઘી ગયા.

રાતમાં મોટા ભાઈએ વિચાર કર્યો: “ પાણી નાખી નાખીને થાક્યો તો ય ક્યારો ભરાયો નહિ. એ તે કેવો ક્યારો ? જરૂર ક્યારા નીચે કંઈક હોવું જોઈએ. ” નાના ભાઈને ખબર ન પડે એમ એ ઊઠયો. ક્યારો ખોદ્યો ત્યાં તો નીચે એક ત્રાંબાની કોઠી જણાઈ. વિચાર કર્યો: “ ઠીક છે. બે કલાક ઊંઘ લઈ સવારની કોર કોઠી લઈ પલા-

યત્ન કરી જાઉં. જરૂર એમાં ધન હોવું જોઈએ." એમ કરીને તે સૂતો.

થોડી વાર થઈ ત્યાં નાનો ભાઈ જાગ્યો. વિચાર કર્યો: "આટલું બધું પાણી ક્યારામાં નાખ્યું તે પોલાણ હોવું જોઈએ." નાનો ભાઈ ઊઠ્યો. ક્યારા પાસે ગયો. જઈને જુએ ત્યાં તો ક્યારો ખોદેલો અંદર ત્રાંબાનો ચરૂ જોયો. વિચાર કર્યો: "ઠીક છે; મોટા ભાઈનું કામ લાગે છે. પણ હવે મોટા ભાઈને પણ હાથ બતાવીએ." ચરૂ ખોદીને કાઢવા લાગ્યો. ત્યાં એક બીજો ચરૂ પણ હાથ લાગ્યો. બંને ચરૂ કાઢી તળાવને કાંઠે દાટી આવ્યો. મનમાં ગોઠવી રાખ્યું: "બે ત્રણ દિવસ પછી આવીને ચરૂ લઈ જવા. જો અત્યારે ને અત્યારે લઈને ચાલતો થઈશ તો મોટા ભાઈને વહેમ આવશે."

ચરૂ દાટી કરીને આવીને છાનોમાનો સૂઈ ગયો.

હવે મોટો ભાઈ ઊઠ્યો. ખાડા પાસે જુએ તો ખાડો ખાલીખમ! વિચારમાં પડી ગયો. મનમાં સૂઝી આવ્યું: "આ નાનાનાં કામ હશે. એના વિના બીજા કોઈના ઘા નહિ. પણ ચરૂઓ રાખ્યા હશે ક્યાં? જરૂર ક્યાંક દાટી આવ્યો લાગે છે. ચાલ જોઉં તો ખરો? નાના ભાઈને તપાસું, જો કાંઈ પત્તો મળી આવે તો."

હળવેથી નાના ભાઈનું શરીર જોયું. કાંડા સુધી પગ ગારાવાળા હતા: હાથે પણ થોડોક ગારો ચોંટ્યો હતો.

મોટો ભાઈ સીધો તળાવે ઊપડ્યો. જઈને વિચાર

કરવા લાગ્યો: "ચરૂ ક્યાં દાટ્યા હશે? એ ગોતવું શી રીતે?" એ તો તળાવને ચારે કાંઠે ફરવા લાગ્યો.

ફરતાં ફરતાં જોયું કે ત્રણ કાંઠે દેડકાં ડરાંઉં ડરાંઉં કરતાં હતાં, અને પોતે ત્યાંથી નીકળ્યો એટલે કૂદકા મારીને પાણીમાં પડ્યાં, પણ ચોથે કાંઠે એકે દેડકું બોલતું ન હતું. તરત જ અનુમાન કર્યું: "જરૂર આ કાંઠા ઉપર ભાઈસાહેબ આવ્યા હશે ને અહીં જ ચરૂ દાટ્યા હશે, કેમ કે આ કાંઠાનાં દેડકાં એ આવ્યો હશે ત્યારે માણસનો સંચળ સાંભળીને ભાગી ગયાં હશે." મોટા ભાઈએ ઘડીકમાં ચરૂ શોધી કાઢ્યા. કુંભારવાડેથી એક ગધેડું ચોરીને એના ઉપર ચરૂ મૂકી પોતે ચાલતો થયો.

આ તરફ પરોઢીએ ઊઠીને નાનો ભાઈ મોટા ભાઈને બોલાવે છે ત્યાં તો મોટો ભાઈ ન મળે! મનમાં પામી તો ગયો કે જરૂર મોટા ભાઈએ ચાલાકી વાપરી. તળાવ કાંઠે જઈને જુએ તો ચરૂ ન મળે.

ખાતરી થઈ કે જરૂર મોટો ભાઈ ચરૂ તફડાવી ગયો.

નાના ભાઈએ વિચાર્યું: "હવે શું કરવું?" મનમાં વિચાર કરી લીધો. સગડ જોઈને નક્કી કર્યું કે મોટો ભાઈ ઘરને માર્ગે ગયો છે.

નાના ભાઈએ જરીની ભરેલી બે મોજડી ખરીદી અને ખીસામાં મારી. આડફેટ માર્ગે મોટા ભાઈની આગળ નીકળાય એમ મારી મૂક્યાં.

મોટા ભાઈથી આગળ અરધોક ગાઉ જરીની એક

મોજડી નાખી; મોટા ભાઈને જરા ય જણાવા ન દીધું.

ત્યાંથી એ ખેતરવા વળી દૂર ગયો અને વળી બીજી મોજડી રસ્તાની એ જ બાજુએ નાખી દીધી. પોતે આઘેરાક એક ઝાડ ઉપર સંતાઈને બેઠો.

મોટા ભાઈ ગધેડું હાંકતા હાંકતા ને મનમાં મલકાતા મલકાતા ચાલ્યા આવે છે. ત્યાં રસ્તામાં જરીની મોજડી જોઈ. લેવાનું મન થયું પણ વળી વિચાર કર્યો: "આ એકંજ મોજડીને લઈને શું કરું ? વળી બીજી મોજડી જેની આગળ હોય તે મને પકડી પણ પાડે; માટે કાંઈ નહિ." એમ વિચાર કરી મોજડી ત્યાં ને ત્યાં રહેવા દઈ પોતે આગળ ચાલ્યો.

આગળ ગયો ત્યાં પેલી બીજી મોજડી દીઠી. મનમાં થયું: "આ તો માળું ભૂલ્યો. મોજડી લઈ લીધી હોત તો જ ઠીક થાત. પણ હજી કાંઈ બગડી ગયું નથી. ચાલ પાછો જાઉં અને લઈ આવું. આ ગધેડાને અહીં બાંધી રાખું તો શું ખોટું છે ? નાહકનું સાથે કયાં ફેરવું ?" ભાઈએ તો ગધેડાને નજીકના ઝાડ સાથે બાંધ્યું ને પોતે મોજડી લેવા પાછો ગયો.

નાના ભાઈએ લાગ જોઈ નીચે ઊતરી પોબારા ગણ્યા.

મોટો ભાઈ જાણે બે મોજડી રળ્યો એમ ધારતો ગધેડું બાંધ્યું હતું ત્યાં આવ્યો, પણ ગધેડું ન મળે! "ઠીક છે, બીજો કોણ હોય ?' એ તો ઉતાવળો ઘેર પહોંચી ગયો અને નાનો ભાઈ ઘરે આવે તે પહેલાં ઘરના

બારણા પાછળ સંતાઈને ઊભો રહ્યો.

જ્યાં નાનો ભાઈ ગધેડું લઈને બારણામાં પેસવા જાય ત્યાં મોટાએ કહ્યું: " કાં ભાઈ! પહોંચાડ્યા કે ? લ્યો ચાલો ત્યારે, ચરૂના ભાગ પાડીએ. "

નાનો કહે: " મોજડીના પૈસા તો મેં આપ્યા છે એટલે એ તો મને જ આપજે. "

બેઉ ભાઈ ખૂબ હસ્યા ને એકબીજાએ એકબીજાને ખૂબ વખાણ્યા.

રાત્રે બંને ભાઈઓ ચોરીનો ભાગ પાડવા બેઠા. વેંચતાં વેંચતાં એક સોનામહોર વધી. મોડી રાત થઈ ગઈ હતી એટલે દુકાનો બંધ થઈ ગઈ હતી. વટાવ્યા વિના ભાગ શી રીતે પડાય ?

છેવટે નક્કી કર્યું કે રાત આખી મોટો ભાઈ સોનામહોરો સાચવે, ને સવારે ભાગ પાડી લેવા.

નાનો ભાઈ પોતાને ઘેર જઈ સૂઈ રહ્યો.

મોટા ભાઈએ વહુને બોલાવીને કહ્યું: " જો, જીવ જાય પણ આ સોનામહોરોમાંથી નાનાને ભાગ આપવો નથી. સવાર પડે ને નાનાને આવવાનો વખત થાય એટલે હું ફળીમાં લાંબો થઈ સૂઈ જઈશ, અને મરી ગયેલો દેખાઈશ. નાનો ભાઈ બારણામાં પગ મૂકે કે તરત જ તું રોકકળ કરી મૂકજે એટલે નાનો ભાઈ ચાલ્યો જશે. "

સવાર પડી. નાનો ભાઈ આવ્યો ત્યાં તો ભાભીએ પોક મૂકી. આમ તેમ તપાસી ભાઈના હાલહવાલ જોઈ નાના

ભાઈએ નક્કી કર્યું: "આ બધા ઢોંગ સોનામહોરનો ભાગ ન દેવા માટે છે. ઠીક છે, જોઉં હું કેમ નથી દેતો તે."

નાનો ભાઈ ભાભીને કહેઃ "તમે હવે દૂર રહો. આમાં તમારૂં કામ નથી. મારો ભાઈ છે ના, તે હું બરાબર પહોંચાડીશ."

નાનાએ તો મોટા ભાઈની કાંઠડી ઝાલીને ઉપાડ્યો; ઢસડતો ઢસડતો સ્મશાનમાં લઈ ગયો, ને ચિતા ખડકીને મોટા ભાઈને તેના ઉપર સુવાડ્યો. આ આખા દિવસની ધમાલમાં તો સાંજ પડી ગઈ. જ્યાં ચિતા સળગાવવાનો વિચાર નાનો ભાઈ કરે છે ને બાકસ માટે ખીસામાં હાથ નાખે છે ત્યાં બાકસ ન મળે!

નાનો કહેઃ "હવે શું કરવું? જો બાકસ લેવા જાઉં તો તો આ ચિતામાંથી ઊઠીને ભાગી જાય, ને ન જાઉં તો રાત આખી બેસી રહેવું પડે." આખરે રાત આખી બેસી રહેવાનો વિચાર કર્યો. પણ ચિતા આગળ બેઠે રાત કેમ જાય? છેવટે મોટા ભાઈના શરીરને કાઢીને ઝાડની ડાળે લટકાવ્યું ને પોતે ઝાડ ઉપર ચડીને નિરાંતે સૂતો.

મોટો ભાઈ પણ કાંઈ જેવો તેવો નહતો. ભાગ ન આપવા માટે શરીરે ઉઝરડા સહ્યા, ચિતામાં સૂતો ને છેવટે ઝાડે ય લટક્યો!

જોઈએ છીએ હવે શું થાય છેઃ કોણ જીતે છે ને કોણ હારે છે?

નવ દશનો સુમાર થયો ત્યાં સ્મશાન પાસેથી ચોર

નીકળ્યા. ઝાડે લટકતું મડદું જોઈને તેઓ ખુશ થયા. ચોરો કહે: "શુકન તો સારા થયા. જરૂર આજ સારો તડકો પડશે. જો આપણને ખૂબ માલ મળશે તો આ શબને આપણે કંઈક ધરશું."

ચોરોએ તો નગરશેઠનું ઘર ફાડ્યું; ખૂબ માલ હાથ લાગ્યો. રાજી થતા સ્મશાનને ઓટલે આવીને મડદું લટકતું હતું ત્યાં ભાગ પાડવા બેઠા. ધન ઘણું હતું. એક-બીજાને ભાગ પણ સારો આવ્યો.

ઉપર સૂતેલા નાના ભાઈએ અને લટકતા મોટા ભાઈએ જોયું કે આ ખાજ જવા ન દેવું. ચોરમાં મોર પડીએ તો જ ખરા,

નાનો ભાઈ તો જાણતો હતો કે મોટો જીવતો હતો. ચોરને ખબર ન પડે એમ હળવેક દઈને દોરડું કાપી નાખ્યું ને બોલ્યો: "લેજે, એકે જીવતો ન જાય."

ત્યાં તો મોટો ભાઈ ઉપરથી ધબ દઈને ચોરોની વચ્ચે જ પડ્યો! મડદામાં જીવ આવ્યો કે ભૂત થયું એમ ધારી ચોરો બીના અને ચોરીનો માલ ત્યાં ને ત્યાં રહેવા દઈ ઘર ભેગા થઈ ગયા.

પછી ઉપરથી નાનો ભાઈ પણ ઊતર્યો ને ચોરાઉ માલ લઈને બંને જણા ઘેર આવ્યા; પછી એ પણ વહેંચ્યો ને સોનામહોરો પણ વહેંચી લીધી.

ખાધું પીધું ને મોજ કરી.

# જટો

એક હતી ડોશી. એને એક દીકરો. એનું નામ જટો. મા રાંડીરાંડ હતી. જટાને એણે દળણા દળીને મોટો કર્યો. જટો સોળ વર્ષનો થયો. મા કહેઃ "જટા! હવે તો ક્યાંઇક કમાવા જા? હવે હાથપગ નથી ચાલતા. હવે ઘંટી નથી ફરતી."

જટો કમાવા ચાલ્યો.

રસ્તામાં એક માણસ મળ્યો. તે કહેઃ "કેમ ભાઇ! ક્યાં ચાલ્યા?"

જટો કહેઃ "કમાવા."

પેલો માણસ કહેઃ "ત્યારે ચાલોને મારે જ ત્યાં. હું તમને કામ આપીશ ને કહેશો તે રોજ આપીશ."

જટો કહેઃ "ચાલો ત્યારે. મારી ક્યાં ના છે?"

બંને જણા ઘેર ગયા.

જટો કહેઃ "મારે શું કરવાનું છે?"

માણસ કહેઃ "ખાવું, પીવું ને મજા કરવી. મારીં

સાથે હરવું, ફરવું ને આ મારા ઘરને સાચવવું."

જટો તો ત્યાં રહ્યો. એને તો કામે નહિ ને કાજે નહિ. દિવસ આખો નવરાશ.

જટો કહેઃ "આ નોકરી મજાની!"

એમ કરતાં કરતાં બાર મહિના ગયા.

એક દિવસ પેલો માણસ કહેઃ "જટા! આજે તો મારે ગામતરે જવું છે. આઠ દિવસે પાછો આવીશ. આ ઘર સાચવજે, ખાજે પીજે ને મજા કરજે. પણ જોજે હો, સામેના ત્રણ ઓરડામાંથી એકે ઉઘાડયો તો! મૂઓ સમજજે. આવીશ ત્યારે તારા ધડ ઉપર ડાકું રહેવા નહિ દઉં!"

જટો કહેઃ "ઠીક."

માણસ તો ગયો.

એક દિવસ ગયો, બીજો દિવસ ગયો, ત્રીજો દિવસ ગયો. જટો કહેઃ "ચાલને, આ પહેલો ઓરડો ઉઘાડું ને જોઉં તો ખરો કે એમાં શું છે?"

જટાએ તો ઓરડો ઉઘાડયો.

ઓરડો આખો ખાલીખમ. બારણા પાસે જ એક અભરાઇ હતી; ઉપર એક પીંપરનું ડાળખું પડયું હતું.

જટો કહેઃ "આમાં તે શું જોવાનું છે તે મને ઉઘાડવાની ના પાડી હશે?"

આઠ દિવસ પૂરા થયા ને પેલો માણસ પાછો આવ્યો. ઉઘાડીનેઃ જુએ તો ખબર પડી ગઇ કે જટાએ ઓરડો ઉઘાડયો હતો.

એણે તો જટાનો કાન પકડયોઃ "બોલ, છોકરા! ઓરડો કેમ ઉઘાડયો હતો? બસ, હવે તારૂં મોત આવ્યું."

જટો કહેઃ "ભાઈશા'બ, આ એક ગુનો માફ કરો. એક વાર જવા ધો. હવે કોઈ દિવસ નહિ કરૂં."

થોંટથપાટ કરી જટાને તો જવા દીધો.

થોડા દિવસ ગયા એટલે પેલા માણસે વળી જટાને કહ્યું: "જટા! આ વખતે તો ચૌદ દિવસનું ગામતરૂં છે. સાચવીને રેહેજે. પણ જોજે, પેલા બે ઓરડામાંથી એકે ય ન ઉઘાડતો. ઉઘાડીશ તો મૂઓ પડયો સમજજે. આ વખતે જતો નહિ કરૂં."

આઠ દિનસ ગયા એટલે જટાનું મન ચળ્યું. તે કહેઃ "લાવને, જોઉં તો ખરો કે મહીં શું છે? એ તો નાહકની ના પાડે છે. પહેલા ઓરડામાં કંઈ યે ન હતું."

જટે બારણું ઉઘાડયું. ઓરડામાં કંઈ યે નહિ. એક અભેરાઈ ઉપર એક મોટો બધો પથરો હતો ને તેની ઉપર પાણી ભરેલું બેડું હતું.

જટો બબડયોઃ "આમાં તે શી મોટી હમિયાણી દાટી છે તે ઉઘાડવાની ના પાડતો હશે?"

પણ બીજા આઠ દિવસ ગયા એટલે પેલો માણસ આવ્યો, ને જટાને ફરી વાર માર પડયો.

થોડો વખત ગયો ત્યાં શેઠને વળી ગામ જવાનું આવ્યું. બધી ભળભળામણ કરી શેઠ જટાને કહેઃ "જો, જટા! હવે આ ત્રીજો ઓરડો ઉઘાડયો છે તો તારૂં આવી

બન્યું સમજજે. પછી તારી શેકકળ કે આજીજી નહિ ચાલે. મોત જ આવ્યું જાણજે !"

શેઠ તો ગયા.

પણ જટાથી ન રહેવાયું. તે કહેઃ "થવાનું હોય તે થાય. બારણું તો ઉઘાડવા જ દે !"

જટે તો બારણું ઉઘાડ્યું.

ઉઘાડે ત્યાં તો એમાં એક કાળો ઘોડો બાંધેલો. ઘોડા આગળ ગમાણમાં ઘાસને બદલે સળગતા કોલસા હતા ને ખડનો પૂળો પૂંછડે બાંધ્યો હતો. જટાને તો એ જોઇને ભારે નવાઇ લાગી. એને ઘોડાની દયા આવી. પૂંછડેથી ઘાસ છોડીને એણે ઘોડાને નાખ્યું. ત્યાં તો ઘોડો ખોંખારીને બોલ્યોઃ "છોકરા ! ઠીક થયું. કે તેં આ ઓરડો ઉઘાડ્યો. આ આપણો શેઠ કાફરના પેટનો છે. મને તો અહીં પૂર્યો છે ને ખાવાનું આપતો નથી, પણ તને તો બે દિવસમાં મારી જ નાખવાનો છે !"

જટો ગભરાયો.

ઘોડો બોલ્યોઃ "ગભરાઈશ નહિ. જા, મેડી ઉપર જઇને ઘણી બધી તલવારો પડી છે તેમાંથી એક તલવાર અને એટલાં બધાં બખતરો પડ્યાં છે તેમાંથી એક બખતર લઇ આવ. પણ જોજે, ચળકતી મજાની તલવારમાં જીવ ન ઘાલતો ને રૂપાળા દેખાતા બખતરની સામે ય ન જોતો. કાટ ખાઇ ગયેલ તલવાર ને જૂનું સડી ગયેલું બખતર લેજે. જોજે, ભૂલતો નહિ."

જટો તો કહેવા પ્રમાણે બધું લઇ આવ્યો.

ઘોડો કહેઃ "જો હવે ઉતાવળ કર. પહેલા ઓરડામાં જે પીંપરનું ડાળખું છે તે, અને બીજામાં જે પથરો અને એડું છે તે લઇ આવ. વહેલો થા. પેલો આવશે તો જોયા જેવી થશે. બેઉ મૂઆ પડ્યા જાણજે."

પલકારામાં જટો બધું લઇ આવ્યો; ઝટ દેતોકને એ ઘોડા ઉપર પલાણ્યો. ઘોડો અને જટો તો ત્યાંથી પવન વેગે ક્યાંના ક્યાંઈ નીકળી ગયા.

પણ ત્યાં તો ઘોડાએ કહ્યું: "જટા! જો તો ખરો, મને કંઇક સંભળાય છે. ચારેકોર બરાબર જો જોઇએ, કંઇ દેખાય છે?"

જટો કહેઃ "એ પણે ધૂળનો મોટો જબરો વંટોળિયો ને ટોળાબંધ માણસો આવે છે. એવાં તો બિહામણાં લાગે છે કે બસ!"

ઘોડો કહેઃ "હં, પેલાને બધી ખબર પડી ગઇ લાગે છે. એ જ આપણી વાંસે આવે છે. એ બિહામણા બધા એના નોકરો છે. પણ ફિકર નહિ; એને પહોંચવા નહિ દઉં. જો આ પીંપરનું ડાળખું નીચે નાખી દે."

જ્યાં પીંપરનું ડાળખું નીચે પડ્યું ત્યાં તો તે ઠેકાણે એક મોટું ગીચ જંગલ ઊગી નીકળ્યું: દિવસે પણ સૂરજનો તડકો ન પડે એવું! પેલો શેઠ અને તેના નોકરો તો એ જંગલ કાપવા લાગ્યા. જંગલ કપાય કપાય ત્યાં તો ઘોડો ક્યાંનો ક્યાંઇ પહોંચી ગયો.

પણ થોડી વાર થઈ ત્યાં ફરી ઘોડે કહ્યું: " જટા! જો તો ખરો, મને કંઇ વાંસે આવતું હોય એમ લાગે છે.

જટો કહે: " હા હા, એ....પણે દોડ્યો આવે. મોટું ટોળું લાવ્યો છે. "

ઘોડો કહે: " જો હવે પેલો પથરો ફેંક. જોજે, પથરો ફેંકતાં તું પડી ન જતો. "

જટે પથરો ફેંક્યો ત્યાં જ એમાંથી મોટો ડુંગર થઇ ગયો!

શેઠ તો દાંત કચકચાવવા લાગ્યો. પણ કરે શું? એના માણસો અને એ ડુંગર ખોદવા લાગ્યા.

એટલામાં તો ઘોડો ક્યાંઇ નીકળી ગયો. પણ થોડી વાર થઈ ત્યાં તો પાછા શેઠ ને નોકરો પાછળ ને પાછળ!

ઘોડો કહે: " માર્યા! આ તો સાવ નજીક આવી ગયો છે. હરકત નહિ. જો આ 'પાણીનું' બેડું નીચે ઢલવી દે. જોજે, એનું એક ટીપું પણ મારી પીઠ ઉપર ન પડે એ ધ્યાન રાખજે. "

જટે જ્યાં બેડું ઢલવ્યું ત્યાં તો ત્યાં ને ત્યાં એક મોટું સરોવર બની ગયું. પણ નસીબ વાંકાં તે ઢલવતાં ઢલવતાં એક ટીપું ઘોડાના વાંસા ઉપર પડયું. એટલે એવું થયું કે ઘોડો અને જટો સરોવરને બીજે કાંઠે નીકળવાને બદલે તેની વચ્ચે રહી ગયા. મહા મહેનતે ઘોડો તરીને સામે કાંઠે નીકળ્યો.

પેલો શેઠ અને તેના માણસો તો તળાવ આખું

પીવાજ લાગ્યા. પીતાં પીતાં એમણે સરોવર આખું સૂકવી નાખ્યું.

એટલામાં તો જટો અને પેલો ઘોડો એક લીલી એવી ખીણમાં પહોંચી ગયા.

પછી ઘોડે કહ્યું: "જો, હવે મારા ઉપરનો સામાન ઉતારી નાખ, તારૂં બખતર પણ કાઢી નાખ, આ ઝાડની પોલમાં તલવાર ને બધું મૂકી દે, ને સામે રાજાનો મહેલ છે ત્યાં જઇ રસોયાની નોકરી માગ. મારૂં કામ પડે ત્યારે મને બોલાવજે. લે આ લીલની ટોપી પહેરતો જા."

જટે જ્યાં લીલની ટોપી પહેરી ત્યાં તો એનો ચહેરો સાવ ફિક્કો પડી ગયો. જટો તો એવો બદલાઇ ગયો કે એને કોઈ ઓળખે જ નહિ.

પછી જટો રાજાના મહેલમાં નોકર રહ્યો. બધા એની મશ્કરી કરે ને કહે: "આ માથે શું રાખ્યું છે? નાખી દે." જટો તો હસે પણ ટોપી ઉતારે નહિ.

સૌ કહે: "જરા ચસ્કેલ લાગે છે."

એક દિવસ જટો રાજાના બાગમાં ઊંઘી ગયો હતો. એટલામાં ત્યાંથી રાજકુંવરી નીકળી તે પેલી લીલની ટોપી જોઇને હસી. હળવેક દઇને એણે લીલની ટોપી ઉતારી ત્યાં તો એક રૂડો રૂપાળો જુવાન છોકરો! રાજકુંવરી તો એના ઉપર મોહિત થઇ ગઇ. જટાને એણે સારાં સારાં કપડાં આપ્યાં, ખાવાનું આપ્યું ને પોતાની પાસે જ રાખ્યો.

બીજા નોકરોને જટાની અદેખાઇ આવી. એમણે

જઈને બધી વાત રાજાને કહી. રાજા તો ખૂબ ખિજાયો. એણે તો જટાને પકડીને એક ઊંચો મિનારો હતો એમાં પૂર્યો. કુંવરી ઘણી રોઈ પણ રાજાએ માન્યું જ નહિ.

ઘણો વખત ચાલ્યો ગયો. એક વાર એ રાજાને બીજા રાજા સાથે લડાઈ થઈ. રાજા તો લડવા ચાલ્યો.

જટાએ કહેવરાવ્યું: "મને લડવા લઈ જાઓ. તમને ગમે તો ભલે મને સડેલું બખતર, કટાઈ ગયેલી તલવાર ને લંગડું ઘોડું આપજો."

બધા કહે: "આપોને એને એવું બધું! જોઈએ તો ખરા કે ભાઈ શું કરે છે?"

રાજા કહે: "ઠીક."

જટાને એક ઘોડું આપ્યું એના ત્રણ પગ રાંટા ને ચોથો વાંસે ઢસરડાય; તલવારનું કાતું તો એવું કે ત્રણસો વરસનું જૂનું બખતરની તો વાત જ શી કરવી?

લશ્કર તો ઊપડ્યું.

જટાભાઈનું ઘોડું તો કેમે ય ન ચાલે. ડચકારા કરી કરીને થાકયા, ઘણા ચાબખા માર્યા, ઘણી એડીઓ મારી પણ ઘોડું કેમે કરી ચાલે નહિ. બધા મશ્કરી કરતા જાય ને પાસે થઈને ચાલતા થાય.

એમ કરતાં કરતાં જટો પેલા પોલા ઝાડ પાસે આવ્યો. ચટ દેતોકને ઘોડેથી ઊતર્યો, બખતર બદલી નાખ્યું, કાતું ફેંકી દઈ પેલી પોતાની તલવાર લીધી અને પોતાના ઘોડાને બોલાવ્યો.

ત્યાં તો ઘોડો તૈયાર જ હતો. જટે તો ઉપર બેસી ઘોડાને મારી મૂકયો. લડાઇ તો જામી હતી. દુશ્મન બળવાન હતો. રાજાના હજારો માણસોનો એણે ઘાણ કાઢી નાખ્યો હતો. ત્યાં જટો પહોંચ્યો.

બંને રાજા સામસામા લડતા હતા. ભેટભેટા થઇ ગયાં હતા. તલવારની ઝપાઝપી ચાલતી હતી. જટાના રાજા ઉપર એક સખત ઘા આવ્યો. ઘા એવો હતો કે જો કોઈ ન ઝીલે તો રાજા ભસ દઈને હેઠો પડે. પણ ત્યાં તો જટે ઘોડો કુદાવ્યો ને એક ઝપાટે દુશ્મનની તલવારના બે કટકા! ઝપોઝપ દુશ્મનના માણસો કાપી નાખ્યા.

આખા લશ્કરમાં જટો જટો થઈ રહ્યું. રાજા જટા ઉપર ખુશખુશ થઈ ગયો. રાજાએ તો એને પોતાની કુંવરી પરણાવી ને અરધું રાજપાટ આપ્યું.

જટો તો ખુશખુશ થતો પોતાના ઘોડા પાસે આવ્યો. જઈને કહેઃ " સાબાશ છે, મારા દોસ્ત! આ બધું તારે પ્રતાપે છે.

ઘોડો કહેઃ " જો ભાઈ! હવે મારૂં એક કામ કર. આ તારી તલવારથી મારૂં ડોકું ઉડાવી દે."

જટો કહેઃ " શું? શું બોલ્યો? એ મારાથી નહિ જ બને."

ઘોડો કહેઃ " જો તું મને ખરેખર ચાહતો હો તો તારે એમ જ કરવું જોઇએ."

જટો કહેઃ " શું! તેં મને રાજપાટ ને રાજકુંવરી

અપાવી તેનો હું આવો બદલો આપું ? ”

ઘોડો કહે: “ જો મારું ભલું ચાહતો હો તો એમ જ કર. મેં તારી સેવા બજાવી છે; મારી આટલી સેવા હવે તું કર. ”

જટાએ વિચાર્યું કે ઘોડો કહે છે તેમ કરવામાં જ કાંઈક કારણ હશે. એણે તો ઝટ કરતી તલવાર ઉપાડી ને ઘોડાનું ડોકું ઉડાવી દીધું. પણ ત્યાં તો જટાની સામે એક સુંદર રાજકુંવર ખડો થઈ ગયો !

રાજકુંવર કહે: “ જટા ! હું એ જ પેલો ઘોડો છું; ચમકતો નહિ. પેલા શેઠે મને જાદુ કરીને ઘોડો બનાવ્યો હતો. આજે હું પાછો રાજકુંવર થયો છું.

પછી બંને જણા મિત્રો થઈને રહ્યા. જટાએ પોતાની માને તેડાવી, ને સૌએ ખાધું પીધું ને રાજ કર્યું.

# નાગકુમાર

એક મોટું જંગલ હતું; એમાં એક કણબી અને એક કણબણ રહે; ઘરમાં બીજું કોઇ માણસ નહિ. કણબીને કાંઇ છોકરાંછૈયાં ન હતાં.

કણબી પરગામ જાય ત્યારે કણબણને આખો દહાડો અને આખી રાત એકલાં રહેવું પડે.

કણબણને એકલાં જરા યે ગમે નહિ, પણ શું કરે?

તે રોજ પરમેશ્વરની પ્રાર્થના કરે ને કહેઃ "હે પરમેશ્વર, હે ભગવાન! મને એક છોકરો આપ તો બહુ જ સારૂં થાય."

તે કહેઃ "બીજી કણબણો તો છોકરાને મારે છે પણ હું તો એને હાથ પણ નહિ અડાડું."

તે કહેઃ "બીજી કણબણો તો પોતાના છોકરાને ગાળો દે છે પણ હું તો એને મીઠી મીઠી વાતો કહીશ."

વળી કહેઃ "બીજી કણબણો તો પોતાના છોકરાને વઢે છે પણ હું તો મારા છોકરાને ખોળામાં બેસારીને

બચી લઈશ."

તે કહે: "હું તો મારા છોકરાને રોજ નવરાવીશ સારૂં સારૂં ખવરાવીશ ને રૂપાળાં ધોળાં ધોળાં કપડાં પહેરાવીશ."

આમ એક દિવસ બેઠીબેઠી તે પરમેશ્વરની પ્રાર્થના કરતી હતી ત્યાં કોઈક બોલ્યું: "ડોશીમા, ડોશીમા! હું તમારો દીકરો થઈને રહું?"

ડોશીએ તો આમતેમ જોયું પણ ઘરમાં કોઈ નહિ.

ત્યાં તો ફરી વાર કોઈક બોલ્યું: "માડી! જવાબ કેમ આપતાં નથી? મને તમારો દીકરો કરીને રાખોને? મને રાખો તો તમને રાજપાટ અપાવીશ."

અવાજ કોઠી નીચેથી આવતો હતો. વાંકું વળી જ્યાં ડોશી નીચે જુએ ત્યાં તો એક મોટો બધો નાગ!

નાગનું આખું શરીર પીળુંપીળું સોના જેવું. એની બે આંખો તો જાણે નાના નાના બે હીરા!

નાગ હળવે હળવે બહાર આવ્યો ને કોથળા ઉપર બેસીને બોલ્યો: "માડી! મારાથી બીશો નહિ. મને તમે રાખો. હું તમારો દીકરો ને તમે મારી મા. તમે મને વાતો કહેજો ને હું તે સાંભળીશ. મારા બાપા પરગામ જશે ત્યારે હું ઘરની ચોકી કરીશ ને તમે માંદાં પડશો ત્યારે તમારા પગ દાબીશ."

ડોશી કહે: "ઠીક બાપુ! આજથી તું મારો દીકરો ને હું તારી મા."

પછી તો નાગકુમાર ડોશીમાની સાથે રમે, જમે ને આખો દહાડો મજા કરે. કોઈ વાર તો એના બાપા સાથે ફરવા પણ જાય.

એમ કરતાં કરતાં ઘણાં ય દિવસો વીતી ગયા. નાગકુમાર પચીશ વર્ષનો થયો.

એક દિવસ નાગકુમાર કહેઃ "માજી! તમે હવે ઘરડાં થયાં છો. આખો દહાડો તમારા એકલાંથી કામ કેમ થાય? મારે કાંઈ તમારા જેવા હાથપગ થોડા જ છે કે હું ઘરનું વાસીદું વાળું ને રાંધણું રાંધું? મને કોઈક રાજાની કુંવરી પરણાવોને? રાજાની કુંવરી આવીને ઘરનું બધું કામ કરશે. પછી તમે નવરાં થશો એટલે હું તમારા ખોળામાં બેસીશ, ને તમે મને રમાડજો ને વારતા કહેજો. તમને તો સારી સારી વારતા આવડે છે."

મા કહેઃ "દીકરા! આપણે રહ્યાં ગરીબ માણસ. રાજાની દીકરી આપણે ઘેર તે ક્યાંથી હોય? રાજાની દીકરી તો રાજકુંવર સાથે પરણેને?"

નાગકુમાર કહેઃ "એમ તે હોય? કાલે મારા આપાને રાજા પાસે મોકલો ને રાજાને કહેવડાવો કે અમારા દીકરા વેરે તમારી કુંવરીને પરણાવો."

ડોશી કહેઃ "પણ રાજા તો આપણે એવું કહીએ એટલે મારી જ નાખેને?"

નાગકુમાર કહેઃ "એનું તમારે શું કામ છે? રાજા આપણને મારી નાખે તો મારે માથે, પછી છે કાંઈ?"

કણબી તો બીજે દિવસે વહેલો ઊઠીને રાજાની કચેરીમાં ગયો. જઈને કહે: "રાજાજી, રાજાજી! મારે એક નાગકુમાર છે. એનું આખું શરીર સોનેરી છે. એની આંખો તો જાણે હીરા. એ કહે છે કે મારે રાજાની કુંવરી સાથે પરણવું છે. તમે તમારી કુંવરીને મારા નાગકુમાર સાથે પરણાવશો ?"

રાજા હતો લહેરી. તે કહે: "ભલે. એમાં શું ? એવા રૂપાળા કુંવર સાથે મારી કુંવરી જરૂર પરણાવીશ. પણ એને કહેજે કે જો આ મારા બાગનાં બધાં ઝાડોને તે સોનાનાં બનાવી દે તો હું કુંવરી આપું. પણ જોજે હો, એકેએક ઝાડ ને એકેએક ફૂલ સોનાનું થઈ જવું જોઈએ."

કણબીએ ઘેર આવીને બધી વાત નાગકુમારને કહી.

નાગકુમાર કહે: "લ્યો આ રાખ. જે ઝાડ ઉપર એ છાંટશો તે ઝાડ સાવ સોનાનું થઈ જશે."

બીજે દિવસે સવારે રાજા બાગમાં જઈને જુએ ત્યાં તો આખો બાગ સોનાનો. એકેએક ફૂલ સોનાનું: એકેએક ઝાડ સોનાનું: એકેએક ડાળી સોનાની !

કણબી કહે: "હવે મારા કુંવરને તમારી કુંવરી પરણાવો."

રાજા કહે: "હજી વાર છે. આ મારા બાગની બધી જમીન તમારો કુંવર હીરામાણેકની કરી દે તો કુંવરી પરણાવું. એમ રાજાની કુંવરી કાંઈ રેઢી પડી છે ?"

નાગકુમારે કણબીને કહ્યું: "લ્યો આ પાણીની શીશી.

આખા બાગમાં છાંટી દેજો એટલે બાગની જમીન હીરા-માણેકની થઈ જશે."

રાજા તો વહેલો ઊઠીને બાગમાં જુએ છે ત્યાં તો બાગ આખો હીરામાણેકનો! રાજા ખુશીખુશી થઈ ગયો.

કણબી કહેઃ "રાજાજી! હવે કુંવરની જાન લઈને ક્યારે આવું?"

રાજા કહેઃ "હજી થોડી વાર છે. તારો નાગકુંવર આ મારો મહેલ સાવ સોનાનો બનાવી દે તો પછી હું મારી કુંવરી પરણાવું."

નાગકુમારે કણબીને સાવરણી આપી કહ્યું: "જાઓ, બાપાજી! આ સાવરણી જ્યાં જ્યાં અડાડશો ત્યાં ત્યાં સાવ સોનું થઈ જશે."

કણબીએ તો આખો મહેલ વાળી નાખ્યો. પછી તો મહેલ સાવ સોનાનો થઈ ગયો; સૂરજના તડકામાં ચળક ચળક થાય.

રાજા કહેઃ "ભલે, હવે જાન લઈને આવો."

નાગકુંવર કહેઃ "લ્યો આ ધૂળ, ને છાંટો પેલા તુલસીના પાંદડા ઉપર."

ધૂળ છાંટી ત્યાં તો પાંદડામાંથી કેટલા ય હાથી, ઘોડા, સિપાઈ, રથ ને વેલડીઓ બની ગઈ; સરણાઈ ઢોલ ને નગારાં વાગવા લાગ્યાં.

ધોળા હાથી ઉપર સોનાની અંબાડીમાં નાગકુમાર બેઠો. ફેણ એમ ઊંચી રાખી. શું એનું રૂપ! ચામડીનું

સોનેરી તેજ તો જાણે સવારે ઊગતો સૂરજ ચળક્યો.

ડોસો ડોશી વેલમાં બેઠાં બેઠાં નાગકુંવરનાં ગીત ગાતાં હતાં. વાજતે ગાજતે જાન રાજમહેલ પાસે આવી. વરરાજાને જોવા ગામ આખું એકઠું થયેલું. પણ વરરાજા જ્યાં અંબાડીમાંથી નીચે ઊતર્યા ત્યાં તો બધાં ય બી ગયાં, ને ચારેકોર ભાગાભાગ ને નાસાનાસ !

મોટો જબરો નાગ ! મોટું એનું શરીર, મોટી એની ફેણ ને મોટી એની આંખો.

એકલી રાજકુંવરી નાગકુમારનું સામૈયું કરવા આવી. નાગકુમારને તે પગે લાગી ને ઊભી રહી.

પછી નાગકુમાર કહે: " રાજકુંવરી ! ચાલ મારી સાથે. હું કોણ છું તે તને બતાવું."

રાજકુંવરી ને નાગકુમાર એક ઓરડામાં ગયાં. ત્યાં બીજું કોઈ નહોતું. નાગે કાંચળી કાઢી નાખી ત્યાં તો અંદરથી એક રૂપાળો રૂપાળો રાજકુંવર ! સાચેસાચો જ રાજકુંવર !

રાજા તો છાનોમાનો એક તડમાંથી નાગકુમાર શું કરે છે તે જોતો હતો. નાગે પોતાની કાંચળી એક ખૂણામાં કાઢી મૂકી તે એણે જોઇ. એના મનમાં થયું: ' આ કાંચળી બાળી નાખું તો કુંવર ફરી વાર નાગ થઈ શકે નહિ. "

તેણે એકદમ અંદર આવીને કાંચળી ઉપાડીને આગ મૂકી દીધી. કાંચળી હડહડ બળવા લાગી તેમ તેમ રાજકુંવરનું શરીર બળવા લાગ્યું. પણ ત્યાં તો રાજકુંવર

એક હોલું થઈને ઊડ્યો.

ઊડતાં ઊડતાં એને બારીનો કાચ લાગ્યો. માથામાંથી લોહી નીકળ્યું ને કાચ માથામાં ખૂંચી ગયો.

નાગકુમાર તો ઊડતો ઊડતો પોતાના રાજમાં ગયો. ત્યાં એના બાપે એને ઓળખ્યો.

કુંવર તો માંદો પડ્યો. એના માથામાં દુઃખ એવું થતું હતું કે વાત કરો મા. ઘણા હકીમો ને ઘણા વૈદ્યોએ દવાદારૂ કર્યાં. પણ કાંઈ વળ્યું નહિ.

પોતાના બાપે નાગકુમારની કાંચળી બાળી નાખી હતી તેથી રાજકુંવરીને બહુ ખોટું લાગ્યું હતું. એ તો રાજપાટ છોડીને રાજકુંવરને શોધવા નીકળી પડી.

રસ્તામાં એક મોટું જંગલ આવ્યું. સાંજ પડી ગઈ હતી એટલે તે એક વડના ઝાડ નીચે રાત રહી. સવાર પડી ત્યાં તો બધાં પક્ષીઓ રડવા લાગ્યાં.

એક શિયાળ એ રસ્તે જતું હતું. તેણે પક્ષીઓને પૂછ્યું: "બાપુ! રોજ ઊઠીને મીઠાં મીઠાં ગીત ગાઓ છો ને આજે કેમ રડો છો?"

પક્ષીઓ કહે: "નાગકુમારનું આજે મોત છે. એના માથામાં કાચ લાગ્યો છે. તે કેમે કરી નીકળતો નથી."

શિયાળ કહે: "પણ બચવાનો કાંઈ રસ્તો ખરો?"

એક પક્ષી કહે: હા; મારું લોહી લઈને કોઈ એના ઘા ઉપર લગાડે તો રાજકુંવર તરત સાજો થાય."

રાજકુંવરીએ તે સાંભળ્યું; એ તો રડવા લાગી.

શિયાળ કહેઃ “ બેન, બાપુ ! શા માટે રડે છે ? ”

કુંવરી કહેઃ “ નાગકુમાર મારો વર છે. એને શોધવા હું જાઉં છું; પણ એ તો આજે જ મરી જશે. હાય હાય ! હવે હું શું કરીશ ? ”

શિયાળ કહેઃ “ ફિકર નહિ, બેન ! હમણાં જ હું આ પક્ષી મારીને આપું છું. એનું લોહી લઈને તું જજે. ”

પછી તો શિયાળે પક્ષીને માર્યું ને રાજકુંવરીએ પક્ષીના લોહીને એક કાચલીમાં રાખી લીધું.

બીજે દિવસે સવારે રાજકુંવરી નાગકુમારના દેશમાં આવી. કુંવરીએ તો હકીમનો વેશ લીધો ને રાજકુંવરની દવા કરવા ચાલી.

મહેલમાં જઈને જુએ તો રાજકુંવર મરવાની અણી ઉપર. એકદમ કાચલીમાંથી લોહીનાં થોડાંક ટીપાં માથા ઉપર મૂક્યાં ત્યાં તો કુંવર જાગી ઊઠ્યો.

એટલામાં તો રાજકુંવરીએ હકીમનો વેશ કાઢી નાખ્યો ને રાજકુંવરી થઈને ઊભી રહી.

રાજકુંવર અને રાજકુંવરી ફરી પાછાં મળ્યાં અને રાજીરાજી થઈ ગયાં.

પછી તો નાગકુમારે પેલાં કણબી અને કણબણને જંગલમાંથી બોલાવ્યાં ને પોતાના મહેલમાં જ રાખ્યાં. સૌએ ખાધું, પીધું ને રાજ કર્યું.

---

# સાગરની સુંદરી

એક હતો મચ્છીમાર. એક વાર એ માછલાં મારીને ઘેર આવતો હતો. રસ્તામાં એણે કેટલાએક વાઘરીના છોકરાઓને એક કાચબીને મારતા જોયા.

કેટલાએક છોકરાઓ એના ઉપર ગારો નાખતા હતા અને કેટલાએક એના ઉપર પથરા ફેંકતા હતા.

કાચબી બિચારી ઘણું દોડતી હતી પણ છોકરાઓ તેને વારે વારે પકડીને પછાડતા હતા.

મચ્છીમારને કાચબીની દયા આવી. એણે વાઘરીના છોકરાઓને કહ્યું: “ બાપુ ! આ બિચારી કાચબીને શા સારૂ મારો છો ? એણે તમારૂં શું બગાડ્યું છે ? ”

છોકરાઓ કહે: “ તું તારે રસ્તે ચાલ્યો જાને ! તારે એટલી બધી શી પંચાત છે ? ”

મચ્છીમારે કહ્યું: “ તમારે ગોઠ લેવા પૈસા જોઈતા હોય તો આ લ્યો, પણ આ કાચબીને છોડી દ્યો. ”

છોકરાઓ કહે: “ એક ખોબો ભરીને પૈસા આપ

તો કાચબીને છોડીએ."

મચ્છીમારે તો ખોબો ભરીને પૈસા આપ્યા એટલે છોકરાઓ કાચબીને મૂકીને દાળિયા લેવા દોડ્યા. મચ્છીમારે કાચબીને હાથમાં લીધી ત્યાં તો કાચબી એની સામે જોવા લાગી. એની આંખો એવી ચળકતી હતી કે બસ !

મચ્છીમારને લાગ્યું કે જરૂર આ કાચબી દેવતાઈ હોવી જોઈએ. પાતાળમાંથી ફરતી ફરતી અહીં આવી ચડી હશે. મચ્છીમારે કાચબીને કહ્યું: "બાપુ ! હવેથી અહીં આવીશ નહિ. અહીં તો બધા પાપી માણસો રહે છે."

કાચબી કંઈ બોલી નહિ પણ મચ્છીમારની સામે ને સામે જ જોઈ રહી.

પછી મચ્છીમારે કાચબીને દરિયામાં મૂકી દીધી. કાચબી તો એકદમ દરિયામાં ઊંડે ઊંડે ઊતરી ગઈ.

મચ્છીમાર ઘેર આવ્યો.

એક દિવસ મચ્છીમાર પોતાની નાની એવી હોડી લઈ માછલાં પકડવા ગયો.

પવન બહુ હતો તેથી હોડી દરિયામાં દૂર ને દૂર તણાવા લાગી.

હોડીને કાંઠે લાવવા મચ્છીમાર ખૂબ મહેનત કરતો હતો પણ હોડી કેમે ય પાછી વળતી ન હતી.

એટલામાં કોઈક કાંઈક બોલ્યું. મચ્છીમાર મનમાં ને મનમાં કહે: "અહીં કોણ બોલે છે ? અહીં તો હું એકલો છું ને માણસનો અવાજ ક્યાંથી આવે છે ?"

ત્યાં તો ફરી વાર કોઈ બોલ્યું. મચ્છીમારે આમ-તેમ ચારેકોર જોયું પણ કોઈ ન મળે.

મચ્છીમાર વિચારમાં પડ્યો. ત્યાં તો પેલી કાચબી પાણી ઉપર દેખાઈ.

કાચબી કહેઃ "મને ઓળખી કે? તે દિવસે તેં મને માર ખાતી બચાવી હતી, ખરું ને?"

મચ્છીમાર કહેઃ "અલી તું અહીં ક્યાંથી?"

કાચબી કહેઃ "અહીં પાણી નીચે મારું ઘર છે. ત્યાં હું રહું છું. ખાઉં છું, પીઉં છું ને મજા કરું છું. મારી સાથે તું ચાલ; હું તને મારું સુંદર ઘર બતાવું."

મચ્છીમારે કાચબી સામે નીરખીને જોયું. કાચબીની આંખો પહેલાં જેવી જ ચળકતી હતી. તેના મનમાં થયું કે જરૂર આ જ પેલી દેવતાઈ કાચબી.

તેણે કહ્યું: "હું તારી સાથે આવું, પણ પાણીમાં મારાથી અવાય શી રીતે? પાણીમાં તો હું મૂંઝાઈને મરી જાઉં."

કાચબી કહેઃ "બેસી જા આ મારી પીઠ ઉપર. તારા શરીરને પાણીનું એકે ટીપું નહિ અડે. કાચબીની ગાડીમાં બેસીને પાણીમાં તરવાની ભારે મજા પડશે."

કાચબી પોતાની પીઠ ધરી ઊભી રહી. મચ્છીમાર હોડીમાંથી કાચબીની પીઠ ઉપર કૂદી પડ્યો. પછી કાચબી અને મચ્છીમાર પાણીમાં ચાલ્યાં.

પાણીમાં તો મોટો એવો મારગ થઈ ગયો. મચ્છી-

મારને પાણીમાં બધું દેખાતું હતું.

પહેલવહેલાં તેને નાનાં નાનાં માછલાં ને નાના નાના કરચલા દેખાયા. પછી તેણે મોટાં મોટાં માણસ જેવડાં માછલાં જોયાં. પછી તો મોટી મોટી મગરો નજરે પડી. એક ઠેકાણે તો મોટા મોટા જળચર ઘોડાઓ પણ દેખાતા હતા.

પણ એકે ય પ્રાણી મચ્છીમારને કરડવા આવતું ન હતું. કાચબીને જોઈ બધાં પ્રાણીઓ તેને સલામ કરતાં હતાં.

ખૂબ ઊંડે ગયાં ત્યાં તો મોતીના ઢગલેઢગલા દેખાયા. ત્યાંથી ય ઊંડે ગયાં એટલે સુંદર સંગીત સંભળાયું. થોડી વાર થઈ ત્યાં તો એક મોટો દરવાજો આવ્યો.

મચ્છીમાર કાચબીની પીઠ ઉપરથી ઊતર્યો ત્યાં તો પગ નીચે જમીન જેવી જમીન ! દરવાજાનાં બારણાં ઊઘડી ગયાં. સિપાઈઓએ કાચબીને સલામ ભરી. કાચબી અને મચ્છીમાર બાગમાં પેઠાં.

મચ્છીમાર તો વિચારમાં જ પડી ગયો. તેને થયું: “ આ તે કોઈ દેવી હશે કે કોઈ અપ્સરા હશે ? ”

કાચબી મોઢા આગ મચ્છીમાર પાછળ.

બાગ તો એવો સુંદર કે મચ્છીમારે કોઈ દિવસ જન્મારામાં જોયેલો જ નહિ.

બાગમાં ઠેકાણે ઠેકાણે ફુવારા; ફુવારે ફુવારે રંગ-બેરંગી માછલાં. ગુલાબ, ચંપો, ડોલર, મોગરો ને જૂઈ-જાઈનો તો પાર જ નહિ. ફૂલોના ઢગલેઢગલા. ફળ

તો એટલાં બધાં કે કોઈ ખાય પણ નહિ.

મચ્છીમારના મનમાં થયું: "આ તે હું જાગું છું કે સ્વપ્નમાં છું!"

ચાલતાં ચાલતાં મહેલ પાસે આવ્યાં.

દરવાજે બેઠેલા સાત સિપાઈઓ ઊભા થયા ને કાચબીને સલામ ભરી.

પછી મહેલને પહેલે માળે ગયાં. પહેલે માળેથી બીજે માળે ગયાં. બીજે માળેથી ત્રીજે માળે ગયાં. ત્રીજે માળેથી ચોથે માળે ગયાં. એમ કરતાં પાંચમે, છઠ્ઠે ને સાતમે માળે ગયાં.

શો સુંદર એ મહેલ! ભીંતો તો હીરામાણેકની, અને જમીન ઉપર રત્નોની લાદી જડેલી. ઓરડાની વચ્ચે એક રૂપાળું કૂંડું હતું, અને એમાં સોનાનું સૂર્યમુખી ફૂલ હતું.

મચ્છીમાર તો ગાંડો થઈ ગયો!

તેને થયું: "આ તે બધું શું હશે? આ તે કોઈ જાદુનો દેશ હશે કે શું?"

કાચબી એક સુંદર પલંગ ઉપર બેઠી. એટલામાં તો હજાર માછલાં આવીને તેની આગળ નાચ કરવા લાગ્યાં. કેટલાંક માછલાં તબલાં વગાડતાં હતાં, કેટલાંક માછલાં દિલરૂબા વગાડતાં હતાં અને કેટલાંક ખંજરી તથા મંજીરાં વગાડતાં હતાં.

મચ્છીમારે આવું સંગીત કોઈ વાર સાંભળેલું નહિ.

તે તો ખુશીખુશી થઈ ગયો.

થોડીક વારે સંગીત કરનારાં માછલાં ચાલ્યાં ગયાં. પછી કેટલાંએક માછલાં હાથમાં ગુલાબજળની ઝારીઓ લઈને આવ્યાં.

કાચબીએ મચ્છીમારને કહ્યું: "રાજકુમાર! નાવા માટે પધારો. આ મારી દાસીઓ તમને નવરાવશે."

મચ્છીમાર તો સમજ્યો જ નહિ. તે કહેઃ "આ કાચબી રાજકુમાર તે કોને કહેતી હશે?" પણ ત્યાં તો માછલીઓએ પાસે જઇને કહ્યું: "કુમાર! પધારો. ગુલાબજળની સુગંધ ઊડી જાય છે."

મચ્છીમાર તો મૂંગો મૂંગો ઊભો થયો.

માછલીઓએ તેને અત્તર ચંદન ચોળી ગુલાબજળે નવરાવ્યો ને પછી નવાં નવાં કપડાં પહેરાવ્યાં.

માછીમાર તો રોજ દરિયાના ખારા પાણીએ નાતો ને લંગોટી પહેરતો તેથી આજે તો તે રાજીરાજી થઈ ગયો.

પછી તેને પાછો મહેલમાં આણ્યો.

મચ્છીમારને તો એક બાજોઠ ઉપર બેસાર્યો ને કપાળે ચાંદલો કર્યો, ચોખા ચોડ્યા ને બધાં માછલાં તેની ફરતાં ગીત ગાવા બેઠાં.

મચ્છીમાર તો આમતેમ જોતો હતો પણ પેલી કાચબી ક્યાંઈ દેખાતી નહોતી. થોડીક વાર થઈ ત્યાં તો એક રાણી આવી. રાણી બહુ રૂપાળી ને ભલી હતી.

રાણી કહે: "મચ્છીમાર! તેં મને તે દિવસે રસ્તામાં

માર ખાતી બચાવી હતી, તેનું જ આ ફળ છે. હું આ સાગરની સુંદરી છું. આખો સાગર મારો દેશ છે. કાચબા, માછલાં ને કરચલા તો શું પણ મોટા મોટા મગરો પણ મારા નોકરો છે. મારે એક જ બાબતની ખોટ છે; મારે એકે દીકરો નથી. તું મારો દીકરો થઈને રહીશ ?"

મચ્છીમાર તો આભો જ બની ગયો હતો! આ તો કાચબીમાંથી રાણી કેવી રીતે થઈ એનો જ વિચાર કરતો હતો. મચ્છીમારે તો એનો દીકરો થઈને રહેવાની હા પાડી.

પછી મચ્છીમાર મચ્છીમાર મટી ગયો અને સાગર-કુમાર બની ગયો.

ખાધું, પીધું ને રાજ કર્યું.

# તારિકા

ત્રણ હતા ભાઈઓ. એકનું નામ જનુ, બીજાનું નામ મનુ ને ત્રીજાનું નામ વિનુ.

ત્રણે ભાઈઓ બહાદુર ખરા પણ વિનુ તો વિનુ જ!

ત્રણે ભાઈઓ શાણા ખરા પણ વિનુની વાત તો થાય જ નહિ!

ત્રણે ભાઈઓ ડાહ્યા પણ વિનુ તો બસ વિનુ જ!

એક હતી રાજકુંવરી. એનું નામ તારિકા; બળે બહાદુર, ગુણે શાણી ને કોઠે ડાહી.

તારા જેવી રૂપાળી, તારા જેવી સ્થિર અને તારા જેવી તેજસ્વી.

ત્રણે ભાઈઓ કહે: "બસ બસ, પરણવું તો આ એક તારિકાને જ પરણવું."

ત્રણે જણા ચાલ્યા.

જનુ કહે: "કુંવરી, કુંવરી! મને પરણશો?"

મનુ કહે: "કુંવરી, કુંવરી! મને પરણશો?"

વિનુ કહેઃ "કુંવરી, કુંવરી! મને પરણુશો?"

કુંવરી કહેઃ "બાપુ! આવ્યા એ માર્ગે પાછા જાઓ. એમ તે કાંઇ પરણાતાં હશે? આ પૂછવા આવ્યા છે 'કુંવરી, કુંવરી! મને પરણુશો?' એવું તે તમારામાં શું છે તે રાજકુંવરી તમને પરણે?"

ત્રણે ભાઇઓ પાછા ફર્યા. કહેઃ "હવે શું કરવું? કુંવરી શાથી રાજી થાય ને આપણને પરણે? કાંઈક હીર તો બતાવીએ જ."

જનુ કહેઃ "એમાં શું? ચાલને એનો કિલ્લો જ ઉડાવી દઇએ, ને એને ઉપાડીને ઘેર લાવીએ! કુંવરીના શા ભાર છે?"

વિનુ કહેઃ "નાહકના કેદમાં જવું હોય તો એવું કરજો. કિલ્લો ઉડાવવો ને કુંવરીને ઉપાડી લાવવી એ કાંઈ રેઢું નથી પડ્યું. કુલડીમાંથી ગોળ નથી ખાઈ જવો."

મનુ કહેઃ "ચાલને જનુ! કોઈ લડાઈમાં જઇએ ને સામે ઘાએ લડીએ ને બહાદુર બનીએ. કુંવરી શૂર સિપાઇને તો પરણે જ ના?"

વિનુ કહેઃ "ભાઈ! જરા વિચારીને પગલું ભરજો. એ કાકા કે સગાભગા નથી થતા. ત્યાં ને ત્યાં અધવચ રહેશો તો કુંવરી તો પરણતા પરણશો, પણ તમે જાનના તો જશો જ!"

જનુ મનુ કહેઃ "ત્યારે તું જ કહેને શું કરવું? ડાહી ડાહી વાતો કરે છે પણ કાંઈ રસ્તો તો બતાવતો નથી."

વિનુ કહેઃ "ચાલો ત્યારે કોઈ ડોશીમા પાસે જઈએ. એ આપણને સાચો માર્ગ બતાવશે."

ત્રણે જણા ડોશીમા પાસે ચાલ્યા. કહેઃ "ડોશીમા, ડોશીમા! પગે લાગીએ."

ડોશી કહેઃ "આવો બાપુ તમે ક્યાંથી? છો તો સાજાસારા ને? કેમ, શું કામ પડ્યાં છે, બાપા?"

વિનુ કહેઃ "માડી! આ આપણા રાજાની કુંવરી છે ના, એને અમારે ત્રણેને પરણવું છે. અમને એ બહુ ગમે છે. એ કહે છે કે તમારામાં છે શું કે તમને હું પરણું? કંઈક હીર બતાવો."

ડોશી કહેઃ "ઓહો! એમાં શું છે? તમારે કિલ્લો યે તોડવો નહિ ને લડાઈમાં યે જવું નહિ. મહેલમાં જઈને તમે તમારે એનાં રૂપગુણ વિષે કંઈક નવું કહેજો. જોજો, એવું કહેજો કે એને એ ગમી જાય."

ત્રણે ભાઈઓ રાજમહેલે ઊપડ્યા. પરોઢિયું હતું; સવાર પડવા આવી હતી, પણ હજી થોડા થોડા તારાઓ હતા. એક તારો બહુ ચળકતો હતોઃ બરાબર રાજ-મહેલના બુરજ ઉપર; ઊંચે ઊંચે ઝાંખા ભૂરા આકાશમાં.

વિનુએ મનમાં વિચાર્યું: "ખરેખર, આ તારો તો રાજકુંવરી જેવો જ છે. એનું નામ તારિકા. જેવું એનું નામ એવાં જ એનાં રૂપગુણ. જુઓ, કેવો ચળક છે!"

ત્રણે ભાઈઓ કુંવરી પાસે ગયા. કુંવરી કહેઃ "કેમ આવ્યા છો?"

ત્રણે કહે: "આપને અમે પરણવા માગીએ છીએ. આપ અમને પરણશો ?"

કુંવરી કહે: "એ વાત પછી. પણ તમે મારે વિષે શું ધારો છો એ મને કહેશો ? જે મારા વિષે બરાબર ધારતો હશે ને જેને મારૂં મન કબૂલ કરશે એને હું પરણીશ. જોજો, વિચારીને બોલજો. રાજકુંવરીને પરણવા આવ્યા છો; કાંઈ રમત વાત નથી."

જનુ કહે: "કુંવરીજી ! આ આખી દુનિયામાં આપ સૌથી રૂપાળાં છો. ઓહો શું આપનું રૂપ ! શા વખાણ કરૂં ? બસ બસ, બધું આવી ગયું. રૂપનો ભંડાર કહોને !"

કુંવરી કહે: "અરે બાપુ ! આવું આવું તો એક હજાર ને એક જણ કહી ગયા. એમાં કાંઈ નવું યે નથી ને બવું યે નથી. એની એ વાત સાંભળીને હું તો થાકી ગઈ છું. કાંઈક નવીન કહેવાનું હોય તો કહો, નહિ તો આ રહ્યો મારગ."

જનુએ ઘણો વિચાર કર્યો પણ બીજું શું કહે ? બિચારો ભોંઠો પડી ગયો. રસ્તો લઈ ચાલતો થયો.

મનુનો વારો આવ્યો. ઘણા વિચાર કરી રાખ્યા હતા.

કુંવરી કહે: "કહો જોઈએ, તમારે શું કહેવાનું છે ? છે કાંઈ નવું ? એનું એ સંભળાવીને કાન દુખવા ન લાવતા."

મનુ કહે: "કુંવરીજી ! તમારા પ્રેમની શી વાત કહું ? અહો ! એ પ્રેમની કથા કેમ કહી શકાય ? શબ્દથી

તો એ નહિ જણાવાય. શેષનાગની સો જીભે બોલું તો ય કહ્યું જાય નહિ. ”

કુંવરીએ ડોકું ધુણાવ્યું.

ઠંડે પેટે બોલી: “ અરે, આવું તો લાખ વાર સાંભળ્યું છે. પ્રેમની વાતો સાંભળી સાંભળીને થાકી ગઈ છું. આમાં કાંઈ નવું ન કહ્યું. છે કાંઈ નવું કહેવાનું ? નહિ-તર તમે પણ રસ્તે પડો. ”

મનુ શરમાઈ ગયો; રસ્તે પડ્યો. પછી કુંવરીએ વિનુની સામે જોઈને કહ્યું: “ એલા તારે શું કહેવાનું છે ? એની એ જ જૂની વાતો હોય તો બોલીશ જ નહિ. ”

વિનુની આંખ પેલા પ્રકાશિત તારા ઉપર હતી. મનમાં ગંભીર વિચાર હતો: “ કુંવરીને નવું શું લાગશે ? ”

જરા હસીને વિનુ બોલ્યો:

“ ઊંચે ઊંચે ઘરથી ઊંચે;
ઊંચે ઊંચે ઝાડથી ઊંચે;
ઊંચે ઊંચે આકાશે.

“ એજ તારૂં નામ ને એવાં જ તારાં રૂપગુણ. બેઉ જાણે બેનડીઓ; એક અહીંની ને બીજી ત્યાંની. ”

કુંવરીને વિનુની વાતમાં રસ પડ્યો. કંઈક નવીન લાગ્યું. બોલી: “ અલ્યા એ શું ? ”

વિનુ કહે: “ એ તો હવે તમે શોધો. લ્યો, કુંવરી ! પ્રણામ કરૂં છું. કાલે આવીશ ને જવાબ માગીશ. ”

વિનુ હસતો હસતો ગયો; કુંવરીની સામે જોતો ગયો.

કુંવરી કહેઃ " ગયો. ક્યાં ગયો એ કુમાર ?

" ઊંચે ઊંચે ઘરથી ઊંચે,
ઊંચે ઊંચે ઝાડથી ઊંચે;
ઊંચે ઊંચે આકાશે.

" એ તે વળી શું હશે ?

" ખરેખર નવીન જ કહી ગયો. કહી ગયો તો કહી ગયો, પણ જાણે કાંઈક કરતો ગયો ! શું એ તે ડુંગર હશે ? ના ના, હું કાંઈ ડુંગર જેવી જાડી કે કઠણ નથી. શું એ ઊંચે ગાતું બુલબુલ હશે ? ના રે ના, મને ગાતાં જ ક્યાં આવડે છે ? ત્યારે શું એ ચાંદો હશે ? ના રે, એ ચાંદો તે ક્યાંથી હોય ? હું શું કાંઈ ચાંદા પેઠે વધુંઘટું છું ? કોણ જાણે ત્યારે શું યે હશે ! પણ એવું તે શું હશે ? "

કુંવરીને તો ખાવું ય ન ભાવ્યું ને પીવું ય ન ભાવ્યું; રાત્રે ઊંઘે ય ન આવી. ક્યારે સવાર પડે ને ક્યારે વિનુ આવે ને પોતે વાત જાણે, એમ એને થતું હતું.

સવાર પડી. ઝટપટ નાહીધોઈ ને કુંવરી તો વિનુની વાટ જોતી બેઠી. ત્યાં તો હસતો હસતો વિનુ આવ્યો.

વિનુ કહેઃ " કુંવરી ! શોધી કાઢ્યું તમે એ શું છે ? "

કુંવરી કહેઃ " ના રે, મેં તો રાત ને દિવસ એનો જ વિચાર કર્યો પણ કાંઈ જડે ત્યારે ને ? એવું તે વળી શું હશે જે—

" ઊંચે ઊંચે ઘરથી ઊંચે;

ઊંચે ઊંચે ઝાડથી ઊંચે;
ઊંચે ઊંચે આકાશે.

"ને વળી રૂપગુણમાં મારા જેવું ?"

વિનુ કહે: "તમારે જ એ શોધવાનું છે. હું શાનો કહું તમારાં રૂપગુણ તો તમે જ જાણોને ?"

કુંવરી કહે: "તમારૂં નામ તો કહો ?"

વિનુ કહે: "મારૂં નામ વિનુ. વળી પાછો કાલે આવીશ." વિનુ તો ઊઠીને ચાલ્યો ગયો.

કુંવરી એકલી પડી. જરા યે ચેન ન પડે. "અરે, એ તે શું હશે ? વિનુ પણ ભારે ! જરૂર મને પરણવાનો. એવું તો નવું લાવ્યો છે કે ખરેખર નવું જ !"

કુંવરી તો વિચારે ચડી: "આ તો ભારે નવાઈ !

'ઊંચે ઊંચે ઘરથી ઊંચે.'

એ તે શું હશે ? કોણ જાણે, ખબર નથી પડતી. ઘરથી તો ઘણું યે ઊંચું છે પણ મને ક્યાં મળતું આવે છે ?

'ઊંચે ઊંચે ઝાડથી ઊંચે.'

એવું યે છે, પણ મારે ને એને કંઈ તો મેળ ખાવો જોઈ એ ના?

'ઊંચે ઊંચે આકાશે.'

આકાશમાં તો ક્યાં થોડું છે ? પણ બરાબર ઘરથી ઊંચે, ઝાડથી ઊંચે ને આકાશે, એવું ક્યાંથી કાઢવું ? કોણ જાણે. આ તો થાકી જવાય છે."

બીજે દિવસે વિનુ આવ્યો.

ત્રીજે દિવસે પણ આવ્યો.

રોજ રોજ વિનુ આવે ને કુંવરીને પૂછેઃ "કેમ, કુંવરી! શોધી કાઢયું?"

કુંવરી શો જવાબ આપે?

કુંવરી તો થાકી ગઈ. રાજાને કહીને ઢંઢેરો પિટાવ્યોઃ "જે મારું વરત વરતી આપશે એને હું પરણીશ.

"ઊંચે ઊંચે ઘરથી ઊંચે;
ઊંચે ઊંચે ઝાડથી ઊંચે;
ઊંચે ઊંચે આકાશે."

દેશદેશના કુંવરો આવી ચડયા. મનમાં સૌને એમ કે એમાં શું પૂછયું? આડોઅવળો જવાબ આપી દેશું એટલે ચાલ્યું! રાત આખી કુંવરોએ તો નવી નવી શોધ કરી રાખી.

સવાર પડી.

મહેલમાં કુંવરી બેઠી છે. હારબંધ રાજકુમારો ઊભા છે; ભાતભાતના શણગાર તો કર્યા છે, પણ અહીં કામ આવે એમ નથી; અહીં તો જે કોઈ વરત વરતે એને જ કુંવરી મળે એમ છે!

તો યે કાંઈ રહ્યું જાય છે? કોઈ મૂછ મરડે છે, કોઈ ખોંખારો ખાય છે, કોઈ હીરાની વીંટી સામે જુએ છે, કોઈ તલવારે હાથ નાખે છે.

કુંવરી કહેઃ "બોલો જોઈએ, કોણ વરતે છે?"

એક કહેઃ "ઘરથી ઊંચે રાજમહેલ."

કુંવરી કહેઃ "બસ, રાખો."

બીજો કહે: "રાજમહેલ નહિ; મોટો મિનારો."

કુંવરી કહે: "એ પણ નહિ."

ત્રીજો કહે: "ઝાડથી ઊંચો તો તાડ હોય."

કુંવરી કહે: "મોટો ડુંગર ને એની ઉપર એક મોટું આકાશે અડે એવું તાડનું ઝાડ."

કુંવરી હસી પડી ને બીજા પણ હસ્યા.

વિનુ રાજકુમાર બન્યો હતો. કેડે તલવાર લટકાવી હતી, ભેટ બાંધી હતી, માથે નવઘરૂં મૂક્યું હતું, ને પગમાં સોનાનો તોડો હતો.

વિનુ કહે: "ચાલો કુંવરી! તમારૂં વરત વરતું." વિનુ હાથ ઝાલી કુંવરીને અગાસી ઉપર લઈ ગયો.

વિનુ કહે: "જુઓ જોઈએ, પણે ઘરથી ઊંચે ઊંચે, ઝાડથી ઊંચે ઊંચે, પણે આકાશમાં શું દેખાય છે?"

કુંવરી કહે: "અહા! એ તો સુંદર તારો છે. કેટલો સુંદર ચળકે છે! કેવો સ્થિર અને ગંભીર છે?"

વિનુ કહે: "એ જ તમારા ગુણ ને એ જ તમારાં રૂપ. તમારૂં નામે તારિકા ને એનું નામે તારિકા. બે બેનની બેલડી: એક આકાશે ને બીજી મારી સામે."

કુંવરી કહે: "વિનુ! તું કોનો રાજકુમાર?"

વિનુ કહે: "કોનો કેમ, આ રાજકુંવરીનો!"

# દિવ્યપ્રભા

એક હતું વન; ઘોર અને ગંભીર.
એમાં એક મહેલ; ભવ્ય અને સુંદર.
એમાં રહે રાજારાણી.

રાજારાણી સઘળી વાતે સુખી પણ એક વાતનું દુઃખ. એકે ય છોકરૂં નહિ. રાજારાણીને કાંઈ એકલાં ગમે ?

પ્રભુની પ્રાર્થના કરી એટલે ભગવાને એમને એક દીકરી આપી.

બધાં રાજીરાજી થઈ ગયાં. ગામમાં સાકર વહેંચાઈ; રસોડે લાપસીનાં આંધણ મુકાયાં; રાજમંદિરે નોબત ગડગડી. બધે આનંદ થઈ રહ્યો.

રાજારાણીનો હરખ તો ક્યાંઈ માય નહિ.

કુળની રીત એવી હતી કે ઘરમાં દીકરી અવતરે તો કુળદેવીઓ પધારે ને દીકરીનાં નામ પાડે.

રાજાએ તો કુળદેવીઓને બોલાવી. આઠ દેવીઓ આવી હાજર થઈ. રાજાએ તો સૌને માન આપ્યાં, પાન

આપ્યાં, બેસાર્યાં, ઉઠાડ્યાં, જમાડ્યાં, રમાડ્યાં ને બહુ બહુ વાના કર્યાં.

રાણી કહે: "બા! કુંવરીનું નામ પાડો ને આશિષ આપો.

દેવીઓએ ઓળીઝોળી કરી, પીંપળપાન કર્યું ને ફઈબા થઈને નામ પાડ્યું 'દિવ્યપ્રભા.'"

શું સુંદર નામ!

કુંવરી પણ મીઠી ને રૂપાળી. નામ એવા જ ગુણ.

નામ પાડી કુળદેવીઓ આશિષ આપે છે: "બાપા! તારૂં અખંડ હેવાતણ રહેજો."

ત્યાં તો કોઈક વચ્ચે બોલ્યું: "ઊભાં રહો, ઊભાં રહો; હવે મારો વારો છે. મને સાવ ભૂલી જ ગયાં ને? પણ હું કાંઈ એમ ભૂલું? હું યે તમારી કુળદેવી મૂઈ છું. બાપુ! દીકરીનું નામ શું પાડ્યું? દિવ્યપ્રભા? એ તો હું જરા ઓછું સાંભળું છું ખરૂં ને, તેથી મેં પૂછ્યું. હંઅં....ને નામ તો રૂપાળું છે. ઠીક છે, પણ મને ભૂલી ગયાં તે લેતાં જાઓ. હું તો શાપ આપું છું કે દીકરી આખો દહાડો ઊંઘશે."

"હં, હં, હં, માડી! એ શું બોલ્યાં?"

"હા બાપુ! હા. આ ઘરડી ડોશીને કોણ સંભારે? આ બધી કુળદેવીઓને બોલાવી; મારી ઘરડીનો ભાવ કોણ પૂછે? હવે મારા આશીર્વાદ તો એવા જ હોય ને?"

"હશે, માડી! માફ કરો. થયું તે થયું!"

ચારેકોર હાહાકાર થઈ રહ્યો.

"અરરર, દેવના ચક્ર જેવી દીકરી! આટઆટલા આશીર્વાદ ને આખો દિવસ ઊંઘી રહેવાનું? પછી જીવ્યું ય શા કામનું? આ તો ગજબ થયો!"

કુળદેવીઓ ભોંઠી પડી ગઈ. "હવે કરવું શું?"

ત્યાં તો એક કુળદેવી આવી; એને આશીર્વાદ આપવાનું બાકી હતું.

તે કહેઃ "હાય હાય! ડોશીએ તો ભૂંડું કર્યું. કોણ જાણે ક્યાંથી આવી વગર નોતરી? જ્યાં હોય ત્યાં આ આવીને ઊભી! પણ મારો આશીર્વાદ છે તે દિવ્યપ્રભા રાત આખી જાગશે."

સૌના ખોળિયામાં જીવ આવ્યો. કહેઃ "હશે, દિવસે નહિ તો રાતે તો જાગશે! ભલાં, એટલું સુખ તો એટલું સુખ! નહિ મામા કરતાં કહેણો મામો શો ખોટો?"

ત્યાં તો ઘરડી દેવી પાછી ભભકીઃ "હા હા, ઊભાં રહો. હજી તો અરધો આશીર્વાદ આપ્યો છે. એલા વચમાં કાં બોલો? હું કાંઈ તમારી વચમાં આવું છું? મારો ય વારો હોય ને? હું યે કુળદેવી મૂઈ છું."

બધાં કહેઃ "હશે, માડી! ખમૈયા કરો. એક ગુનો તો પ્રભુ યે માફ કરે."

ઘરડી દેવી કહેઃ "તે મારા આગળ એ ન ચાલે. ઘર તારવતાં સારૂં લાગ્યું હતું? બધાને નોતરૂં આપ્યું ને એક હું જ રહી ગઈ?"

રાજારાણીએ બહુ વિનવી પણ ડોશી માની નહિ. તે બોલી: "ભલેને રાત બધી જાગે ? પણ ચાંદા સાથે વધશે ને ચાંદા સાથે ઘટશે."

વળી પાછાં બધાં મૂંઝવણમાં પડી ગયાં. "અરરર ! ચાંદા જેમ વધેઘટે ત્યારે તો દીકરી દુ:ખી જ થઈ જાયને ? કોણ જાણે કયા યે શુકનમાં અવતરી છે."

ત્યાં તો છેલ્લી કુળદેવી જરાક મોડી થઈ હતી તે આવી પહોંચી.

તે કહે: "હા, હા. પણ એ તો અજાણપણે એને ાઈ રાજકુંવર ચૂમશે નહિ ત્યાં સુધી જ કુંવરી દિવસે સૂશે ને રાત્રે જાગશે, ને ચાંદા જેમ વધશે ઘટશે."

રાજારાણી કહે: "પણ એ રાજકુમાર કોણ અને ક્યારે આવશે એ તો કહો ?"

કુળદેવી કહે: "એ તો એની મેળાએ ખબર પડશે. તમે ચિંતા શું કરવા કરો છો ?"

કુળદેવીઓ પાછી ચાલી ગઈ. આશીર્વાદ પ્રમાણે બધું બનવા લાગ્યું.

કુંવરી રાત પડે એટલે જાગે અને સોળ કળાની થઈને રમે. આખો રાજમહેલ કિલકિલાટથી ભરી દે. ખડખડ હસે; ગોઠણભર ચાલે; થેઈ થેઈ થાય; ઇયુ ઇયુ બોલે; સૌને હસાવે ને રમાડે. રાજાને ત્યાં રાતનો જ દિવસ થાય. કુંવરી સાથે સૌ રાતે જાગે ને દિવસે ઊંઘે.

આ તો જાણે ચાલ્યું.

પણ કુંવરી તો ચાંદા સાથે વધે ને ચાંદા સાથે ઘટે. પૂનમે ચાંદો થાળી જેવડો મોટો બધો વધે. તે દિવસે તો કુંવરીનાં રૂપ અથાક થાય. શરીર પણ ભરેલું; રંગ રૂપની ભરતી! તે દિવસે તો જાણે દીવાળી. બધાં ય કુંવરી સાથે રમવા આવે. કુંવરીનાં રૂપ જોઈ જોઈને તો કાંઈનાં કાંઈ થઈ જાય. કુંવરી તો જાણે બત્રીસ પાંખડીએ પોયણું ઊઘડ્યું!

પણ અંધારિયું બેસે; પડવો, બીજ, ત્રીજ, ચોથ, એમ કરતાં કરતાં બારશ, તેરશ ચૌદશ આવે; ત્યાં તો ચાંદો જેમ પાતળી પાતળી પડતી જાય. તેજ ઝાંખાં પડે, દેહ દૂબળો થાય; જાણે જોવી યે ન ગમે! જાણે આ તો કોઈ બીજી. પછી રાતે રમવા ય કોણ આવે? અમાસ આવે ત્યાં થઈ રહ્યું. બધું કાળું કાળું થઈ જાય. કુંવરી દેખાયે નહિ. કોઇને લાગે કે ઘોડિયામાં કંઈ કાળું કાળું પડ્યું છે. જીવતી ખરી પણ અમાસનો દિવસ એટલે જીવતી મૂઆ જેવી. માબાપને થાય કે હવે કુંવરી પાછી જાગશે નહિ.

ત્યાં બીજ આવે. અને આકાશે ચંદ્રલેખા જણાય. તેમ ઘોડિયામાં ઝાંખી ઝાંખી કુંવરી દેખાય. ઘરમાં પાછો આનંદ આનંદ થઈ રહે. કુંવરી આછું મીઠું હસે ને સૌને હસાવે. પછી તો કુંવરી ચાંદા સાથે વધે. બહાર અને ઘરમાં અજવાળું અજવાળું થઈ રહે. ફરી પાછું લોહી આવે ને પૂનમ થાય ત્યાં તો કુંવરી પાછી ઘરનો

બીજો ચાંદો થાય !

આમ ને આમ ચાલ્યું જાય છે. કુંવરી રાતે જાગે છે ને દિવસે સૂએ છે. એમ કરતાં કુંવરી મોટી થઈ. રાજાને વિચાર થયો કે કુંવરીને ક્યાંઈક એકાંતમાં રાખું. મોટી કુંવરીને કોઈ ભાળે એ ઠીક નહિ.

મોટું એવું જંગલ છે; છેડે એક વન છે; વનની વચ્ચે નદી છે; નદીકાંઠે મહેલ છે. એમાં કુંવરીને રાખી.

ચારેકોર ખુલ્લું આકાશ. નજીક ને દૂર ડુંગરા ને ડુંગર, ખીણુ ને કોતર, નદી ને નાળાં પડ્યાં છે. મહેલમાં એક દાસી સાથે કુંવરી રહે છે. કુંવરી હવે મોટી થઈ છે. મહેલમાં બેસી રહેવું કેમ ગમે ? રાત પડે ને જાગે ત્યારે વનમાં ફરવા નીકળે છે. આકાશે ચાંદો ઊગે ત્યારે વનમાં કુંવરી દેખાય. જેવડો ચાંદો એવડી કુંવરી. જાણે પ્રભુએ બે ચાંદા ઘડ્યા; એક ઉપર અને એક નીચે.

કુંવરી રોજ એકલી ફરે છે, વનની મજા લે છે ને દિવસ ગાળે છે.

એક રાજા હતો. બીજા રાજા સાથે એને લડાઈ થઈ. રાજપાટ હારી ગયો. કુંવર એનો નાસી છૂટ્યો. ભમતો ભટકતો વનમાં આવી ચડ્યો. ભૂલો પડેલો તે રસ્તો જડે નહિ. બિચારો ક્યાં જાય ? ઝાડ સાથે ઘોડો બાંધીને ઝાડ ઉપર ચડી રાતવાસો કર્યો. અજવાળી તેરશ હતી; પૂર્વના આકાશમાં પોણો ચાંદો ઊગ્યો હતો. ઝાડનાં ડાળપાનમાંથી ચાંદાનું તેજ છાયા સાથે રમતું હતું. ક્યાં-

ઈક અંધારૂં, ક્યાંઇક અજવાળું; ક્યાંઈક અંધારી ચાદર, ક્યાંઇક અજવાળાની; ક્યાંઈક કાળા ધોળા પટ્ટાની જાજમ, ક્યાંઈક કાળાં ધોળાં છાપાંની ગાર.

રાજકુંવર ઝાડે બેઠો છે. દૂર દૂર વનઘટામાં ધોળું એવું કંઈક દેખાયું કેમ જાણે તેરસનો ચાંદો ઝળક ઝળક કરતું ચાલ્યું જતું હતું. વન આખાને હસાવતું હતું; નાચતું હતું ને કૂદતું હતું; આમ જતું હતું ને તેમ જતું હતું.

રાજકુંવર કહે: "આ શું? આ તે કોઈ વનદેવી કે ચંદ્રલોકની પરી, કે હશે શું? આ માણસ તો આવું દીઠું નથી. વખતે ચંદ્રકન્યા હોય તો!"

નાચતાં ને ગાતાં, કૂદતાં ને રમતાં કુંવરી કુંવર પાસે આવી. કુંવરને થયું: "અરે, આ તે શું કોઈ મનુષ્યકન્યા છે? દેવકન્યાથી યે સુંદર દીસે છે. સ્વર્ગની કો અપ્સરા લાગે છે!"

કુંવરીને કુંવરની ખબર ન હતી. એ તો ગાતી જાય ને રમતી જાય. ચાંદનીની જ જાણે બનાવેલી ન હોય? ધોળી અને સ્વચ્છ સાડી હવામાં ઊડતી હતી. ગાનથી વન આખું ડોલી રહ્યું હતું, ને એના મીઠા હાસ્યથી ચાંદનીના તેજમાં વધારો થઈ રહ્યો હતો. કુંવરી આમતેમ નાચતી નાચતી પેલા કુંવર પાસે બે ત્રણ વાર આવી ને પાછી ગઈ. ચોથી વાર આવ્યાની કુંવર રાહ જુએ છે, ત્યાં તો ઉજાગરાથી થાકેલો કુંવર ઊંઘમાં પડ્યો અને સવાર પડતાં તો કુંવરી અલોપ થઈ ગઈ.

મધ્યાહ્ન તપ્યા ત્યારે કુંવર જાગ્યો. કુંવરીનો વિચાર કરતો આમતેમ ભટકવા લાગ્યો. આખો દિવસ ભટકી ભટકીને થાક્યો. છેવટે જે જગ્યાએ રાત્રે કુંવરીને જોઈ હતી તે જગ્યાએ બેઠો.

મધરાત થઈ ત્યાં કુંવરી નીકળી. કુંવરને પહેલાં થયું: “ અરે, આ બીજો ચાંદો ક્યાંથી ઊગ્યો ? ” પણ ત્યાં તો કુંવરીને યાદ આવ્યું કે એ તો પેલી મનુષ્યકન્યા છે. કુંવરી નાચાતી નાચતી વનમાં ફરવા લાગી. વન બધું પ્રકાશ અને સૂરથી ભરી દીધું. કુંવરી આઘી જાય ને પાછી જાય; કુંવર એને નીરખ્યા કરે, એકી ટસે જોયા જ કરે. પણ ત્યાં તો આકાશમાં વાદળાં થયાં, અંધારૂં થયું, મેઘ ગાજ્યો અને વીજળી ઝબકી. કુંવરે બીકમાં આંખ બંધ કરી દીધી; કુંવરી ગર્જનાથી પડી ગઈ. કુંવર આંખ ઉઘાડી જુએ ત્યાં તો કુંવરી નીચે પડેલી. કુંવર તેને ઊભી કરવા દોડે છે પણ કુંવરી જાતે જ ઊભી થાય છે, અને પાસે આવેલા કુંવરને પૂછે છે: “ અહીં કેમ આવ્યા છો ? ”

કુંવર કહે: “ મેં ધાર્યું કે તમને ઈજા થઈ હશે. ”

કુંવરી કહે: “ ના ના; એવું કશું નથી થયું. તમે તમારે ચાલ્યા જાઓ. ”

રાજકુમાર દિલગીર થઈ પાછો ફર્યો.

કુંવરી કહે: “ પાછા આવો. ”

કુંવર પાછો આવ્યો.

કુંવરી કહે: "કુમાર! તમે મને ગમો છો. તમે ખાનદાન લાગો છો."

કુંવરે કહ્યું: "જોઈએ તેટલો નહિ."

કુંવરી કહે: "પાછા જાઓ, અને વધારે સારા થઈને આવો."

કુંવર વધારે દિલગીર થઈ પાછો ચાલ્યો.

કુંવરી કહે: "કુમાર! પાછા વળો."

કુંવર પાછો વળ્યો.

કુંવરી કહે: "કોઈ રાજકુમાર લાગો છો."

કુંવર કહે: "કેમ જાણ્યું?"

કુંવરી કહે: "કારણ કે તમને હું જેમ કહું છું. તેમ તમે કરો છો."

કુંવરી રાજકુમાર સામે જોઈ રહી.

કુંવરી કહે: "એક વાત પૂછું? તમે મને કહેશો સૂરજ કેવો હશે?"

કુંવર કહે: "કેમ? એ તો સૌ જાણે છે."

કુંવરી કહે: "પણ હું સૌથી જુદી જાતની છું. સૂરજ કેવો હોય એની મને ખબર નથી."

કુંવર કહે: "પણ તમે જ્યારે સવારે ઊઠો છો ત્યારે એને જોતાં નથી?"

કુંવરી કહે: "એ જ વાત છે ને? સવારમાં હું કદી ઊઠી શકતી જ નથી."

ત્યાં તો સવાર પડવા આવી અને કુંવરી ચાલી ગઈ-

આવી રીતે કુંવરી રોજ આવે, નાચે કૂદે ને ચાલી જાય. એમ કરતાં અંધારી ચૌદશ આવી. દિવ્યપ્રભાના શરીર ઉપર પણ પૂર્ણ અંધારી ચૌદશ આવી.

છેક પાછલે પહોર ચંદ્ર દેખાયો અને દિવ્યપ્રભા વનમાં દેખાઈ. આજ તો સાવ બીજના ચંદ્ર જેવી પાતળી ને ઝાંખી હતી. કુંવરે એને જોઈ. પાસે ગયો ને રોજ પ્રમાણે વાતચીત થઈ.

બીજો દિવસ થયો; અમાસ આવી. આકાશે ચંદ્ર નહિ, ચંદ્રનું તેજ નહિ; વનમાં યે દિવ્યપ્રભાનાં તેજ નહિ. બિચારી ચીમળાઈને સાવ કરમાઈ ગઈ. નાની સરખી જાણે ઢીંગલી ન હોય! મોઢું ય કોણ જાણે કેવું થઈ ગયું. બધું શરીર કાળું કાળું; માત્ર બે આંખો ઊંડી ઊંડી તગતગે. એવી તો ય દિવ્યપ્રભા! અંધારામાં ફરવા લાગી. અંધારું એને દેખે ને અંધારાને એ દેખે.

કુંવરને ખબર નહિ કે કુંવરી આજે નજરે પડશે નહિ. એ તો ઝાડ નીચે રાહ જોતો બેઠો. વિચાર કર્યો: "લાવને તાપણું સળગાવું તે કુંવરી નીકળે તો દેખાય તો ખરી!"

કુંવરી ફરતી ફરતી ઝાડ પાસે આવી. પણ એ તો ઢીંગલી જેવડી. કુંવરને પગે અથડાઈ; એને લાગ્યું ને પડી ગઈ.

કુંવર કહે: "આ પગે શું અથડાયું હશે?"

જુએ તો કંઈક નાનું નાનું, સુંવાળું, સુંવાળું,

હળવું હળવું. હાથમાં ઉપાડીને જોયું પણ એ દિવ્યપ્રભા છે એમ કંઈ થોડી જ ખબર પડે? પણ કંઇક જીવતું લાગ્યું. કુંવર તો વિચારમાં પડ્યો: "લાવને ક્યાંઇક લઈ જઈને મૂકી આવું!"

કુંવર તો ઉપાડીને ચાલ્યો. ઝીણી તગતગતી આંખો ઉપર નજર પડી. એમાં તેજ હતું, ભાવ હતો. ધારી ધારીને આંખ સામે જોઈ રહ્યા. જોતો જાય છે ને વિચાર કરતો જાય છે.

સવાર પડવા આવી છે. ઊગમણી દિશાએ ઉષા ઊઘડી છે. સૂરજનાં કિરણો આવું આવું થઈ રહ્યાં છે. જાણે હમણાં વાદળાંના ડુંગર પાછળથી સૂરજની કોર દેખાશે ને બધે દિવ્યપ્રકાશ થઈ રહેશે.

દિવ્યપ્રભાને લઈ કુંવર ચાલ્યો જાય છે. જોતાં જોતાં આંખો એક થાય છે. કુંવરના મનમાં શું યે થાય છે; હૈયે ઊભરો આવે છે ને કુંવર એકાએક કુંવરીની આંખે ચૂમી લે છે.

અરે! ત્યાં તો આકાશે સૂર્ય દેખાયો અને પેલી નાની ઢીંગલીમાંથી દિવ્યપ્રભા સોળ વરસની સુંદરી થઇને ઊભી રહી! કુંવર હબકી ગયો; કુંવરીને પગે પડ્યો. કુંવરીએ પ્રેમપૂર્વક તેને ઊભો કર્યો.

કુંવરી કહે: "કુમાર ઢીંગલી જાણીને તમે મને ચુંબન આપવાની દયા કરી, પણ હવે હું જુવાન કુંવરી થઇને તમને ચૂમું છું."

કુંવરને એક મીઠી બચી લઈ કુંવરીએ પૂર્વ તરફ મોઢું ફેરવ્યું ને કુંવરને પૂછ્યું: " કુમાર ! એ જ પેલો સૂર્ય કે ? "

કુંવર કહેઃ " હા એ જ સૂર્ય, રાજકુમારી ! "

# પંડિત રાજા

એક હતો રાજા. મોટો પંડિત. કેટલાં ય પુસ્તકો ભણેલો; કેટલાં ય પોથાં ઉથલાવેલાં કેટલાં ય વરતો જાણે! ઘણો મોટો પંડિત હતો. એવડો મોટો કે એની સાથે કોઈ વાત ન કરી શકે. એવડો મોટો કોઈ એનું બોલ્યું ય ન સમજે. એવડો મોટો કે કોઈથી જવાબ જ ન અપાય!

રાજા પાસે નવ પંડિતો હતાઃ એકએકથી ચડિયાતા, એકએકથી ભણેલા ને એકએકથી ગણેલા. એ પણ નર્યા પંડિત જ! રાજા પાસે બેસે, પંડિતાઈ ડાળે ને પંડિતાઈ હાંકે. પણ રાજા સૌથી મોટો પંડિત.

રાજાને એક દીકરી હતી. રૂપ રૂપનો ભંડાર ને ગુણ ગુણની ખાણ. સોળ વરસની કુંવરી. વરવા જેવડી થયેલી.

રાજાએ વિચાર કર્યોઃ "કોને કુંવરી પરણાવું? ધન તો મારે છે; રાજ ને પાટ પણ છે, જે જોઈએ તે

છે. મારે તો પંડિત જોઈએ પંડિતોથી ય મોટો; મારાથી ય મોટો. એવો મોટો પંડિત કે હું પણ જવાબ ન આપી શકું. મને પણ માત કરે!"

રાજાએ ઢંઢેરો પિટાવ્યો: "કુંવરી વરવા જેવડાં થયાં છે. ધનવાન નહિ, અમીર નહિ. ઉમરાવ નહિ. એક પંડિત હોય તે આવે બ્રાહ્મણ હોય, કુંભાર હોય, ઘાંચી હોય, મોચી હોય ગમે તે પણ પંડિત હોય તે આવે. અમારી વાત વરતે ને અમને હરાવે એને કુંવરી આપું. ન વરતે તો માથું વાઢી તોરણ કરૂં."

રાજાની કુંવરી ને રૂપનો અવતાર. એને વરવાનું મન કોને ન થાય? સાથે અરધું રાજ ને અરધું પાટ પણ મળવાનું.

પણ કોની હામ ચાલે કે રાજાને હરાવવા જાય? કોણ એવો ભણેલો હોય કે રાજાની તોલે આવે? કોણ એવો પંડિત હોય કે રાજાને પાછો પાડે?

તો યે પંડિતો કાંઇ ઢાંક્યા રહે છે? પુસ્તક લીધાં, પોથી લીધી, પાઘડી મૂકી, લાકડી લીધી ને ચાલી નીકળ્યા.

પણ કાંઈ રમત વાત હતી? નવ પંડિત ને દસમો રાજા! એકને સાંભળો ને બીજાને ભૂલો. એકએકથી બીજો જાણ ન સમજાય; એકએકથી અઘરૂં બોલે ને એમાં રાજા સૌનો શિરોમણિ!

શહેરે શહેરે ને ગામડે ગામડે ઢોલો વાગ્યા ને ઢંઢેરો પિટાયો. કોના ભાર કે ઢોલને અડે ને કહેણ

સ્વીકારે ? કાંઈ રમત વાત નહોતી. હારે તો નાળિયેર જેવડું માથું આપવું પડે તેમ હતું ! પાંચ દસ માથાં તો તોરણે બંધાયાં હતાં !

ગામડું હતું. કણબી હતો. કણબીને એક છોકરો હતો; બટકબોલો ને હિંમતવાળો. ભણતર ગણતરમાં તો મીંડું, પણ હૈયું કાંઇ ઊકલે ! ઘરડો ડોસો મૂંઝાય પણ છોકરો ન મૂંઝાય. ફાવે તે કોયડો નાખોને, છોકરો એ ઊકેલે ! ગમે તે વાત કરોને, છોકરાને એ સમજાઈ જાય !

ઢોલ ટિપાયો ને છોકરાએ સંદેશો સાંભળ્યો. મનમાં કહેઃ "અરે, એમાં શું છે ? એવા પંડિત તે કેવા હતા કે બોલ્યું એનું ન સમજાય ? ને એવા સવાલ તે કેવા કે જવાબ જ ન દેખાય ? ને એ વળી ઇતિહાસ કે ભૂગોળનું ભણ્યા હશે, તો ચાલને બે પાંચ દિવસ આપણે પણ ભણી લઇએ. ગામનો માસ્તર કયાં ગયો છે ?"

છોકરો તો માસ્તર પસે ગયો ને બોલ્યોઃ "માસ્તર સાહેબ ! મારે ભણવું છે. બધું ય ભણવું છે. ઊંચેનું ને નીચેનું; અગમનું ને નિગમનું; બધાં શાસ્ત્રો માત્રનું. આઠ દિવસમાં ભણાવી દેવાનું, હો ? જે કહેશો તે આપીશ."

માસ્તર કહેઃ "અલ્યા, ગાંડો થા મા ગાંડો. ભણીને વળી શું કરવું તું ? ને તું વળી કયે દિવસે ભણતો'તો !"

તો ય છોકરે ભણવા માંડયું. કક્કો શીખ્યો, બારખડી શીખ્યો ને કાકા મામા ગાય ભેંશ ગધેડું એમ વાંચતાં પણ શીખ્યો. ત્યાં તો માથું પાકી ગયું. છોકરો કહે

"ઓહો ! આ ભણતાં તો જીવ જાય. ઘેર ગયું ભણવું. ચાલોને આપણે રાજદરબારમાં તો જઈએ ! જોઇશું તો ખરા કે એ પંડિત કેવા છે ? કંઇક તો આપણને આવડતું હશે ને ? બધું ય એના બાપ ક્યાંથી ભણ્યા હશે ? "

માબાપને કહીને છોકરો તો ચાલ્યો. ચાલતાં ચાલતાં વિચાર કરતો ચાલ્યો જતો હતો, ત્યાં તો એક નીચું ઝાડ આવ્યું ને ડાળ માથા સાથે ભટકાઈ, તડિમ કરતું લાગ્યું. છોકરો કહેઃ "આ તો ડાળં તડંમં થયું ! ઠીક છે, આપણે આ સવાલ પૂછશું; 'ડાળં તડંમં.'"

છોકરો આગળ ચાલ્યો ત્યાં ખેતરમાં એક ગાય બરાડતી હતી. છોકરો કહેઃ "આ ગાય બરાડે છે. કહો આપણે કે 'ગાયં બરંડં.' ઠીક એ સવાલ તો થયાઃ

'ડાળં તડંમં,<br>
ગાયં બરંડં.'

છોકરો તો બે સવાલ ગોખતો ગોખતો ચાલ્યો. રસ્તામાં એક નદી આવી. ભાઇએ તો લૂગડાં કાઢ્યાં ને ગાંસડી માથે મૂકી ચાલ્યો નદી પાર. જરાક તાણ હતું તે ભાઇ તણાયા. કહેઃ "માર્યા આ તો !" પણ ત્યાં તો નદીમાં એક બાવળિયો હતો તે ભટકાયો ને ભાઈ અટકી રહ્યા. ભાઈને નાકમાં એક કાંટો લાગ્યો હતો તે મહા મહેનતે કાઢયો.

પછી ભાઇએ જોડી કાઢયુંઃ "નાકં કંટં."

ભાઇ તો કાંઠે આવ્યા, લૂગડાં પહેર્યાં અને પછી

"ડાળં તડંમં
ગાય બરંડં
નાકં કંટં."

એમ ગોખતા ગોખતા આગળ ચાલ્યા.

ચાલતા ચાલતા રાજદરબારમાં આવ્યા. દરવાજે સિપાઈ ઊભો હતો. છોકરો કહેઃ "રાજાજીને ખબર આપો કે પંડિતજી આવેલા છે."

સિપાઈ કહેઃ "ઓત્તારીની! નહિ દીઠો હોય મોટો પંડિત!"

છોકરો કહેઃ "જા રાજાને કહે કે કુંવરીને પરણવા આવ્યો છું."

સિપાઈ કહેઃ "બાપુ! જાને? નાહકનો મરવા શું કામ આવ્યો છે? આ માથાં ટીંગાય છે એ નથી જોતો?"

"હા. માથું ઉતરાવવા જ આવ્યો છું."

સિપાઇ અંદર ગયો ને રાજાને વરદી આપી.

નવ પંડિતો ને રાજાજી બેઠા હતા. બધા જમીન ખોતરતા હતા; મોઢાં ફિક્કાં હતાં, શરીર દૂબળાં હતાં, ભમ્મર ચડેલી હતી. કંઇ મોટા વિચારમાં ડૂબેલા હતા, કંઇ પંડિતાઈમાં પડેલા હતા.

છોકરો અંદર આવ્યો; સૌએ ઊંચું જોયું. રાજાએ પૂછ્યુંઃ "કેમ જુવાન! કેમ આવ્યો છે?"

"કુંવરીને પરણવા."

રાજાએ પંડિતોને કહ્યુંઃ "પૂછો એ છોકરાને પ્રશ્ન.

પહેલો તમારો વારો; પછી મારો વારો. ”

પહેલો પંડિત ઊઠયો અને કાંઈક બોલ્યો. લાંબુંલાંબું, કેટલાય હાથ લાંબું! મોટા મોટા શબ્દોવાળું, ગોળા જેવું ગોળ ગોળ! કેટલું કેટલું બોલ્યો. મોઢું હલાવતો ગયો, આંખ ચડાવતો ગયો, કપાળે કરચલી પાડતો ગયો, મોઢું મરડતો ગયો, કેટલા ય ચાળા કરતો ગયો. કોણ જાણે એ ય સમજ્યો હોય તો! છોકરો કશું ય ન સમજ્યો; એક પૈસાભાર પણ ન સમજ્યો; પણ ડોકું ધુણાવે રાખ્યું!

બીજો પંડિત ઊઠયો. હાથ હલાવ્યા, પગ પછાડયા, છાતી કાઢી. પાંચ પાંચ હાથ લાંબા અક્ષરો ને દસ દસ હાથ લાંબા શબ્દો ને ગાઉ ગાઉનાં લાંબાં વાક્યો ફિલમ જેમ બોલી ગયો.

પંડિતો ને રાજા ધ્યાન થઈને સાંભળતા હતા.

છોકરો કાંઈ પણ સમજ્યો નહિ, તો ય ડોકું ધુણાવતો ગયો ને ‘ હા, હા. ’ કરતો ગયો.

પછી ત્રીજો, પછી ચોથો ને છેલ્લે નવમો પંડિત બોલ્યો, ગંભીરતાથી બોલ્યો, વિચાર કરતાં કરતાં બોલ્યો, ઊંડે ઊંડેથી બોલ્યો.

છેવટે રાજા પણ બોલ્યો. પંડિતો પણ ન સમજે એવું: પોતે પણ ન સમજે એવું! છતાં છટાથી બોલ્યો, રૂઆબથી બોલ્યો, પરસેવો લૂછતો લૂછતો બોલ્યો; વચ્ચે વચ્ચે પાણી પીતો પીતો બોલ્યો, લાંબા શ્વાસ લેતો લેતો બોલ્યો, ભરપૂરતાથી બોલ્યો, મોટા ધોધ જેમ

બોલ્યો. પંડિતો ઊંઘી ગયા હતા ને છોકરો પણ ઊંઘી જાત; પણ ત્યાં તો રાજા નીચે બેઠા ને ભાષણો પૂરાં થયાં. છોકરો કાંઈ સમજ્યો નહિ.

છોકરો કહે: "આપણે ય ન સમજ્યા ને એ પણ હવે નહિ સમજે. ચાલો ઝુકાવીએ. હિંમતે મરદા તો મદદે ખુદા. કાં તો અરધું રાજપાટ અને કુંવરી મળે છે, ને કાં તો દસમા ભેગું અગિયારમું માથું ચડે છે!"

છોકરો કહે: "છટ્! માલ વિનાનાં ભાષણો. નાહકની તકલીફ પડી! બસ, મારા તો ત્રણ જ સવાલ છે: માત્ર ત્રણ જ; ટૂંકા ને ટચ. જવાબ આપો, નહિ તો કુંવરી આપો. સાંભળો:

"ડાળં તડંમં,
ગાયં બરંડં;
નાકં કંટં."

એટલે શું?"

પંડિતો સાંભળીને ચકિત થઈ ગયા! સડપ થઈ ગયા! રાજા પણ સ્તબ્ધ થઈ ગયો. વિચાર કરવા લાગ્યો. સૌ સંભારવા લાગ્યા. પોથીઓ કાઢી, ચશ્માં ચડાવ્યાં ને

"ડાળં તડંમં,
ગાયં બરંડં;
નાકં કંટં."

નો અર્થ શોધવા લાગ્યા. ડોકાં ધુણાવ્યાં, મોં બગાડ્યાં, ટીચકાં ચડાવ્યાં, ઊંચાનીચા થયા, જરા ડોક લંબાવી, માથું

ખંજવાળ્યું, લમણે હાથ દીધો, ઘણો વિચાર કર્યો પણ

'ડાળં તડંમં,
ગાયં બરંડં;
નાકં કંટં.'

નો અર્થ જડે નહિ. દાઢીએ હાથ ઘસ્યા, અંગૂઠો હલાવ્યો, વાંસો ખંજવાળ્યો, ડિલ મરડ્યું, કાનમાં કલમ ભરાવી, પણ કાંઈ આવડ્યું નહિ!

ખુદ રાજાને પણ આવડ્યું નહિ. રાજા કહે: "કાં પંડિતજી! શો જવાબ છે?"

પંડિતો મૂંગા રહ્યા.

છોકરાને પૂછ્યું: "છોકરા! કહે જોઈએ, શું છે એના જવાબમાં?"

છોકરે એક પછી એક ત્રણેના ઉત્તરો આપ્યા. રાજા ખુશી થઈ ગયો. પંડિતો હર્ષ પામ્યા.

રાજાએ છોકરાને કુંવરી પરણાવી, અરધું રાજપાટ આપ્યું ને બડો પંડિત બનાવ્યો!

# અંગારમણિ

એક હતી છોકરી. એનું નામ મણિ. મણિ બહુ ડાહી. મણિ બહુ ભલી. મણિ કામેકાજે બધી રીતે હોશિયાર. મણિ સૌને વહાલી; પણ માને તો પ્રાણથી યે પ્યારી.

મા મરી ગઈ; બાપ બીજી પરણ્યો. નવી મા બહુ જ ભૂંડી. એને બે દીકરી હતીઃ કાળીકાળી મેશ જેવી; જોતાં ય ઊલટી આવે એવી.

ઘરનું બધું કામ નવી મા મણિ પાસે કરાવે. વાસીદું, તો મણિ વાળે; કળશાપાણી, તો મણિ કરે; વાળવું ચોળવું, તો મણિને માથે; રાંધવું ચીંધવું, તો મણિ કરશે; એઠવાડ પાણી, તો મણિને જ માથે હોય ના? દળવું, ખાંડવું ને ભરડવું, તો કે' મણિને સારૂં આવડે છે. નાનું મોટું બધું કામ મણિને જ કરવાનું.

મા તો બેઠી બેઠી હુકમ કરે ને પેલી બે બેનો તો રૂપાળી હીંડોળે બેસે ને દિવસ આખો હીંચકે. કોક

તણખલું ય તોડીને એ ન કરે !

મણિ તો કામનો ઢસરડો કર્યા જ કરે. એક ઉંકા-રોય ન કરે. બિચારી રાત પડે ત્યારે થાકીને લોથ થઈ જાય; ડિલ બધું કળે.

રાત્રે બિચારી ચૂલા પાસે જઈને દેવતાના અંગારા કાઢે ને કેડ તથા વાંસો શેકે.

બધાંએ એનું નામ અંગારમણિ પાડ્યું.

ગામના રાજાને એક કુંવર હતો. એનો જન્મદિવસ આવ્યો. રાજાના ઘરનું નોતરૂં આવ્યું કે રમવા, જમવા ને રાસડા લેવા આવજો.

અંગારમણિ વાળતી વાળતી આવીને કહેઃ " અંદર મારૂં નામ લખ્યું છે ? "

નવી માની મોટી દીકરી કહેઃ " તું રાજાને ત્યાં કેવી ? ભૂંડી વરવી ! માથામાં તો રાખ ભરી છે ને ડિલે તો મેલનો પાર નથી. બાપુ ! ત્યાં તારૂં કામ નહિ. "

નાની દીકરી કહેઃ " બાપુ ! ચૂલા પાસે જઈને બેઠાં બેઠાં તાપો. રાસડા ..ા બહુ આવડે છે, ખરૂં ના એક પગ આમ પડશે ને એક પગ આમ પડશે. ઘરમાં બેઠાં સારાં. વાસીદું કરો ને મજા કરો."

અંગારમણિ તો બિચારી રોતી રોતી રસોડામાં ચાલી ગઈ. એને જરા ઓછું આવ્યું, પણ કોને જઈને કહે ? મા જણેતા કાંઈ થોડી જ હતી ?

ઘરમાં તો દોડ દોડ થઈ રહી. રાજાને ત્યાં રાસમાં

જવાનું પેલી બે બેનોને; ને અંગારમણિના ભોગ.

"અલી અંગાર ! ઝટઝટ માથું ગૂંથને ?"

"અંગાર ! જરા આ સાંકળી પહેરાવને ? આમ શું કરે છે ?"

"અંગાર ! ક્યાં મરી ગઈ ? પેલો સાબુ તો લાવ ? જરા હાથમોઢું ધોઈ લઉં."

"અંગાર ! મ ી વીંટી ને રૂમાલ તો લાવ ?"

હુકમનો કાંઈ પાર છે ? અંગાર આ લાવ ને અંગાર તે લાવ. અંગાર બિચારી ચાકરડી ને બેનો જાણે મોટી રાજકુંવરી !

રૂપાળાં ઠાઠ ઠઠારો કરીને ચાલ્યાં. રાજાની ગાડી આવી એટલે તો પહોળાં પહોળાં થઈને બેઠાં. મોઢાં તો ક્યાંઇ મેળ ન લે !

અંગારમણિ તો જોઈ રહી.

"અંગાર ! ઘર બધું વાળી ચોળી રાખજે ને હાથ-પગ ધોવા ઊનું પાણી રાખી મૂકજે."

"જોજે, પથારીઓ કર્યા વિના રહી તો !"

ગાડી ઊપડી ગઈ.

અંગાર રસોડામાં જઈને બેઠી; અંગારા કાઢી તાપવા લાગી. આંખમાંથી બે ચાર આંસુ ટપક્યાં. પણ ત્યાં કોણ એનું જાઈ હતું તે લૂછે ને પડખામાં લઈને કહેઃ "હશે બાપુ ! શે મા; ન તેડી ગયા તે શું થયું ?"

પણ ત્યાં તો કોઈક બોલ્યુંઃ "અંગાર ! બાપુ શું

કામ રૂવે છે ?"

અંગાર કહેઃ "અરે, આ કોણ બોલે છે ?"

ત્યાં તો ફરી કોઈ બોલ્યું: "અંગાર! બાપુ રડે છે શું કામ ?"

અંગાર તો હેબતાઈ ગઈ. આમ જુએ, તેમ જુએ પણ કોઈ દેખાય નહિ.

પણ ત્યાં તો કોઈક રસોડામાં આવ્યું. કાળો સાડલો પહેરેલો, કાળી ચોળી પહેરેલી ને પોતાની મા જેવું કોઈક લાગતું હતું.

અંગાર કહેઃ "મા! તમે કોણ છો ?"

બાઈ કહેઃ "હું તારી કુળદેવી છું. તારી બાને અને મારે બેનપણાં હતાં. બેટા! કહે જોઈએ, તું રડે છે શું કામ ?"

અંગાર કહેઃ "માડી! બધાં ય રાજાને ત્યાં ગયાં પણ મને કોઈ ન લઈ ગયું. મને કહે કે તું તો ત્યાં ભૂંડી લાગે; તારૂં કામ વાળવા ચોળવાનું. રાજમહેલના રાસ તે કાંઈ તારા સુધી હોય ?"

કુળદેવી કહેઃ "હશે બેટા! તારે હવે શું જોઈએ છીએ તે કહેને ?"

અંગાર કહેઃ "મારે પણ રાજમહેલમાં જવું છે, ને સૌની સાથે રાસ લેવા છે."

કુળદેવી કહેઃ "એમ ?"

અંગાર કહેઃ "હા માડી."

કુળદેવી કહેઃ "ઠીક ત્યારે, થઈ જા તૈયાર."

અંગાર કહેઃ "માડી! મારી પાસે નથી કાંઈ પહેરવા કે નથી કાંઈ ઓઢવા. ને રાજમહેલ કાંઈ પાસે પડ્યો છે તે ચાલીને જાઉં?"

કુળદેવી કહેઃ "ઓહો, એમાં તે શી મોટી વાત છે! જો, હું કહું એમ ઝટઝટ કરવા માંડ."

અંગાર કહેઃ "હા, માજી."

કુળદેવી કહેઃ "જા, બાગમાં જઈને મોટામાં મોટું સાકરકોળું લઈ આવ."

અંગારે તો મોટું એવું સાકરકોળું આણ્યું.

કુળદેવી કહેઃ "જો, હવે ઘરમાં ઉંદરિયામાં બે ઉંદર પકડાયા છે તે લઈ આવ."

અંગાર બે ઉંદર પણ લઈ આવી.

કુળદેવી કહેઃ "જો, હવે પેલા પાંજરામાં પૂરી છે તે બે ચકલી લઈ આવ."

અંગાર તો બે ચકલી પણ લઈ આવી.

કુળદેવી કહેઃ "જો, હવે ઘરમાં ઘો સૂતી છે તેને પૂંછડીએ ઝાલીને પકડી આણ."

અંગારે તો ઘો પકડી આણી.

અંગાર કહેઃ "માજી! હવે બધું તૈયાર છે. આ મોટું બધું સાકરકોળું, આ બે ઉંદર, આ મોટી જબરી ઘો ને આ બે ચકલીઓ."

કુળદેવીએ અંજલિ ભરી મંત્ર ભણી પાણી છાંટ્યું

ત્યાં તો સાકરકોળાની એક ગાડી થઈ ગઈ. સાવ સોનાની ને પૈડાં રૂપાનાં. ઉંદરના બે ઘોડા થઈ ગયા. ઘોનો કોચ-મેન થઈ ગયો ને ચકલીઓની ચાકરડીઓ બની ગઈ.

અંગારમણિ તો ખુશખુશ થઈ ગઈ ને હરખમાં ને હરખમાં કૂદવા લાગી.

વળી અંગારમણિ કહે: " માડી ! મારાં લૂગડાં સામે તો જુઓ ? આવા ગાભા પહેરીને મારાથી કાંઈ રાજાને ત્યાં જવાશે ? "

ત્યાં તો માજીએ પાણી છાંટયું એટલે ઘાઘરી રેશમની થઈ ગઈ, પોલકું મખમલનું બની ગયું ને ચૂંદડી જરીની બની ગઈ.

કુળદેવી કહે: " અંગાર ! જા હવે. આ ગાડીમાં બેસીને રાજમહેલે જા. તને કોઈ નહિ રોકે. પણ જોજે હો, રાતના બાર વાગે તે પહેલાં ત્યાંથી નીકળી જજે. મોડું થશે તો થઈ રહ્યું. આ ગાડીનું કોળું થઈ જશે, ઘોડાના પાછા ઉંદરડા થઈ જશે. કોચમેનની ઘો થશે ને ચાકરડીઓ પાછી ચકલી બની જશે. બધું ચાલ્યું જશે ને તું ય પાછી હતી તેવી ચીંથરેહાલ થઈ જઈશ. માટે ધ્યાનમાં રાખજે."

અંગાર કહે: " ઠીક. "

અંગાર પગ સામે જુએ ત્યાં પગમાં ઝાંઝર નહિ.

અંગાર કહે: " પણ માડી મારા પગમાં ઝાંઝર નથી. ઝાંઝર વિના તે કંઈ શોભે ? રાસમાં ઝાંઝર તો જોઈએ જ ના ? "

માડી કહે: " લે આ મારાં જ ઝાંઝર પહેરતી જા. બરાબર થઈ રહે છે, ખરું ?"

અંગાર સોનાની ગાડીમાં બેઠી. જાડા કોચમેને ચાબુક લગાવ્યો ને ઘોડા ઊપડ્યા. પાછળ ચાકરડીઓ ઊભી રહી.

અંગારમણિ રાજકુંવરી જેવી શોભતી હતી.

ઘરર ઘરર કરતી ગાડી રાજમહેલે પહોંચી.

મેડીએ રાસડા લેવાતા હતા. ઠીક ઠીક જામી હતી. કુંવરીઓ રાસડા લેતી હતી ને કુંવર ગાદીતકિયે બેઠો બેઠો જોતો હતો.

ત્યાં તો અંગાર આવી. બધાં થંભી ગયાં. રાજકુંવર પણ જોઈ રહ્યો. આશ્ચર્ય પામી વિચારવા લાગ્યો: " આ નવી અજાણી રાજકુંવરી કોણ હશે ? કોણ જાણે, કોઈ મોટા એવા રાજાની કુંવરી લાગે છે !"

પેલી બે બેનો કહે: " આ તો કોઈ મોટી દેખાય છે. જો તો એનાં કપડાં ને ઘરેણાં ? આ ? કેટલી બધી રૂપાળી લાગે છે !"

એમને ખબર ન પડી કે એ તો અંગારમણિ છે.

રાસડા ખૂબ ચાલ્યા. બધાની તાળી પડે એ ઠીક પણ અંગારની તાળી પડે એ તો ઓહો ! બધાંનાં ઝાંઝર ઝણકે એ ઠીક, પણ અંગારનું ઝાંઝર કાંઈ બીજી જ જાતનું ! બધાંનાં રૂપ ઝળકે, પણ અંગારનું રૂપ ઝળકે એ તો જાણે ઇંદ્રના ઘરનું !

રાસ તો ચાલ્યા: એક કુંવર ને એક કુંવરી. પેલી

બે બેનો રાજકુંવરની જોડી થવા જાય, પણ રાજકુંવર તો એમની સામે ય ન જુએ ! એણે તો અંગારને જ જોડીમાં રાખી. બેઉ કાંઈ મોળાં નહિ. જેવો કુંવર તાલ આપે એવો જ અંગાર ઝીલે. બેઉ સાનમાં સમજે એવાં.

કુંવરને થયું કે લાવને કુંવરીનું નામ તો પૂછું ? પણ ત્યાં તો દરવાજે બારના ટકોરા વાગવા માંડ્યાઃ ટન્ ટન્ ટન્ઃ એક....બે....ત્રણ...

અંગાર તો હબકી ! માડીનું વચન સાંભર્યું ને ઝડપ કરતી કુંવર પાસેથી સળીને ધબ ધબ દાદરો ઊતરતી ને દોડી. કુંવર તો જોઈ જ રહ્યો. પછી પાછળ દોડ્યો.

દોડતાં દોડતાં અંગારનું એક ઝાંઝર નીચે પડી ગયું. અંગાર ઘણી દોડી પણ દરવાજા પાસે પહોંચે ત્યાં તો બારના ટકોરા પૂરા, ને પોતે હતી એવી થઈ રહી. ચીંથરિયો વેશ ને ભૂખરિયા કેશ !

દરવાજા પાસે જઈને જુએ તો ઘોડાગાડીને બદલે કોળું પડેલું ! ઘોડાના ઉંદર થઈને ભાગી ગયેલા. કોચમેનની ઘો થઈને ભીંત પાસે લપાઈ ગયેલી ને ચાકરડીઓ ચકલી થઈને ઊડી ગયેલી.

અંગાર તો નિરાશ થઈ ગઈ. કહેઃ " હવે ઝટપટ ઘેર પહોંચો નહિ તો બીજી વાર બાર વાગશે ! "

અંગારે ઘેર જઈ બધાની પથારી કરી નાખી; ને પછી અંગારા પાસે બેઠી.

ત્યાં તો સાદ પડયોઃ " અંગાર ! બારણું ઉઘાડ. "

"આ લે, અમારાં ઘરેણાં પેટીમાં મૂકી દે."

"લે, અમને પાણી તો પીવા દે?"

"અંગાર! પથારી પાથરી છે કે નહિ? અમને ઊંઘ આવે છે."

અંગાર કહે: "બેન! ત્યાં રાસડા કેવા થયા હતા?"

"અરે, એમાં તું શું સમજે?"

"કેવીક રૂપાળી છોકરીઓ આવી હતી?"

"રૂપાળી તો ઠીક; પણ અમારાથી વધારે રૂપાળું બીજું કોણ હોય? એક હતી કોઈક નવતર રાજકુંવરી. કોણ જાણે એ અમારાથી જરાક વધારે રૂપાળી હોય તો. પણ રાજકુંવર તો બસ એને જ દેખે; એની સાથે જ જોડી કરે. અમને તો કેમ જાણે ઓળખતા યે ન હોય!"

અંગાર કહે: "હેં બેન! રાજમહેલમાં રાસ લેવાનું મારા કપાળમાં લખ્યું હશે કે નહિ?"

"તારા કપાળમાં તો મોટો ભમરો છે!"

"બાનાં કાંઈ રૂપ છે! લ્યો જાઓ, છાનાંમાનાં સૂઈ જાઓ; સપનામાં રાજમહેલ જોજો!" નાની બોલી.

અંગારમણિ શા માટે કાંઈ બોલે? એ તો મનમાં ને મનમાં હસે.

પણે રાજકુંવરને એક ઝાંઝર હાથ આવ્યું. તે કહે: "બસ, પરણું તો એક આ ઝાંઝરવાળીને જ પરણું."

એણે તો બારોટ બોલાવ્યો, એને ઝાંઝર આપ્યું ને કહ્યું: "જેને પગે આ ઝાંઝર બંધબેસતું આવે ને જેને

પગે આ ઝાંઝરની જોડ જડે એને અહીં લઈ આવો. એક એને જ વરીશ. બીજી બધી મારે માબેન."

બારોટ તો ઝાંઝર લઈ ચાલી નીકળ્યો.

ફરતો ફરતો અંગારને ઘેર આવ્યો.

બે બેનો દોડી. મનમાં એમ કે જો ઝાંઝર બેસતું આવે તો રાજાની રાણી થવાય.

મોટી કહેઃ "લે! આઘી તો રહે? એવી તે ઉતાવળ શી છે? મને જરા પગમાં નાખી તો જોવા દે!"

નાની કહેઃ "એમ કાંઈ રાણી નહિ થઈ જવાય. અમને તો જોવા દે? ત્યાં મોટા હાથી જેવા પગમાં ઝાંઝર બહુ આવશે તો!"

મોટીએ ઝાંઝર ચડાવ્યું ત્યાં તો સાવ ટૂંકું પડ્યું. નાની બેનને આપીને કહેઃ "લે નાની! મારે તો કાંઈ નથી પહેરવું. તું પહેર."

નાની બેનઃ "કાં, ઝાંઝર બરાબર થઈ ગયું? અમે નહોતાં કહેતાં? એ તો હવે મને જ થશે."

નાની બેને ઝાંઝર ચડાવી જોયું પણ ત્યાં તો એને બહુ મોટું પડ્યું.

નાની કહેઃ "બારોટજી! અમને તો આ ઝાંઝર નથી થતું. જાઓ, કયાંઇક બીજે તપાસ કરો."

ત્યાં તો અંગાર આવી.

"જોઉં કેવું ઝાંઝર છે? મને થાય કે નહિ?"

મોટી બેન કહેઃ "હવે થયાં થયાં! બહુ મોટી

નશીબદાર દીકરી છે તે !

નાની કહેઃ "તને થાય તો તો મોટી રાણી થઈ જાને ! પણ તારે નશીબે તો ભમરો છે. તું રાણી ક્યાંથી ?"

અંગારે ઝાંઝર ચડાવ્યું ત્યાં તો ચપોચપ થઈ ગયું.

"હેં ! અંગારને થઈ ગયું ?" બંને બોલી ઊઠી.

મોટી કહેઃ "ના રે ના, જરાક ટૂંકું પડે છે."

બારોટ કહેઃ "રાખો બાપુ, આ અંગાર જ સાચી રાજકુંવરી છે."

ત્યાં તો અંગારે બીજું ઝાંઝર કાઢ્યું ને મીંઢ્યું તો બંને સરખાં થઈ રહ્યાં.

રાજકુંવર અને અંગારમણિનાં પછી તો લગ્ન થયા. બંને બેનો ખૂબ કરાજી થઈ પણ શું કરે ?

પણ અંગાર તો બહુ ભલી. જીવતાં સુધી એમને પોતાની સગી બેનો પેઠે સાથે જ રાખી ને સાચવી.

પછી અંગારે ને કુંવરે ખાધું પીધું ને રાજ કર્યું.

૨૫|૩|૭૫
૨૨૯-૯૧

[ સમાપ્ત ]